**આજનો સુવિચાર**

જે વ્યક્તિ પોતાની ભૂલો માટે પોતાની સાથે, લડે છે તેને કોઈ હરાવી શકતું નથી!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૪૦ જૂનાગઢ તા.૨૭-૦૫-૨૦૨૪ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 140, Junagadh : Date : 27 May, 2024, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# અમને સરકાર કે તંત્ર ઉપર બિલકુલ ભરોસો નથી : હાઈકોર્ટ

## ''દુર્ઘટનામાં થયેલા મૃત્યુ હત્યાથી કમ નથી : ૨૮ થી વધુ લોકોનો ભોગ લેનાર દુર્ઘટના ગંભીર અને માનવ સર્જીત છે''







અમદાવાદ/ રાજકોટ તા. ૨૭

રાજકોટનાં ટીઆરપી ગેમઝોન દુર્ઘટનાએ સમગ્ર રાજયને હચમચાવી નાખ્યું છે. ગઈકાલે જ નામદાર હાઈકોર્ટે સુઓમોટો સંજ્ઞાન લઈને કાર્યવાહી શરૂ કરી હતી. આજે આ દુર્ઘટના મામલે સુનાવણી શરૂ થતાં જ હાઈકોર્ટે સરકારને એક પછી એક સણસણતા સવાલો પુછયા હતા. હાઈકોર્ટે એવી કડક ટીપ્પણી કરી હતી કે, અમને હવે તંત્ર કે સરકાર ઉપર બિલકુલ ભરોસો નથી. આગ દુર્ઘટનામાં થયેલા મૃત્યુ હત્યાથી કમ નથી, ઘટના સ્થળની સફાઈ કરવામાં અને ફરીયાદ કરવામાં આટલી ઉતાવળ કેમ થઈ રહી છે, સંકેત એવો હતો કે તેનાથી પુરાવાનો નાશ થઈ શકે છે.

રાજકોટના ગેમ ઝોનમાં સર્જાયેલા અગ્નિકાંડની ઘટનાને બેદરકારીની સૌથી મોટી ઘટના ગણીને હાઈકોર્ટે રવિવારની રજામાં સુઓમોટો અરજી દાખલ કરી હતી જેની આજે તાત્કાલિક સુનાવણી શરૂ થઈ ગઈ છે. સ્થળ પર પુરાવાનો નાશ કરવા તાત્કાલીક જેસીબીથી કાટમાળ હટાવાઈ રહ્યાની દલીલ પણ કરવામાં આવી છે.

૨૮થી વધુ લોકોના જીવ લેનાર ગેમ ઝોનની આગ દુર્ઘટનાને હાઈકોર્ટે ગંભીર અને માનવસર્જીત ગણાવી છે. આ સુઓમોટો પર આજે સવારથી હિયરીંગ શરૂ થતા તુરંતમાં કોઈ મોટો આદેશ થાય તેવા સંકેત છે. હાઈકોર્ટે નોંધ્યુ છે કે અમને હવે સરકાર અને તંત્ર પર ભરોસો નથી. આંખ આડા કાન થયા છે. કોઈ મંજૂરી નહીં લેવાયાનું રાજકોટ કોર્પો.ના વકીલે કબુલ્યુ છે ત્યારે તંત્ર ઉંઘતુ રહ્યું છે. રાજકોટ, અમદાવાદ સહિતના કોર્પો. પાસે ફાયર સેફટીની વિગતો પણ માંગી છે. આ ગેમ ઝોનના ઘટના સ્થળે ગઈકાલથી જેસીબી સહિતના સાધનોની મદદથી કાટમાળ હટાવાઈ રહ્યો છે. તો તેમાં બાંધકામ અને સલામતીને લગતા પુરાવાનો નાશ થઈ જવાની ભીતી પણ વ્યકત કરવું છે. આ કામગીરી સાથે પુરાવાનો નાશ નહીં થઈ જાયને તેવો સવાલ ઉઠાવાયો છે. તંત્રને આટલી ઉતાવળ કેમ ? હજુ લાપતા લોકો કયાં છે? ફરિયાદ નોંધાવવામાં કેમ ઉતાવળ કરાઈ ? તેવા મુદ્દા દલીલોમાં ધ્યાન પર આવ્યા છે. આ લોકોના મૃત્યુએ હત્યાથી કમ નથી. નિયમોનું પાલન કરવામાં સરકારી વિભાગો નિષ્ફળ નિવડયા છે. આ ગેમ ઝોન કેટલા સમયથી ધમધમતુ હતું ? સહિતના સવાલો કરવામાં આવ્યા છે તેવા સવાલો હાઈકોર્ટે કર્યા હતા.

### ગૃહમંત્રી હર્ષ સંઘવીની ડીજીપી વિકાસ સહાય સહિતનાં ટોચના અધિકારી સાથે બપોરે ૧ કલાકે બેઠક

# સરકાર એકશન મોડમાં - અત્યંત મહત્વનો નિર્ણય જાહેર કરી શકે છે : સચિવાલયમાં ધમધમાટ

ગાંધીનગર તા. ૨૭

૨૮ માનવ જીંદગીનો ભોગ લેનાર રાજકોટ ટીઆરપી ગેમઝોન અગ્નીકાંડને પગલે સરકાર એકશનમોડમાં આવી ગઈ છે. આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ આજે બપોરે ૧ કલાકે ગૃહમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં રાજયનાં ટોચનાં અધિકારીઓની બેઠક મળી રહી છે. આ બેઠક બાદ સરકાર અત્યંત મહત્વનો નિર્ણય જાહેર કરી શકે છે. સચિવાલયમાં ભારે ધમધમાટ ચાલુ છે. ડીજીપી વિકાસ સહાય બેઠકમાં ભાગ લેવા માટે સચિવાલય પહોંચી ગયા છે. એવા સંકેતો મળી રહયા છે. અગ્નીકાંડ મુદે ૭ અધિકારીઓને સસ્પેન્ડ કર્યા બાદ પણ સરકાર અટકવાનાં મુડમાં નથી આજે કોઈ મહત્વનો નિર્ણય જાહેર કરી શકે છે આ નિર્ણય કેવા પ્રકારનો હશે અને કેટલો અસરકરતા હશે તે અંગે અધિકૃત નિવેદનની રાહ જોવાઈ રહી છે.

# રાજય સરકારે ૭ અધિકારીઓને સસ્પેન્ડ કર્યા

રાજકોટ તા. ૨૭

રાજકોટ અગ્નીકાંડ મામલે જેની સીધી બેદરકારી બહાર આવી છે તેવા ૭ અધિકારીઓને સરકારે તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરી દીધા છે. રાજય સરકારે ૭ અધિકારીઓને સસ્પેન્ડ કરી દેતા ખળભળાટ મચી ગયો છે.

લાયસન્સ સહિતની કાર્યવાહી સાથે જે તે સમયે જોડાયેલા બે પોલીસ ઈન્સ્પેકટર, દુર્ઘટનાનો વોર્ડ નં.૧૦ જેમના તાબામાં આવતો હતો તેવા મનપાના એટીપી સહિતના બે અધિકારી અને એમ્યુઝમેન્ટ પાર્કની મંજૂરી આપવા સહિતની જવાબદારી જેનામાં આવે છે તે માર્ગ-મકાન વિભાગના બે ના.કા.ઈજનેરોને સરકારની સૂચનાથી વિભાગના વડાઓએ ફરજ મોકુફ કર્યા છે. પીઆઈ એન.આઈ.રાઠોડ ગાંધીગ્રામ-૨ (યુનિ.), પીઆઈ વી.આર.પટેલ, રીડર શાખા રાજકોટ, મનપા આસી. ટાઉન પ્લાનર ગૌતમ જોશી, મનપા આસી. એન્જીનીયર જયદીપ ચૌધરી (વોર્ડ-૧૦), ના.કા.ઈજનેર માર્ગ-મકાન વિભાગ એમ.આર.સુમા, ના.કા. ઈજનેર માર્ગ-મકાન વિભાગ પારસ એમ.કોઠીયા, કાલાવાડ રોડ ફાયર સ્ટેશનનાં ફાયર ઓફીસર રોહત વિગોરાનો સમાવેશ થાય છે.

# સરકારને પ્રજાનો સવાલ : તપાસનાં નાટકો નહી, સજા કરવાની ગેરેંટી આપવાની હિંમત બતાવો

રાજકોટ તા. ૨૭

રાજકોટની કરૂણ ઘટનાએ વધુ એક વખત રાજય સરકારની સિસ્ટમ, મહાપાલિકા, પોલીસ, કલેકટર, વીજ તંત્ર સહિતના વિભાગોની ઘોર બેદરકારી અને નિયમના પાલનમાં ઉપેક્ષાને ખુલ્લી પાડી દીધી છે. ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં આવી અર્ધો ડઝન જેટલી ઘટના બની છે. પરંતુ આવા બનાવોનું પુનરાવર્તન ન થાય તેવી કોઈ ગેરંટી સરકારની તપાસ કે પોલીસની કાર્યવાહી આપી શકી નથી ત્યારે આવા પરિવારજનોની 'હાય'થી પણ કર્તાહર્તાઓએ ડરવાનો વખત આવી ગયો છે.

# સાંગણવા ગામનાં વિરેન્દ્રસિંહનાં એકજ પરીવારનાં ૭ સભ્યોનો ભોગ લેવાયો

રાજકોટ તા. ૨૭

રાજકોટ અગ્નિકાંડમાં દુર્ઘટનામાં સાંગણવા ગામના વિરેન્દ્રસિંહના એક જ પરિવારના ૭ સભ્યો ભોગ બન્યા છે જેમાંથી પાંચ સભ્યો હાલ લાપતા છે અને બે હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

રાજકોટના ટીઆરપી ગેમિંગ ઝોનમાં ગઈકાલે લાગેલી આગમાં ૯ બાળકો સહિત ૩૩ લોકો આગમાં આગ લાગી ત્યારે વિરેન્દ્રસિંહ સલામત સ્થળે હતા પણ પરિવારને બચાવવા જતાં તેઓ આગકાંડનો ભોગ બન્યા હતા. હોમાયા છે અને હજુ મૃત્યુઆંક વધવાની સંભાવના છે. રાજકોટમાં ભયાનક બેદરકારીના આ દાવાનળમાં અનેક પરિવારો હોમાયા છે, બરબાદ બની ગયા છે.

આ ગેમિંગ ઝોન દુર્ઘટનામાં સાંગણવાના વિરેન્દ્રસિંહનો પરિવાર પણ વિખેરાયો છે. સાંગણવા ગામના વિરેન્દ્રસિંહ તેમના પત્ની, પુત્ર અને સાઢુ ભાઈના બાળકો સાથે ગેમિંગ ઝોનમાં ગયા હતા, આ પરિવારનો માળો વિખેરાય ગયો છે.

# ભાજપનાં નેતાઓની સાંઠગાંઠથી ગેમઝોન ચાલતુ હતું : ફાયર એનઓસી માટે હપ્તા ઉઘરાવવામાં આવે છે : શકિતસિંહ

રાજકોટ તા. ૨૭

રાજકોટ અગ્નીકાંડ મામલે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શકિતસિંહ ગોહિલે એવો સનસનીખેજ આક્ષેપ કર્યો છે કે, ભાજપનાં નેતાઓની સાંઠગાઠથી ગેમઝોન ચાલતુ હતું. ભાજપનાં નેતાઓ અવારનવાર ગેમઝોનની મેલાકાત લેતા હતા. ફાયર એનઓસી માટે હપ્તા ઉઘરાવવામાં આવે છે. હપ્તો આપો તો જ BU પરમીશન મળે છે. ગેમઝોનનાં માલિકોનાં ભાજપનાં નેતાઓ સાથે સંબંધો છે. રાજકોટની ઘટના બની તેના માટે તંત્રની ઘોર બેદરકારી છે, શા માટે મોટા અધિકારીઓ સામે પગલા લેવામાં આવતા નથી. સરકારે મનપાનાં નાના અધિકારીઓને સસ્પેન્ડ કર્યા છે. ઉચ્ચ અધિકારીઓનાં નામ એફઆઈઆરમાં દાખલ કરવા જોઈએ. તેવા સણસણતા સવાલો અને આક્ષેપો શકિતસિંહ ગોહિલે મીડીયા સમક્ષ કર્યા છે.

# જૂનાગઢ મનપાએ ૪ ગેમઝોન સીલ કર્યા પરંતુ ફાયર એનઓસીમાં લાલિયાવાડી છે તેનું શું ?

જૂનાગઢ તા. ૨૭

રાજકોટની ઘટનાને પગલે જૂનાગઢ કોર્પોરેશન દ્વારા તાત્કાલીક કાર્યવાહી કરીને ચાર ગેમઝોન સીલ કરી દીધા છે પરંતુ અહીં સવાલ એ છે કે, અધિકારીઓની મીઠી નજર હેઠળ જ આ ગેમઝોન ચાલતા હતા તો તેના માટે જવાબદાર અધિકારી સામે કેમ કાર્યવાહી કરવામાં આવી રહી નથી ? શા માટે તંત્ર ઢાંક પીછોડા કરી રહયું છે. જૂનાગઢ શહેરમાં જેટલી પણ બહુમાળી બિલ્ડીંગ છે તેને આપવામાં આવેલી ફાયર એનઓસીની તત્કાલ તપાસ કરવી જોઈએ વળી જૂનાગઢમાં તો નકલી ફાયર એનઓસી અપાયા છે. આધારભૂત સુત્રોનાં જણાવ્યા મુજબ જૂનાગઢની મોટાભાગની બહુમાળી ઈમારતો પાસે કાયદેસરનાં ધારાધોરણ મુજબની ફાયર એનઓસી નથી. ફાયર એનઓસી મામલે બેફામ ભ્રષ્ટાચાર કરવામાં આવે છે. ફાયર સીસ્ટમને બદલે માત્ર ફાયર એકસટીંગવીશ મુકીને ફાયર એનઓસી આપી દેવામાં આવી છે જે ફાયર સીસ્ટમ છે તે પણ કામ કરતી નથી કે તેનું ઓડીટ થતું નથી. ફાયર એનઓસી અપાય છે તેમાં કોઈ ધારાધોરણનું પાલન થતું નથી. જો આગ ફાટી નીકળે તો રાજકોટ જેવી ઘટનાનું પુનરાવર્તન અહીં પણ થઈ શકે છે તેવી શકયતા નકારી શકાય નહી. જૂનાગઢ મનપા દ્વારા બાંધકામની જે મંજુરીઓ અપાય છે અને જે ફાયર એનઓસી ઈસ્યુ થાય છે તેમાં ભયાનક ભ્રષ્ટાચાર અને લાલિયાવાડી ચાલે છે. નિયમ મુજબ માર્જીન મુકવું જોઈએ તેના બાદલે ઈમારતોમાં માર્જીનની વાત તો એકબાજુ રહી રોડ પર દબાણ કરીને બિલ્ડીંગ બનાવવામાં આવે છે. જૂનાગઢનાં તમામ વોર્ડમાં આજ સ્થિતિ છે. જો તપાસ કરવામાં આવે તો ભ્રષ્ટાચારનાં મસમોટા પોટલા ખુલશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી. જૂનાગઢ મનપા દ્વારા અપાયેલ એનઓસી અને બોગસ એનઓસીની જો વીજીલન્સ તપાસ થાય તો સમગ્ર રાજયમાં હચમચાવતું કૌભાંડ બહાર આવે તેવું જાણકારો માની રહયા છે.

**જૂનાગઢમાં વેચવાનું છે**

(૧) ડો. જસાણીનું દવાખાનું (પોસ્ટ ઓફીસ રોડ, આઝાદ ચોક) વેચવાનું છે
(૨) ગાંધીગ્રામ (કોન્વેન્ટ સ્કુલની સામે) ૫૦૦ વારનો બંગલો વેચવાનો છે. સાથે ૧૦ દુકાન ભાડે અથવા વેચવાની છે. (બેંકોવાળા માટે ખાસ)
(૩) એસેન્ટ કાર ૩૮૦૦૦ કી.મી. વેચવાની છે.
(૪) લોખંડનાં ઘોડા નવા મોડેલનાં વેચવાના છે. (નંગ-૨૮)
(૫) જીમ માટેના સાધનની કીટ વેચવાની છે.

દુકાન, મકાન - જમીન લે-વેચ માટે મળો

મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::

સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)

આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી


સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨

જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983

શંખ મસાલા

ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



# મેંદરડા તાલુકાના અંબાળા ગામની સીમમાં ગેરકાયદેસર મંડળી રચી હુમલો : સામસામી ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૭

જૂનાગઢ જીલ્લાના મેંદરડા તાલુકાના અંબાળા ગામની સીમમાં ગેરકાયદેસર મંડળી રચી અને હુમલો કરવામાં આવ્યો હોવાનો બનાવ બનવા પામેલ છે. આ બનાવમાં સામસામી પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર મેંદરડા તાલુકાના અંબાળા ગામની સીમમાં બનેલા બનાવમાં પોલીસે આપેલી વિગત અનુસાર માલણકા ગામના મગળુભાઈ સાર્દુલભાઈ જેબલીયા (ઉ.વ.૩૩)એ દયાબેન ભનુગર મેઘનાથી, વિનોદગર મેઘનાથી, સોનલબેન ભનુગર મેઘનાથી, સંજયભાઈ મેઘનાથી, વિજયભાઈ મેઘનાથી રહે.તમામ અંબાળા વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદી પોતાની જમીનમાં પાણીનો રી બોર કરતા હોય તે દરમ્યાન આ કામના આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા પ્રાણઘાતક હથિયાર લોખંડનો પાઈપ તથા લાકડીઓ ધારણ કરી આવી ફરિયાદી તથા સાહેદોને ભુંડીગાળો આપી લોખંડના પાઈપ તથા લાકડી વડે આડેધડ માર મારી ઈજા કરી ફરિયાદી તથા સાહેદને મોઢા ઉપર ચટણી ઉડાળી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરિયાદીની વિવાદીત જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી આરોપીઓએ જીલ્લા મેજી.ના જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. જયારે આ બનાવના અનુસંધાને અંબાળા ગામના દયાબેન ભનુગીરી મેઘનાથી(ઉ.વ.પર) રહે.અંબાળા વાળાએ મંગળુભાઈ સાર્દુલભાઈ જેબલીયા, રાજન સાંગાણી, જગુભાઈ રામાણી, ભુપતભાઈ દરબાર, રણજીત રહે. તમામ માલણકા વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદી તથા આરોપી નં-૧ની વિવાદીત જમીનમાં ધ્રીલ ચાલતું હોય જે ધ્રીલ બંધ કરાવવા માટે ફરિયાદી તથા આ કામના સાહેદો જતા આ કામના આરોપીઓએ ભુંડી ગાળો બોલી ગેરકાયદેસર મંડળી રચી પોતાનો સમાન ઈરદો પાર પાડવા પ્રાણઘાતક હથિયાર લોખંડનો પાઈપ તથા લાકડી ધારણ કરી આવી ફરિયાદી તથા સાહેદોને આડેધડ માર મારી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી તથા ધ્રીલ ચાલકે ફરિયાદીની વિવાદીત જમીનમાં દાર કરવા ગેરકાયદેસર પ્રવેશ કરી દાર કરી આરોપીઓએ જીલ્લા મેજી.ના જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ નોંધાવતા પોલીસે બંને પક્ષોની સામસામી ફરિયાદ નોંધી અને કાર્યવાહી કરી છે. આ બનાવની વધુ તપાસ મેંદરડાના પીએસઆઈ એસ.એન. સોનારા ચલાવી રહ્યા છે.

# કેશોદ મોબાઈલ એશોશીએશન દ્વારા શ્રેષ્ઠ વિધાર્થીઓનું સન્માન કરાયું

(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૨૭



કેશોદ મોબાઈલ વેપારી એસોસિયેશન માત્ર ધંધા રોજગાર મેળવવા માટેનું સંગઠન બની રહેવાને બદલે કેશોદ શહેરમાં સામાજિક ધાર્મિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં અસ્તિત્વમાં આવ્યું ત્યારથી સાથ સહકાર આપી અલગ ઓળખ બનાવી છે. તાજેતરમાં શૈક્ષણિક બોર્ડની પરીક્ષાનાં પરિણામો જાહેર થતાં જ શહેરમાં શ્રેષ્ઠ વિધાર્થીઓનું સન્માન કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. કેશોદ મોબાઈલ વેપારી એસોસિયેશન દ્વારા યોજાયેલા શ્રેષ્ઠ વિધાર્થી સન્માન કાર્યક્રમમાં ઉપસ્થિત કેશોદ નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ગોંડલીયા. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ડાહ્યાલાલ વેકરીયા. કોકો બેન્કના વાઈસ ચેરમેન વિજયસિંહ રાયજાદા. સહિત મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. કેશોદ શહેરમાં ધોરણ દશમાં શ્રેષ્ઠતા મેળવી સમગ્ર શહેરનું ગૌરવ વધારનાર વિધાર્થીઓ પ્રથમ ધ્યેય જયદીપભાઈ ઝાઝમેરીયા ૯૯.૯૪ પીઆર દ્રિતીય મહેક શિંગાળા ૯૯.૯૩ પીઆર તૃતીય વૃંદ પટોડીયા ૯૯.૮૯ પીઆર અને નીવા દેકીવાડીયા ૯૯.૮૯ પીઆર મેળવેલ જેઓનું મંચસ્થ મહાનુભાવો સાથે કેશોદ મોબાઈલ વેપારી એસોસિયેશન દ્વારા શિલ્ડ અને પ્રોત્સાહિત ઈનામો આપી સન્માન તાળીઓના ગડગડાટ વચ્ચે કરવામાં આવ્યું હતું. કેશોદના ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક બોર્ડની ધોરણ બારની સામાન્ય પ્રવાહની પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરનાર પ્રથમ ક્રમે ચાદેગરા રિધ્ધિ ભાવેશભાઈ ૯૯.૯૫ પીઆર,કારીયા નેહા જયેશભાઈ દ્રિતીય ક્રમે ૯૯.૯૫ પીઆર, કોટડીયા આકૃતિ અનીલભાઈ તૃતીય ૯૯.૫૧ પીઆર મેળવેલ જેઓનું શિલ્ડ અને પ્રોત્સાહિત ઈનામો આપી ઉજજવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી અને ધોરણ બારનાં વિજ્ઞાન પ્રવાહમાં સફળતા પ્રાપ્ત કરનાર પ્રથમ કટારીયા મુસ્કાન મહેબુબ ભાઈ ૯૯.૨૦ પીઆર, દ્રિતીય હર્ષવર્ધન સુનીલભાઈ ચૌહાણ ૯૮.૦૮ પીઆર તૃતીય ચાદેગરા પાર્થ નિલેશભાઈ ૯૭.૬૭ પીઆર મેળવેલ જેઓનું શિલ્ડ અને પ્રોત્સાહિત ઈનામો આપી સન્માન કરવામાં આવ્યું હતું. કેશોદ મોબાઈલ વેપારી એસોસિયેશન પરિવારના બાળકો કે જેમણે શૈક્ષણિક ક્ષેત્રમાં પ્રગતિ મેળવી હતી જેમાં પુરોહિત ભૈરવી કલ્પેશભાઈ, પ્રિતીબેન ભાવિનભાઈ મોકરીયા, સાંચી મુકેશભાઈ મેઘવાણી,ભાવિક ગીરીશભાઈ વધવાનું પણ મિડિયા કર્મીઓનાં હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. કેશોદ મોબાઈલ વેપારી એસોસિયેશન દ્વારા આયોજિત વિધાર્થી સન્માન સમારોહમાં કેશોદ શહેરના મોબાઈલ ફોનનાં વ્યવસાય સાથે સંકળાયેલા તમામ વેપારીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી વિધાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતાં.સમગ્ર કાર્યકમનું સંચાલન ડૉક્ટર ભૂપેન્દ્રભાઈ જોશીએ કર્યું હતું અને કાર્યકમને સફળ બનાવવા કેશોદ મોબાઈલ વેપારી એસોસિયેશનનાં પ્રમુખ રાજુભાઈ બોદર, ભાવિનભાઈ ફળદુ, રાહીલભાઈ બખાઈ, જલ્પેશભાઈ ઘડૂક સહિત હોદેદારોએ જહેમત ઉઠાવી હતી.

# જૂનાગઢમાં દુકાનમાં ઘૂસીને ચટણી ઉડાડી, સરપંચે વેપારીને પાઈપથી માર્યો : પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૭

જૂનાગઢના કૈલાશ નગર દુબળી પ્લોટ વિસ્તારમાં રહેતા અને દાતાર રોડ ઉપર આવેલ શ્યામ ચેમ્બર ખાતે કલરની દુકાન ધરાવતા વેપારી વરૂણભાઈ કિશોરભાઈ ચાવડા (ઉ.વ.૩૯) શનિવારે સવારે દુકાનમાં કામ કરતા જયેશભાઈ સાથે દુકાન ઉપર હતા ત્યારે વિજાપુર ગામના સરપંચ પરેશભાઈ મોરવાડિયાએ નવનીત ચાવડા નામના શખ્સ સાથે દુકાનમાં ઘુસી આવી તું કેમ સોશિયલ મીડિયામાં અમારા મેસેજ વાયરલ કરે છે તેમ કહેતા વેપારીએ મારે તમારી સાથે કોઈ લેવાદેવા નથી તેમ કહેતા બંને જણાએ ગાળો કાઢવાનું શરૂ કરી પરેશભાઈએ આંખોમાં ચટણી ઉડાડી દેતા વરૂણભાઈને આંખોમાં બળતરા થતાં તેમની ચીસ સાંભળીને દુકાનમાં કામ કરતા જયેશભાઈ આવતા તેને તું દુકાન બારો નીકળી જા નહીંતર તારો પણ વારો છે તેમ કહેતા તેઓ બહાર નીકળતા હતા ત્યારે તેમની પાછળ બંને શખ્સ પણ દુકાન બહાર નીકળી ફરી દુકાનમાં આવી પરેશ મોરવાડિયાએ લોખંડના પાઈપ વડે ફટકારી અને નવનીતે છરીથી હુમલો કરી વેપારીને ગંભીર પ્રકારની ઈજા પહોંચાડી તેના ખિસ્સામાંથી વેપારના રૂા.૨૦૦૦ની લૂંટ ચલાવી ધમકી આપીને નાસી ગયા હતા. આ હુમલાથી ઈજાગ્રસ્ત થયેલા વરૂણ ચાવડાને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. એ ડિવિઝન પોલીસે ફરિયાદ લઈ સરપંચ સહિત બે ઈસમ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિના અપેક્ષાબેન આનંદભાઈ ઠાકરનું અમેરિકામાં આંતરરાષ્ટ્રીય કક્ષાના ‘સુઈ ડેવિસ’ એવોર્ડથી સન્માન કરાયું

(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૨૭

દ્વારકાના દ્વારકાધીશ જગત મંદિરમાં સેવા પૂજા અને યજમાનવૃત્તિ કરનારા શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિજનો દિવસે દિવસે અલગ અલગ ક્ષેત્રમાં અનેક વિક્રમો સ્થાપિત કરી રહ્યા છે ત્યારે હાલ ૨૨ મેથી ૨૪ મે સુધી અમેરિકાના કોલમ્બસ શહેરમાં અમેરિકન ઈન્ડસ્ટ્રીયલ હાઈજીન એસોસિએશન (AIHA)ના વાર્ષિક સમારંભમાં મૂળ દ્વારકાના વતની અને હાલ અમદાવાદમાં નિવાસ કરતા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિના અપેક્ષાબેન આનંદભાઈ ઠાકરે ઓક્યુપેશનલ ક્ષેત્રનો સર્વોચ્ચ એવોર્ડ સુઈ ડેવિસ એવોર્ડ પ્રાપ્ત કરી ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિનું તેમજ તેમના પરિવારનો ગૌરવ વધાર્યુ છે.આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સહિત દેશ-વિદેશમાંથી અપેક્ષાબેનને શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે ત્યારે દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ વ્યવસ્થાપક સમિતિ દ્વારા પણ



અપેક્ષાબેનની સિદ્ધિને બિરદાવવામાં આવી છે.અત્રે ઉલ્લેખનીય છે કે અપેક્ષાબેન દક્ષાબેન અને નીતિનભાઈના સુપુત્રી છે,ધૃતિબેન અને કૃષ્ણચંદ્રભાઈના પુત્રવધુ છે,આનંદભાઈના ધર્મપત્ની છે.શ્ર્વસુર પક્ષ સહીત તેમના સમગ્ર પરિવારના સહયોગથી આ સન્માન પ્રાપ્ત થયું હોય સમગ્ર પરિવારનો અપેક્ષાબેને આભાર વ્યક્ત કર્યો હતો.

# ઓખામાં શુક્રવારથી મશરૂ પરિવાર દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૭

ઓખામાં નવી નગરી સ્થિત લોહાણા મહાજન વાડી ખાતે સ્વ. સરોજબેન ગોવિંદભાઈ જમનાદાસ મશરૂ પરિવાર દ્વારા આગામી શુક્રવાર તા. ૩૧ મે થી તા. ૬ જુન સુધી શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

જાણીતા કથાકાર શ્રી ગૌરાંગભાઈ જોશી (બેટ દ્વારકા વાળા)ના વ્યાસાસને યોજાયેલી આ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ દરમિયાન તા. ૩૧ મી ના રોજ સાંજે ૫ વાગ્યે ઓખાના શ્રી દ્વારકાધીશ મંદિરેથી ભાગવતજીની પોથીયાત્રા નીકળશે. બાદમાં કપિલ પ્રાગટ્ય, તા. ૨ જુનના રોજ નૃસિંહ પ્રાગટ્ય તથા વામન જન્મ, તા. ૩ ના રોજ રામ તથા કૃષ્ણ જન્મોત્સવના કાર્યક્રમો ભકિતમય ઉલ્લાસ સાથે શ્રોતાઓ તથા ભક્તો ઉજવશે. તા. ૪ ના રોજ ગોવર્ધન ઉત્સવ તથા શ્રીનાથજીની ઝાંખી, તા. ૫ ના રોજ રૂક્ષ્મણી વિવાહ, તા. ૬ ના સુદામા ચરીત્ર તથા પરિક્ષિત મોક્ષ સાથે ઓખાના સમસ્ત સાધુ સમાજ અને બ્રહ્મ સમાજનું જ્ઞાતી ભોજન, તા. ૭ ના રોજ ઓખાના સમસ્ત રઘુવંશી જ્ઞાતી ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

વિવિધ કથાના પ્રસંગોમાં ભાવિકો તરબોળ બને તેવા આયોજન માટે નિલેશભાઈ, નીરેનભાઈ તથા ચિરાગભાઈ મશરૂ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે. સમસ્ત સાધુ સમાજ, બ્રહ્મ સમાજ તથા રઘુવંશી જ્ઞાતિજનો માટે મહાપ્રસાદના આ પ્રસંગે આ જ્ઞાતિજનોએ પ્રસાદ લેવા તથા સવારે ૯ થી ૧૨ અને સાંજે ૫ થી ૮ કથા શ્રવણનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને આયોજક મશરૂ પરિવાર દ્વારા અપીલ કરવામાં આવી છે. આ કથા યૂ-ટ્યુબ ચેનલ **shastri gaurang joshi official** પર પણ લાઈવ જોવા મળશે.

# ભારે પવનને કારણે ટ્રેનો લપસી જવાની ભીતિ!

નવી દિલ્હી, તા.૨૭

ચક્રવાતી તોફાન રેમાલે હવે પોતાનું વલણ બતાવવાનું શરૂ કર્યુ છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર, ચક્રવાત રામલ હવેથી થોડા સમય પહેલા પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશના દરિયાકાંઠે ટકરાશે. વાવાઝોડાની અસરને કારણે કોલકાતા શહેરના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. તે જ સમયે, જ્યારે બંગાળના રાજ્યપાલે લોકોને ચક્રવાતને લઈને સતર્ક રહેવાની સૂચના આપી હતી, ત્યારે પીએમ નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં સમીક્ષા બેઠક બોલાવી હતી. ભારતીય હવામાન વિભાગ અનુસાર ચક્રવાતની અસર આગામી ૬ કલાક સુધી જોવા મળશે. આ સમયગાળા દરમિયાન પવનની ઝડપ ૧૧૦-૧૨૦ કિમી પ્રતિ કલાકથી વધીને ૧૩૫ કિમી પ્રતિ કલાક થઈ શકે છે. ઉત્તર બંગાળની ખાડીમાં સમુદ્રમાં તેની મહત્તમ ઝડપ ૧૩૫ કિમી પ્રતિ કલાક છે.

જેના કારણે પશ્ચિમ બંગાળના બીરભૂમ, નાદિયા, બાંકુરા, પૂર્વ બર્દવાન, પૂર્વ મેદિનીપુર, ઉત્તર ૨૪ પરગણા, દક્ષિણ ૨૪ પરગણા, કોલકાતાના ઘણા વિસ્તારોમાં વરસાદ અને ભારે વરસાદ શરૂ થઈ ગયો છે.તે જ સમયે, સાવચેતીના ભાગ રૂપે, હાવડાના શાલીમાર રેલ્વે સ્ટેશન પર ટ્રેનોના પૈડાને પાટા સાથે સાંકળો અને તાળાઓથી બાંધી દેવામાં આવ્યા છે જેથી તેજ પવનને કારણે ટ્રેન લપસી ન જાય. ઉપરાંત, ચક્રવાતનો સામનો કરવા માટે પશ્ચિમ બંગાળમાં કુલ ૧૪ NDRF ટીમો તૈનાત કરવામાં આવી છે.

## રીલે મારો જીવ લીધો...

# વીડિયો બનાવતી વખતે ૧૫૦ ફૂટની ઊંચાઈથી ખાણમાં પડી ગયો યુવક

### આ યુવક પથ્થરની ખાણમાં આશરે ૧૫૦ ફૂટની ઊંચાઈએથી પાણીમાં પડ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઉદયપુર, તા.૨૭

રાજસ્થાનના ઉદયપુરમાં રવિવારે એક દર્દનાક અકસ્માત સામે આવ્યો છે. જ્યાં રીલ બનાવતી વખતે ૧૫૦ ફૂટની ઊંચાઈએથી પડી જતાં એક યુવકનું મોત થયું હતું. મળતી માહિતી મુજબ, ઉદયપુરના ગોવર્ધન વિલાસ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રીલ બનાવતી વખતે યુવકનો પગ લપસી ગયો હતો. આ યુવક પથ્થરની ખાણમાં આશરે ૧૫૦ ફૂટની ઊંચાઈએથી પાણીમાં પડ્યો હતો. આ દર્દનાક અકસ્માત ગોવર્ધન વિલાસ પોલીસ સ્ટેશન વિસ્તારના લાઈ ગામમાં થયો હતો.આ દિવસોમાં, રીલ બનાવવા અને તેને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવાનો ટ્રેન્ડ છે. આવી સ્થિતિમાં, લોકો રીલ્સ બનાવવા માટે ઘણા જોખમી પગલાં લઈ રહ્યા છે.

ઉદયપુરના એક યુવકને રીલ બનાવવાનો એવો શોખ હતો કે તેનું જીવન સમાપ્ત થઈ ગયું. નાગરિક સંરક્ષણ વિભાગના ડાઈવર નરેશ ચૌધરીએ જણાવ્યું હતું કે ગોવર્ધન વિલાસ પોલીસ સ્ટેશન વિસ્તારમાં જ્યાં પથ્થરની ખાણ છે ત્યાં યુવક લગભગ ૧૫૦ ફૂટની ઊંચાઈએથી પડ્યો હતો. તે નીચે ઊંડા પાણીથી ભરેલું હતું. ઘટનાની માહિતી મળતાં સ્થાનિક પોલીસ સ્ટેશન અને સિવિલ ડિફેન્સ વિભાગના ડાઈવર્સ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા જ્યાં લગભગ ૩ કલાકની જહેમત બાદ મૃતક યુવકની લાશને પાણીમાંથી બહાર કાઢવામાં આવી હતી.હાલ પોલીસ ટીમે મૃતદેહને એમબી હોસ્પિટલના શબઘરમાં રાખ્યો છે. આ દુઃખદ અકસ્માત અંગે મૃતકના પરિજનોને જાણ કરવામાં આવી છે. ડાઈવર્સે જણાવ્યું કે મૃતકની ઓળખ મોહનલાલના પુત્ર દિનેશ મીના તરીકે થઈ છે. મળતી માહિતી મુજબ દિનેશ મીણા તેના ચાર મિત્રો સાથે રીલ બનાવવા માટે ગયો હતો. રીલ બનાવવા માટે ગોવર્ધન વિલાસ પોલીસ સ્ટેશન વિસ્તારના લાઈ ગામમાં સ્થિત પથ્થરની ખાણમાં પહોંચ્યો હતો.

સ્થાનિક લોકોએ જણાવ્યું કે યુવક પહેલા તેનો અન્ય એક મિત્ર ઉંચાઈ પરથી પડ્યો હતો પરંતુ તે કોઈક રીતે બહાર આવ્યો હતો, પરંતુ આ પછી દિનેશ મીણાએ અચાનક જ છલાંગ લગાવી દીધી હતી અને તે લાંબા સમય સુધી પાણીમાંથી બહાર આવ્યો ન હતો, ત્યારબાદ તેના મિત્રો ત્યાં આવ્યા હતા. દિનેશના ડૂબવાની ખબર પડી.

# ભારતમાં ઘૂસીને આવેલા વિદેશીઓને પ. બંગાળ સરકારે અનામતનો લાભ આપતા મમતા બેનરજીનો વિરોધ



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૭

બાંગ્લાદેશથી ભારતમાં ઘુસી આવેલા શખ્સો સાથે અન્ય શખ્સો ઘુસણખોરી કરીને રહેતા પશ્ચિમ બંગાળના લોકોને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી દ્વારા બક્ષીપંચ અનામતનો લાભ આપતા મમતા બેનર્જી સરકારે હાઈકોર્ટના હુકમનો અનાદર કરતાં તેના વિરોધમાં ખંભાળિયામાં દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચા દ્વારા મમતા બેનરજીનો વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ અંતર્ગત ખંભાળિયામાં જિલ્લા ભાજપના બક્ષીપંચ મોરચાના પ્રમુખ ડી.એલ. પરમાર, જિલ્લા ભાજપના મહામંત્રી ભરતભાઈ ગોજીયા, બક્ષીપંચ મોરચાના મહામંત્રી મેસુરભાઈ આંબલીયા, તાલુકા ભાજપ પ્રમુખ સી.એલ. ચાવડા, શહેર ભાજપ મહામંત્રી ઈન્દ્રજીતસિંહ પરમાર, અશોકભાઈ કાનાણી, કે.ડી. જોડ સહિતના આગેવાનો - કાર્યકરોએ ઉપસ્થિત રહી, "મમતા બેનર્જી હાય હાય..." ના નારા સાથે વિરોધ પ્રદર્શન કરી, અહીંના મિલન ચાર રસ્તા ખાતે ડો. આંબેડકર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

# ઓખા-ભાવનગર ટ્રેનમાં ભુલાયેલ કેમેરો રેલ્વે સ્ટાફે પરત આપ્યો



(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૨૭

ઓખા/ભાવનગર ટ્રેન માં પેસેન્જર દ્વારા કિંમતી ડિજિટલ પ્રોફેશનલ કેમેરા( કિંમત આશરે એક લાખ રૂપિયા) ભૂલી ગયેલા તે ભાવનગર રેલ્વે સ્ટેશનના સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવી તેમને પરત મેળવી અપાયા હતા.

ભાવનગર રેલ્વે સ્ટેશન અધિક્ષક ડી.ડી.કંસારા, બુકિંગ સુપરવાઈઝર જે.જે.જાડેજા, સ્ટેશન સ્ટાફના હરેશભાઈ સહિત સર્વોની હાજરીમાં પેસેન્જરને કેમેરો પરત કરાયો હતો.

## ટ્રોફી સાથે ૨૦ લાખ રૂપિયા જીત્યા

# ગૌરવ-નીતિન ‘ડાન્સ દીવાને ૪’ના વિજેતા બન્યા

મુંબઈ, તા.૨૭

‘ડાન્સ દીવાને’ શોએ લગભગ સાડા ત્રણ મહિના સુધી અમારું મનોરંજન કર્યું. મહિનાઓની રાહ જોયા બાદ દર્શકોને મળી ગયા છે. શોના ફિનાલેમાં ટોચની ૬ ફાઈનલિસ્ટ જોડી વચ્ચે ટ્રોફી માટે સખત સ્પર્ધા હતી. જેમાં ગૌરવ અને નીતિન વિજેતા બન્યા હતા. સાડા ત્રણ મહિનાની રાહ પછી એ ક્ષણ આવી ગઈ જેની સૌ કોઈ રાહ જોઈ રહ્યા હતા. માધુરી દીક્ષિત અને સુનીલ શેટ્ટીનો શો ‘ડાન્સ દીવાને ૪’ વિજેતા બન્યો છે. ગૌરવ શર્મા અને નીતિને ૫ જોડીને હરાવીને ‘ડાન્સ દીવાને ૪’ની ટ્રોફી જીતી. ચાલો જાણીએ કે બંને ડાન્સરને ટ્રોફીની સાથે કેટલા પૈસા મળ્યા અને તેમની ભવિષ્યની યોજનાઓ. ડાન્સ શોએ લગભગ સાડા ત્રણ મહિના સુધી અમારું મનોરંજન કર્યું. મહિનાઓની રાહ જોયા બાદ દર્શકોને તેમનો વિજેતા મળ્યો છે. શોના ફિનાલેમાં ટોચની ૬ ફાઈનલિસ્ટ જોડી વચ્ચે ટ્રોફી માટે સખત સ્પર્ધા હતી. જેમાં ગૌરવ અને નીતિન વિજેતા બન્યા હતા. આ બંનેએ આખી સિઝનમાં શાનદાર પ્રદર્શન કરીને દર્શકોનું દિલ જીતી લીધું હતું. ગૌરવ ૨૨ વર્ષનો છે અને તે દિલ્હીનો છે. જ્યારે ૧૯ વર્ષનો નીતિન બેંગલુરુનો રહેવાસી છે. નીતિન અને ગૌરવે ડાન્સ દીવાને માટે અલગ-અલગ ઓડિશન આપ્યું હતું, પરંતુ બાદમાં સાથે પરફોર્મ કર્યુ અને વિજેતા તરીકે શોમાંથી બહાર આવ્યા. બંને અલગ-અલગ ડાન્સ ફોર્મમાં નિપુણતા ધરાવે છે.

# રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયાના પ્રમુખ તરીકેનો કાર્યકાળનો એક વર્ષ પુર્ણ થયો



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૭

રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયાને પ્રમુખ તરીકેનો એક વર્ષનો કાર્યકાળ પુર્ણ થયો છે. રાજકોટ જિલ્લા ભાજપના સૌથી યુવા અને નાની ઉમરમા પ્રમુખ તરીકેની સફળ જવાબદારી નિભાવનાર અલ્પેશભાઈ ઢોલરીયાએ અનેકવિધ સફળતાનાશિખરો પાર કર્યા છે. એક ટેમ્પો ચાલકથી લઈને જીલ્લા ભાજપ પ્રમુખ સુધીની જેમની સંઘર્ષમય સફર, જેમની સફળતાનું ઉદાહરણ અનેક યુવાનો માટે માર્ગદર્શિકા રહ્યું છે. પોતાના ભાષણ દરમિયાન લોકોનું દિલ જીતી લેનાર અને યુવાનોના આઈકોન તરીકે છાપ ધરાવનાર અલ્પેશભાઈ ઢોલરીયાના પ્રમુખ કાળ દરમ્યાન યુવાનોમાં એક અનેરો ઉત્સાહ અને રાષ્ટ્રભાવના પ્રગટ કરી છે. માન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના મન કી બાત કાર્યક્રમ સાંભળવામાં રાજકોટ જીલ્લો સમગ્ર ગુજરાતમા પહેલા નંબર રહેલ. આ સિવાય બુથ મેનેજમેન્ટના અનેક સફળ કાર્યક્રમો પાર પાડીને રાજકોટ જિલ્લા ભાજપને સફળતાની ઊંચાઈ સુધી પહોચાડેલ. સરળ સ્વભાવ લીધે તેમની લોક ચાહના ખૂબ જ જોવા મળી છે.પોતાના પ્રવાસ દરમ્યાન નાના કાર્યકરોના ઘરે ભોજન લેવું, સિનિયર આગેવાનોના ખબર અંતર પૂછવા ઘરે જેવું, બુથના કાર્યકરો સીધો જ તેમનો સંપર્ક કરી શકે તે માટે પોતાનો નંબર જાહેર કરીને નાનામા નાના કાર્યકરની મુશ્કેલીઓ સાંભળી અને તેમનો સુખઃદ સમાધાન કરેલ જેવા અનેક કાર્યોના લીધે તેમના પ્રમુખ તરીકેના સફળ એક વર્ષ પુર્ણ થતાં કાર્યકરોનોમા અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે તેમજ સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પ્રદેશના હોદેદારો, જીલ્લાના હોદેદારો, મંડલના હોદેદારો, વિવિધ સમાજના આગેવાનો સહીત તેમનાશુભચિંતકો દ્વારા તેમના મો. ૯૮૨૫૦૭૩૨૧૭ પર શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે. તેમ જીલ્લા ભાજપ પ્રેસ-મીડિયા ઇન્ચાર્જ, સહ-ઈન્ચાર્જની યાદીમાં જણાવે છે.

# જેસીઆઈ જૂનાગઢ દ્વારા વિવિધ સંસ્થાઓમાં વડીલોને બરફનાં ગોલા ખવડાવી આર્શીવાદ મેળવ્યા



જૂનાગઢ, તા.૨૬

હાલમાં રેકોર્ડ બ્રેક ગરમી પડી રહી છે ત્યારે આપણે આપણા પરિવાર માટે ઠંડા પીણા આઈસ્ક્રીમ શેરડીનો રસ જેવી અનેક ઠંડક વસ્તુઓ દ્વારા ઠંડક મેળવીએ છીએ ત્યારે વૃદ્ધ નિકેતન વૃદ્ધાશ્રમ અને કોર્પોરેશન સંચાલિત ભિક્ષુક ગૃહ તેમજ સત્યમ યુવક મંડળ દ્વારા સંચાલિત મહિલા આશ્રય સંસ્થા જેવી સંસ્થામાં રહેતા વડીલો ના કલેજામાં ટાઢક થાય તે માટે જેસીઆઈ જુનાગઢ દ્વારા આ ત્રણેય સંસ્થાઓમાં રહેતા વડીલો માટે બરફના વિવિધ ફ્લેવરોના ગોલાની ડીશ ખવડાવતા દરેક વડીલો ખૂબ જ પ્રસન્ન થઈ આશીર્વાદ પાઠવતા જણાવેલ કે તમે અમારા કલેકજાને ઠંડક પહોંચાડી છે તો ઈશ્વર તમને અને તમારા પરિવારના દરેક સભ્યોને ખૂબ સુખી રાખે તેવા આશીર્વાદ પાઠવ્યા હતા. સાથે જેસીઆઈ જૂનાગઢના ડાયરેક્ટર કિશોર ચોટલીયાએ જણાવેલ કે આ પ્રવૃત્તિ અમે ઘણા વર્ષોથી કરી અને વડીલોના આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવીએ છીએ.

આ કાર્યક્રમમાં જેસીઆઈ જૂનાગઢના પ્રમુખ ચિરાગ કડેચા, ડાયરેક્ટર કિશોર ચોટલીયા, મનીષ લોઢીયા, જયેશ ચોક્સી, રાજેશ પુરોહિત, પ્રાહીલ જાદવ અને વિરતિ જાદવ ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. આ પ્રસંગે ભાજપા પ્રદેશ મહિલા અગ્રણી નીરૂબેન કાંબલીયા તેમજ વિજયાબેન લોઢીયા તેમજ મનસુખભાઈ વાજા ઉપસ્થિત રહી જેસીઆઈની આ પ્રવૃત્તિ ને ખૂબ જ બિરદાવી પ્રોત્સાહિત કર્યા હતા.

# જૂનાગઢના યુવા પત્રકાર યજ્ઞેશભાઈ ભટ્ટને જન્મદિન પ્રસંગે સ્નેહી મિત્રો દ્વારા શુભકામના અપાઈ



જૂનાગઢ, તા.૨૭

જૂનાગઢના યુવા પત્રકાર શ્રી યજ્ઞેશભાઈ ભટ્ટને જન્મ દિન પ્રસંગે સ્નેહી મિત્રો, શુભેચ્છકો દ્વારા શુભકામના પાઠવવામાં આવી હતી.

યુવા પત્રકાર તરીકે યજ્ઞેશભાઈ ભટ્ટે જૂનાગઢ જીલ્લામાં છેલ્લા ૧૨ વર્ષથી એક જાગૃત અને નિડરતાથી સનિષ્ઠ પત્રકારીત્વ કરી બહોળી લોક ચાહના પ્રાપ્ત કરી છે. પત્રકારીત્વ ક્ષેત્રે યજ્ઞેશભાઈ ભટ્ટ દ્વારા ધાર્મિક કાર્યક્રમો, સામાજીક કાર્યક્રમો, રાજકીય કાર્યક્રમો તેમજ આમ જનતાના પાયાના પ્રાણ પ્રશ્નો, શહેર અને જીલ્લાના વિકાસના પ્રશ્નોને પ્રિન્ટ મિડીયા અને ઈલેકટ્રોનીક મિડીયાના માધ્યમથી વાચા આપી અને પત્રકારીત્વ ક્ષેત્રે ઉમદા ખેડાણ કર્યું છે અને તેમની કામગીરીને બિરદાવવામાં આવી રહી છે. શ્રી યજ્ઞેશભાઈ ભટ્ટ હાલમાં ઈલેકટ્રોનીક અને પ્રિન્ટ મીડીયામાં પ્રસંશનીય કામગીરી કરી રહ્યા છે. દરમ્યાન ગઈકાલ તા.૨૬મી મે રવિવારના રોજ તેમનો જન્મ દિવસ હોય તે નિમિત્તે બહોળા મિત્ર મંડળ, શુભેચ્છકો, સ્નેહીજનો દ્વારા જન્મ દિન નિમિત્તે યજ્ઞેશભાઈ ભટ્ટને તેમના મો. નં.૯૬૮૭૩ ૩૮૪૮૪ ઉપર અઢળક શુભકામનાઓ પાઠવવામાં આવી હતી અને તેઓ ઉત્તરોતર પ્રગતિ કરે તેવી લાગણી સ્નેહીજનો દ્વારા વ્યકત કરવામાં આવી હતી.

# સોમનાથ-પ્રભાસ પાટણ ખાતે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ મહોત્સવ ઉજવાશે

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૬

સોમનાથ-પ્રભાસ પાટણ ખાતે ખખ્ખર પરીવારના આયોજનથી પ્રભાસ પાટણ રામ રાખ ચોકમાં આવેલ સોમપુરા બ્રાહ્મણ સમાજ બ્રહ્મપુરી ખાતે તા.૩૦/૫/૨૦૨૪ થી તા.૫/૬/૨૦૨૪ સુધી શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ મહોત્સવનું આયોજન થયેલ છે. ગો.વા. મોરારજી તુલસીદાસ પરીવાર આયોજીત આ કથાના વ્યાસ પીઠે યુવા વકતા જોગીદાસ વ્યાસ રહેશે. કથા દરમ્યાન રામ જન્મોત્સવ, નંદ મહોત્સવ, ગોવર્ધન લીલા, શ્રી નાથજી ઝાંખી, રૂક્ષ્મણી વિવાહ, સુદામા ચરીત સહીત માળા પહેરામણી મનોરથ તથા લોટી ઉત્સવ પણ યોજાશે. કથાનો સમય બપોરે ૩ કલાકથી ૭ કલાક સુધી રખાયેલ છે.

## દિલ્હીમાં લોકસભા ચૂંટણી માટે મતદાન પૂર્ણ થયું

# સોનિયા ગાંધી, પ્રિયંકા અને રાહુલ ગાંધી કોંગ્રેસ પાર્ટીને જ વોટ નથી આપી શક્યા

## તમામ નવી દિલ્હી લોકસભા મતવિસ્તારના મતદારો છે

નવી દિલ્હી, તા.૨૭

દિલ્હીની તમામ ૭ લોકસભા સીટો માટે છઠ્ઠા તબક્કાનું મતદાન થયું. જેનું પરિણામ ૪ જૂને આવશે. દિલ્હીમાં સતત ૧૦ વર્ષથી ઝીરો પર આઉટ રહેલી કોંગ્રેસે આ ચૂંટણી INDI ગઠબંધન હેઠળ આમ આદમી પાર્ટી સાથે ગઠબંધન કરીને લડવાનો નિર્ણય કર્યો છે. જેથી આ વખતે દિલ્હીમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ સાથે મળીને ચૂંટણી લડી રહ્યા છે. નવી દિલ્હી, દક્ષિણ દિલ્હી, પૂર્વ દિલ્હી અને પશ્ચિમ દિલ્હી એવી ૪ બેઠકો કુલ સાત બેઠકોમાંથી આપને મળી છે. જયારે કોંગ્રેસને ચાંદની ચોક, ઉત્તર પૂર્વ દિલ્હી અને ઉત્તર પશ્ચિમ દિલ્હી મળ્યા છે. આ ચૂંટણીમાં સૌથી મહત્વની વાત એ છે કે ગાંધી પરિવાર આ વખતે કોંગ્રેસને મત નહીં આપે.

સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને તેમના પતિ રોબર્ટ વાડ્રા આ વખતે સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસને મત નહીં આપે. આ તમામ નેતાઓ નવી દિલ્હી લોકસભા મતવિસ્તારના મતદારો છે. આપ અને કોંગ્રેસ વચ્ચે થયેલી સમજૂતી મુજબ આ સીટ દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની પાર્ટીને ગઈ છે. અહીંથી પાર્ટીએ સોમનાથ ભારતીને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. એક સમયે કોંગ્રેસનો ગઢ હતો નવી દિલ્હી વર્ષ ૧૯૫૧માં નવી દિલ્હી લોકસભા મતવિસ્તારની રચના કરવામાં આવી હતી. ૧૯૫૨ થી ૨૦૦૯ સુધી કોંગ્રેસે અહીં દરેક ચૂંટણી લડી છે અને અત્યાર સુધી કોંગ્રેસ અહીં સાત વખત ચૂંટણી જીતી ચુકી છે. કોંગ્રેસ નેતા અજય માકન ૨૦૦૪ અને ૨૦૦૯માં અહીંથી ચૂંટાયા હતા. આ પછી ભાજપ નેતા મીનાક્ષી લેખીએ ૨૦૧૪ અને ૨૦૧૯માં અહીં ચૂંટણી જીતી હતી. ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસનો દિલ્હીમાંથી સફાયો થઈ ગયો છે. આ વખતે પાર્ટીએ આપ સાથે ગઠબંધન કર્યું છે. સાત બેઠકોમાંથી આપને ૪ અને કોંગ્રેસને ત્રણ બેઠકો મળી છે.

## અમલ ક્લુની મહિલા સશક્તિકરણ પુરસ્કારથી સન્માનિત કરાઈ

# યુપીની પિંક રિક્ષા ડ્રાઈવર આરતીને બ્રિટિશ રોયલ એવોર્ડ મળ્યો

## ડીએમ મોનિકા રાનીએ રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન હેઠળ જિલ્લાની પાંચ મહિલાને ગુલાબી રિક્ષા આપી હતી

બહરાઈચ, તા.૨૭

ઉત્તર પ્રદેશના બહરાઈચ જિલ્લાના એક નાના ગામની ગુલાબી રિક્ષા ડ્રાઈવર આરતીને લંડનમાં યુકે રૉયલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. રાજા ચાર્લ્સ-III ને મળીને તે ખૂબ જ ખુશ છે. ૨ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ, ડીએમ મોનિકા રાનીએ મહિલા સશક્તિકરણના હેતુ માટે રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન હેઠળ જિલ્લાની પાંચ મહિલાઓને ગુલાબી રિક્ષા આપી હતી.

ઉત્તર પ્રદેશના બહરાઇચ જિલ્લાની ૧૮ વર્ષની ગુલાબી ઈ-રિક્ષા ડ્રાઈવર આરતીએ ૨૨ મે ૨૦૨૪ના રોજ અમલ ક્લુની મહિલા સશક્તિકરણ એવોર્ડ જીત્યો. આ એવોર્ડ લંડનમાં પ્રિન્સ ટ્રસ્ટ એવોર્ડ્સમાં આપવામાં આવ્યો હતો, જ્યાં આર્ટી બકિંગહામ પેલેસમાં રાજા ચાર્લ્સ III ને મળ્યા હતા. આર્ટીને લંડનમાં પ્રિન્સ ટ્રસ્ટ એવોર્ડ્સમાં વિશ્વ વિખ્યાત માનવાધિકાર બેરિસ્ટરના નામ પરથી અમાલ ક્લુની મહિલા સશક્તિકરણ પુરસ્કાર મળ્યો, જેના પગલે તેણે બુધવારે ૭૫ વર્ષીય રાજાને મળી. સરકારની પિંક ઈ-રિક્ષા પહેલ સાથેના તેમના કામ દ્વારા અન્ય યુવતીઓને પ્રેરણા આપવા બદલ તેમનું સન્માન કરવામાં આવ્યું હતું, જે પરિવર્તન લાવવાના મિશન સાથે અન્ય મહિલાઓ માટે સુરક્ષિત પરિવહન પૂરી પાડે છે. આરતીએ કહ્યું, જ્યારે તે રાજા ચાર્લ્સ ત્રીજાને મળી એ તેની માટે એક અદ્ભુત અનુભવ હતો. તે ખૂબ જ સારા છે અને તેમણે મારા પરિવારને પણ નમસ્તે કહ્યું જ્યારે હું કહી રહી હતી કે માંને ઈ-રિક્ષા ચલાવવાનો કેટલો શોખ છે, જે પ્રદૂષિત ડીઝલ અથવા પેટ્રોલ પર ચાલતી નથી, પરંતુ જે હું દરરોજ રાત્રે ઘરે ચાર્જ કરું છું. ત્યારે તે ધ્યાનથી સાંભળતા હતા. બકિંગહામ પેલેસમાં રિસેપ્શન માટે આરતી ગુલાબી રંગની રિક્ષામાં આવી હતી. તે માત્ર પરિવહનના ટકાઉ મોડ તરીકે જ નહીં, પરંતુ એક વિચાર અને ઝુંબેશ તરીકે પ્રદર્શિત કરવામાં આવ્યું હતું. બ્રિટિશ એક્ટિવિસ્ટ-બેરિસ્ટર અમલ ક્લુનીએ જણાવ્યું હતું કે, "આ વર્ષની વિજેતા આરતી એ એક પ્રેરણાદાયી ઉદાહરણ છે જેનું સામાન્ય રીતે પુરૂષ ક્ષેત્રમાં અગ્રણી કાર્ય તેના સમુદાયની મહિલાઓને સુરક્ષિત બનાવી રહ્યું છે. આરતી એક એવી દુનિયા બનાવવા માટે સંકલ્પબદ્ધ છે જ્યાં તેની પુત્રીને તેણે જે અવરોધોનો સામનો કરવો પડ્યો હતો તેવો સામનો કરવો ન પડે અને તે તેના ઉદાહરણ દ્વારા પહેલેથી જ પરિવર્તન લાવી રહી છે." ગાંધી જયંતિ નિમિત્તે, ૨ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ જિલ્લા મેજિસ્ટ્રેટ મોનિકા રાનીએ જિલ્લાની પાંચ મહિલાઓને રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન હેઠળ બેંકોમાંથી લોન આપીને આત્મનિર્ભર બનાવવા માટે ગુલાબી રિક્ષા આપીને એક નવીન પહેલ કરી હતી. મહિલા સશક્તિકરણના હેતુ માટે. નિરાધાર મહિલાઓ બિટ્ટા, સાયરા, મેઘા, શિવ કુમારી અને આરતીની શહેરી વિકાસ એજન્સી દ્વારા સંચાલિત સ્વ-રોજગાર કાર્યક્રમ હેઠળ પસંદગી કરવામાં આવી હતી. આ છૂટાછેડા લીધેલ મહિલાઓ શહેરના રસ્તાઓ પર ગુલાબી ઓટો ચલાવી રહી છે.

## ટ્રસ્ટ અને વહીવટીતંત્રની બેઠકમાં લેવાયો નિર્ણય

# રામ મંદિરમાં VIP અને VVIP પણ મોબાઈલ ફોન નહીં લઈ જઈ શકે




## જેની પાછળનું કારણ સુરક્ષાનું કારણ દર્શાવવામાં આવ્યું

અયોધ્યા, તા.૨૭

સામાન્ય માણસ હોય કે પછી કોઈ ખાસ, હવે રામ મંદિરમાં કોઈ મોબાઈલ ફોન લઈ જઈ શકશે નહીં. રામ મંદિર ટ્રસ્ટ અને વહીવટીતંત્રની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. સામાન્ય ભક્તો માટે મોબાઈલ ફોન લઈ જવા પર પહેલાથી જ પ્રતિબંધ હતો. હવે VIP અને VVIP પણ મોબાઈલ ફોન લઈ જઈ શકશે નહીં.

એવો દાવો કરવામાં આવ્યો છે કે પરિસરમાં મોબાઈલ ફોનની મંજૂરી ન હોય તેની ખાતરી કરવા માટે કડક દેખરેખ રાખવામાં આવશે. આ નિર્ણયને તે ઘટના સાથે જોડવામાં આવી રહ્યો છે જેમાં રામ મંદિરના સ્તંભમાં તૂટેલી મૂર્તિનો ફોટો વાયરલ થયો હતો. જો કે, ટ્રસ્ટનું કહેવું છે કે સુરક્ષાના કારણોસર પરિસરમાં મોબાઈલ ફોન પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

પ્રાણ પ્રતિષ્ઠા બાદથી રામ મંદિરમાં ભક્તો કોઈપણ પ્રતિબંધ વિના મોબાઈલ ફોન લઈ જઈ રહ્યા છે. ત્યારબાદ થોડી કડકતા લાદવામાં આવી હતી અને સામાન્ય ભક્તો પર મોબાઈલ ફોન લઈ જવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. દરમિયાન ટ્રસ્ટે સરળ અને વિશિષ્ટ દર્શનની વ્યવસ્થા શરૂ કરી હતી. આ અંતર્ગત સ્પેશિયલ પાસ ધરાવતા લોકોને મોબાઈલ ફોન સાથે રાખવાની છૂટ આપવામાં આવશે. આ ઉપરાંત વીઆઈપી અને વીવીઆઈપી માટે મોબાઈલ ફોન લઈ જવા પર પણ છૂટ આપવામાં આવી હતી.

ટ્રસ્ટ અને વહીવટીતંત્ર સામાન્ય અને ખાસ ભક્તો વચ્ચે ભેદભાવ કેમ કરે છે તેવા સવાલો પણ ઉઠી રહ્યા હતા. જો કે હવે આ સિસ્ટમ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. બેઠકમાં રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રા, રામ મંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય, ટ્રસ્ટી ડૉ. અનિલ મિશ્રા, ડિવિઝનલ કમિશનર ગૌરવ દયાલ, આઈજી પ્રવીણ કુમાર, એસપી સુરક્ષા પંકજ પાંડે હાજર હતા.

રામ મંદિરના ટ્રસ્ટી ડૉ.અનિલ મિશ્રાનું કહેવું છે કે રામ મંદિર પરિસરની અંદર મોબાઈલ ફોન જવાના કારણે સુરક્ષા ખતરો હતો. સાથે જ સામાન્ય ભક્તો પણ પરેશાન થયા હતા. લોકો દર્શનની કતારમાં જ ફોટા અને સેલ્ફી લેવા લાગ્યા. આ યોગ્ય ન લાગ્યું. પહેલાની જેમ સરળ અને ચોક્કસ દર્શનની વ્યવસ્થા અમલમાં રહેશે, પરંતુ મોબાઈલ ફોન પર પ્રતિબંધ રહેશે. એસપી સિક્યોરિટી પંકજ પાંડેએ જણાવ્યું કે આ સિસ્ટમનું કડકાઈથી પાલન કરવામાં આવશે. ચેકિંગ પોઈન્ટ પર દરેક શ્રદ્ધાળુની તપાસ કરવામાં આવશે.

## હિંસક વિરોધ થવાની શક્યતા

# કોલકાતામાં ૬૦ દિવસ માટે કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી

## જે હેઠળ ૨૮ મેથી ૬૦ દિવસ માટે પાંચ કે તેથી વધુ વ્યક્તિઓની કોઈપણ ગેરકાયદેસર એસેમ્બલી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે

કોલકાતા, તા.૨૭

કોલકાતા પોલીસે શુક્રવારે કલમ ૧૪૪ લાદવાની જાહેરાત કરી હતી, જે હેઠળ ૨૮ મેથી ૬૦ દિવસ માટે પાંચ કે તેથી વધુ વ્યક્તિઓની કોઈપણ ગેરકાયદેસર એસેમ્બલી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પોલીસને માહિતી મળી છે કે કોલકાતામાં હિંસક પ્રદર્શન થવાની સંભાવના છે જેના પરિણામે જાહેર શાંતિમાં ખલેલ પડી શકે છે.કોલકાતામાં બે મહિના માટે કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. પોલીસ કમિશનરના આદેશ પર કોલકાતામાં ૨૮ મેથી ૨૬ જુલાઈ સુધી કલમ ૧૪૪ લાગુ રહેશે. હિંસક પ્રદર્શન અને મોટા પાયે જાહેર શાંતિ ભંગ થવાની સંભાવનાને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. પોલીસ કમિશનર વિનીત કુમાર ગોયલે જારી કરેલા આદેશમાં આ માહિતી આપવામાં આવી છે.વિશ્વસનીય સૂત્રો પાસેથી મળેલી માહિતીના આધારે, કોલકાતા પોલીસ કમિશનરે શહેરમાં ૨૮ મે ૨૦૨૪ થી ૨૬ જુલાઈ ૨૦૨૪ સુધી અથવા આગળના આદેશો સુધી ૬૦ દિવસ માટે કલમ ૧૪૪ લાગુ કરી છે.માર્ચની શરૂઆતમાં, ચૂંટણી પંચે લોકસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કર્યા પછી તરત જ પશ્ચિમ બંગાળમાં રાજકીય હિંસા ફાટી નીકળી હતી. રાજ્યના બે ભાગોમાં હિંસાના બે અલગ-અલગ કેસ નોંધાયા છે. પાંડબેશ્વરમાં ટીએમસી કાર્યકર્તાઓએ બીજેપી કાર્યકરની દુકાનને કથિત રીતે આગ લગાવી દીધી હતી. બીજા કિસ્સામાં, નાદિયા જિલ્લાના કૃષ્ણનગરમાં ટીએમસી નેતાના ઘર પર બોમ્બ હુમલો કરવામાં આવ્યો હતો.

## સંસદની સુરક્ષા ક્ષતિનો મામલો

# કોર્ટે દિલ્હી પોલીસને તપાસ માટે વધુ ૧૩ દિવસનો સમય આપ્યો છે

## ૧૩ ડિસેમ્બર ૨૦૦૧ના રોજ સંસદ પર આતંકવાદી હુમલાની વરસી પર સુરક્ષામાં મોટી ખામી હતી

નવી દિલ્હી, તા.૨૭

દિલ્હીની એક કોર્ટે શુક્રવારે દિલ્હી પોલીસને સંસદ સુરક્ષા ભંગ કેસમાં તેની અરજી પૂર્ણ કરવા માટે વધુ સમય આપ્યો છે. એડિશનલ સેશન્સ જજ હરદીપ કૌરે પોલીસને અરજી પર વધુ ૧૩ દિવસનો સમય આપ્યો હતો કારણ કે કેટલાક રિપોર્ટની રાહ જોવાઈ રહી હતી અને ડિજિટલ ડેટા ઘણો મોટો હતો. પોલીસે ન્યાયાધીશને તપાસ પૂર્ણ કરવા માટે વધુ ત્રણ મહિનાનો સમય આપવા વિનંતી કરી હતી.તમને જણાવી દઈએ કે ૧૩ ડિસેમ્બર ૨૦૦૧ના રોજ સંસદ પર આતંકવાદી હુમલાની વરસી પર સુરક્ષામાં મોટી ખામી જોવા મળી હતી. આરોપી સાગર શર્મા અને મનોરંજન ડી ઝીરો અવર દરમિયાન સંસદની ગેલેરીમાંથી લોકસભાની ચેમ્બરમાં કૂદી પડ્યા હતા, રંગબેરંગી ધુમાડાના કેન છોડીને સૂત્રોચ્ચાર કર્યા હતા.બાદમાં તેને સુરક્ષાકમીઓએ પકડી લીધો હતો. તે જ સમયે, અન્ય બે આરોપીઓ, શિંદે અને આઝાદે પણ સંસદ સંકુલની બહાર "સરમુખત્યારશાહી નહીં ચાલે" ની બૂમો પાડતા ધુમાડાના કેનનો ઉપયોગ કર્યો હતો.લોકસભા અને રાજ્યસભાની પોતાની ડાયરેક્ટર સુરક્ષા વ્યવસ્થા છે. મુલાકાતી પાસ માટે, લોકસભા સચિવાલયના ફોર્મ પર સાંસદની ભલામણ સહી જરૂરી છે. આ સાથે મુલાકાતીએ પાસ માટે આધાર કાર્ડ લાવવાનું રહેશે. જ્યારે મુલાકાતી રિસેપ્શન પર પહોંચે છે, ત્યારે ત્યાં હાજર સુરક્ષા ગાર્ડ પુરુષો અને સ્ત્રીઓને અલગ-અલગ તપાસે છે. આ પછી, રિસેપ્શન પર ફોટો આઈડી કાર્ડ બનાવવામાં આવે છે. રિસેપ્શન પર જ મોબાઈલ ફોન એકઠા કરવામાં આવે છે. આ પછી મુલાકાતી ફોટો ઓળખ કાર્ડ સાથે સુરક્ષા કમાન્ડો દ્વારા ગેલેરીમાં પહોંચે છે. મુલાકાતીઓ પાસે ગેલેરીમાં રોકાણનો સમયગાળો હોય છે, ત્યારબાદ તેઓને બહાર ફેંકી દેવામાં આવે છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# પશ્ચિમનાં દેશોમાં રંગભેદ વકરી રહયો છે

દુનિયાના તમામ વિકસિત દેશો વિશેષ તો અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ, બ્રિટન વગેરે એ વાતનો ગોકીરો મચાવતા રહે છે કે તે સભ્ય દેશ છે અને દુનિયાભરમાં જો લોકતંત્ર અને માનવાધિકાર સુરિક્ષત છે તો માત્ર તેમને કારણે જ છે, જે લોકતંત્રની ગરિમા, શુચિતા અને તેનો વ્યાવહારિક પક્ષ સુરિક્ષત રાખે છે. પરંતુ હકીકત એછે કે આ દેશોમાં જ નિર્દોષ અને માસૂમ વિદેશી નાગરિકો સાથે જે પ્રકારના વ્યવહાર કરવામાં આવે છે, તે તેમને અસભ્ય, વંશવાદી, જડ અને અસહિષ્ણુ સમાજની યાદીમાં સામેલ કરવા માટે પૂરતા છે.

આ સંદર્ભે સૌથી પહેલાં ચર્ચા વિદેશ ભણવા જતા ભારતીય વિદ્યાર્થીઓની કરીએ, કારણ કે આ વર્ષે જાન્યુઆરીથી માર્ચ સુધી માત્ર અમેરિકામાં જ લગભગ એક ડઝન ભારતીય વિદ્યાર્થીઓની હત્યા કરી દેવાઈ અથવા શંકાસ્પદ પરિસ્થિતિઓમાં તેમનું મોત થયું. ભારતીય વિદ્યાર્થીઓની હત્યાના આ આંકડા ચાંકાવે છે, ભયભીત કરે છે, કારણ કે આ આંકડા અમેરિકામાં રંગભેદના નવા સંસ્કરણના ફેલાવાના પુરાવા છે અને બાઈડન પ્રશાસનના ભારત પ્રત્યે ઉપેક્ષાત્મક અને નકારાત્મક વલણનો સંકેત પણ. આ સ્થિતિ ત્યારે છે જ્યારે ભારતીય વિદ્યાર્થીઓ સંબંધે દુનિયા જાણે છે કે તેઓ બેહદ શાલીન, વિનમ્ર અને પોતાના ભણતર સાથે જ લેવાદેવા રાખનારા હોય છે. તેઓ ક્યારેય વિના કારણે સરકાર વિરોધી અથવા સ્થાનિક સંસ્કૃતિ અને સભ્યતાના વિરોધમાં કોઈ પ્રકારના આંદોલન વગેરેમાં ભાગ નથી લેતા. તેઓ મિત્ર દેશનો કોઈપણ પ્રકારે વિરોધ, અપમાન કે અહિત નથી કરતા.

જોકે કારોબારી જગતની મહત્ત્વપૂર્ણ ભૂમિકાઓમાં ભારતીય પ્રોફેશનલોના પ્રમુખતાથી ઉભરવાને કારણે દુનિયાભરમાં ભારતીય પ્રોફેશનલોની માંગ દિવસે દિવસે વધતી જાય છે. આ જ કારણ છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતથી વિદેશ જઈને શિક્ષણ પ્રાપ્ત કરવા અને ત્યાં વસી જવાનો ક્રેઝ પણ વધ્યો છે. જોવામાં આવે તો પશ્ચિમી દેશોનું રંગભેદી વલણ બહુ જૂનું છે અને તે માત્ર ભારતીય વિદ્યાર્થીઓ સુધી જ સીમિત નથી, પણ આ વિકસિત દેશોએ તો પોતાના અસભ્ય, વંશવાદી, જડ અને અસહિષ્ણુ આચરણનો શિકાર અનેક ભારતીય કલાકારો, ખેલાડીઓ અને અન્ય પ્રોફેશનલો સહિત કેટલાય મોટા અને વિખ્યાત લોકોને પણ બનાવ્યા છે.

હાલનાં વર્ષોમાં પણ યોજનાબદ્ધ રીતે અંજામ આપવામાં આવેલ અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને બ્રિટન સહિત કેટલાય પશ્ચિમી દેશોમાં હિંદુઓના ધર્મસ્થળો પર પથ્થરબાજી, મારપીટ, લૂંટફાટ અને આગચંપીની ઘટનાઓને કોણ ભૂલી શકે છે, જેની દહેશત આજે પણ ત્યાંના ભારતવંશીઓના મનમાં દેખાય છે. આજ પ્રકારે લંડનમાં એક ફિલ્મના શૂટિંગ દરમ્યાન કેટલાક કાર સવાર યુવકો દ્વારા ભારતીય અભિનેતા જહોન અબ્રાહમ અને અભિનેત્રી બિપાશા બસુના રંગ અને ભારત વિશે હલકી ટિપ્પણીઓ કરવી, ૨૦૦૮માં બ્રિટનના એક રિયાલિટી શો 'બિગ બ્રધર'માં કન્ટેસ્ટન્ટ જેડ ગુડી દ્વારા બોલિવુડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટી પર રંગભેદી ટિપ્પણી કરવી, અભિનેત્રી પ્રિયંકા ચોપડાને અમેરિકામાં ભણતર દરમ્યાન શ્યામ રંગને કારણે 'બ્રાઉની' કહીને ચીડવવી, રંગભેદને કારણે પ્રિયંકાને હોલિવુડની એક ફિલ્મમાં કામ કરવાથી વંચિત કરી દેવી અને રશિયા-યુક્રેન યુધ્ધના આરંભમાં પૂર્વ યુક્રેનમાં ફસાયેલા ભારતીય છાત્રોના રંગભેદી વ્યવહારોનો શિકાર થવું વગેરે પશ્ચિમી દેશોના ક્રૂર રંગભેદી વ્યવહારોના કેટલાક મુખ્ય ઉદાહરણ છે.

જ્યારે ઓસ્ટ્રેલિયાના સિડનીમાં થયેલ એક ટેસ્ટ દરમ્યાન બે ખેલાડીઓ જસપ્રીત બુમરાહ અને મોહંમદ સિરાજને દર્શકો દ્વારા 'બ્રાઉન ડોગ' કહીને સંબોધિત કરવા તથા પૂર્વ ખેલાડી અને કોમેન્ટેટર આકાશ ચોપડા પર ઈંગ્લેન્ડમાં લીગ ક્રિકેટ દરમ્યાન રંગના આધાર પર અપમાનજનક ટિપ્પણી કરવી પણ તેનાં જ્વલંત ઉદાહરણ છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

મિત્ર મેળવવાનો એક જ રસ્તો છે...પોતે જાતે કોઈના મિત્ર બની જાઓ...

- એમર્સન

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.દએ-૧૩૯૩, મુ. જિલ્કાદ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, વૈશાખ વદ-૪, તા.૨૭ મે ૨૦૨૪, સોમવાર, પારસી તા.૧૬, મુસ્લિમ તા.૧૮, પૂર્વાષાઢા નક્ષત્ર, શુભ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૦૭, સૂ.અ.૭:૨૯

આજનો દિવસ સવારે ૧૦:૧૩ ક. સુધી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ), સાંજે ૪:૦૪ ક. પછી જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## રાજ્યમાં આગની ઘટનામાં વધારો

# ગુજરાતમાં પાંચ વર્ષમાં આગની વિવિધ ઘટનામાં ૩૧૭૬ના મોત

### ગુજરાત રાજ્યમાં આગથી થતા અકસ્માતમાં થતા મૃત્યુના આંકડા ચોંકાવનારા અને ચિંતાનજક છે

રાજકોટ, તા.૨૭

રાજકોટમાં TRP ગેમ ઝોનમાં આગ લાગતા ૨૮ લોકોના મોત થયા છે. ગુજરાતમાં આગને કારણે NCRBનો જે ડેટા સામે આવ્યો છે તેમાં ચિંતાજનક અને ચોકાવનારા ખુલાસા થયા છે. રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં આગને કારણે ૩૧૭૬ લોકોના મોત થયા હોવાનો NCRBના ડેટામાં ખુલાસો થયો છે. રાજ્યમાં આગની ૩૧૦૦થી વધુ ઘટના બની છે.

ગુજરાતમાં આગથી થતા અકસ્માતમાં થતા મૃત્યુના આંકડા ચોંકાવનારા અને ચિંતાનજક છે. NRCB દ્વારા આગથી થતા અકસ્માતમાં વર્ષ ૨૦૧૮થી ૨૦૨૨ દરમિયાન આગને કારણે ૩૧૭૬ લોકોના મોત થયા છે. છેલ્લા પાંચ વર્ષમાં આગથી થતા અકસ્માતની ૩૧૦૦ ઘટનાઓ બની છે. વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૨માં આગથી થતા અકસ્માતની ૭૨૯ ઘટનાઓ બની છે. બે વર્ષમાં આગથી થતા અકસ્માતમાં ૭૩૭ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે.

૨૫ મે-૨૦૨૪, TRP અગ્નિકાંડ, રાજકોટ : શનિવારે સાંજે નાના-મવા રોડ પર સ્થિત ગેમ ઝોનમાં આ દુર્ઘટના સર્જાઈ ત્યારે બાળકો સહિત ઘણા લોકો રમી રહ્યા હતા. આ માસૂમ બાળકોના માતા-પિતાને ક્યાં ખબર હતી કે, આ બાળકોનું હાસ્ય એક જ ક્ષણમાં ખતમ થઈ જશે. ભીષણ આગે ટીઆરપી ગેમ ઝોનની બે માળની ઈમારતને પોતાની લપેટમાં લઈ લીધી. ઉનાળાની રજાઓ અને વીકએન્ડના ધસારાને કારણે બિલ્ડિંગમાં અંદાજે ૩૦૦ લોકો હાજર હતા જેમાંથી વધુ પડતા બાળકો હતા. શોધ અને બચાવ કામગીરી ચાલુ છે, એક વ્યક્તિ હજુ પણ ગુમ છે. આ દુર્ઘટનામાં ૧૨ બાળકો સહિત ૩૫ લોકોના મોત થઈ ગયા છે.

૩૦ ઓક્ટોબર ૨૦૨૨, બ્રિજ દુર્ઘટના, મોરબી : ૩૦ ઓક્ટોબરના રોજ મોરબી બ્રિજ દુર્ઘટનામાં ૧૩૫ લોકોએ જીવ ગુમાવ્યા હતા. કોને ખબર હતી કે એક પુલ થોડી જ સેકન્ડમાં એવી રીતે તૂટી જશે કે લોકોની ખુશી માતમમાં બદલાઈ જશે. મોરબી શહેરમાં રવિવારે સાંજે બનેલી ભયાનક ઘટના છેલ્લા ઘણા વર્ષોમાં ભારતમાં બનેલી સૌથી ખરાબ દુર્ઘટમાંથી એક છે. તેમાં ૧૩૫ લોકોના મોત થયા હતા, જેમાં મોટાભાગે મહિલાઓ, બાળકો અને વૃદ્ધો હતા. ૧૩૭ વર્ષ જૂનો ઝૂલતો પુલ માત્ર પાંચ દિવસ પહેલા સમારકામ બાદ ફરીથી ખુલ્લો મુકાયો હતો.

૧૮ જાન્યુઆરી ૨૦૨૩- હરણી બોટ દુર્ઘટના, વડોદરા : ૧૮ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ ગુજરાતના વડોદરાના હરણી તળાવમાં વિદ્યાર્થીઓથી ભરેલી બોટ પલટી જતાં ૧૪ વિદ્યાર્થી અને બે શિક્ષકો સહિત ૧૬ લોકોનાં મોત થયા હતા. જ્યારે આ દુર્ઘટના સર્જાઈ ત્યારે બે ડઝન વિદ્યાર્થીઓ અને ચાર શિક્ષકો પિકનિક મનાવી રહ્યા હતા અને હરણી તળાવમાં બોટની સવારી કરી રહ્યા હતા.

૧ મે-૨૦૨૧, પટેલ વેલ્ફેર કોવિડ હોસ્પિટલ, ભરૂચ : ભરૂચ ખાતે જંબુસર બાયપાસ રોડ પર આવેલી પટેલ વેલફેર હોસ્પિટલના કોરોના કેર વોર્ડમાં પહેલી મે-૨૦૨૧માં આગ લાગી હતી. આ દુર્ઘટનામાં આઈસીયુ વોર્ડ સુધી આગની લપેટો પહોંચી ગઈ હતી અને હોસ્પિટલ પરિસરમાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. દુર્ઘટના અંગે જાણ થતા જ તાત્કાલિક બચાવ કાર્ય શરૂ કરી દેવામાં આવ્યું હતું પરંતુ સમગ્ર દુર્ઘટનામાં ૧૨ દર્દીઓ, સ્ટાફના ૨ કર્મી સહિત ૧૬ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો.

૬ ઓગસ્ટ-૨૦૨૦, શ્રેય હોસ્પિટલ, અમદાવાદ : અમદાવાદના નવરંગપુરામાં આવેલી શ્રેય હોસ્પિટલમાં ઓગસ્ટ ૨૦૨૦માં આગ લાગવાની ઘટના બની હતી. જેમાં કોરોનાની સારવાર લઈ રહેલા આઠ દર્દીઓના મોત નીપજ્યા હતા. કોરોનાના કાળ દરમિયાન ૭ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ નવરંગપુરામાં આવેલી શ્રેય હોસ્પિટલમાં વેન્ટીલેટરમાં શોર્ટ સર્કિટના કારણે આઈસીયુમાં આગ લાગી હતી. જેમાં કોરોનાની સારવાર લઈ રહેલા આઠ દર્દીઓના મરણ થયા હતા અને અનેક લોકોને ઈજાઓ પહોંચી હતી.

૨૪ મે-૨૦૧૯, તક્ષશિલા-સુરત : સુરતના સરથાણા વિસ્તારમાં કોચિંગ સેન્ટરમાં લાગેલી આગમાં ઓછામાં ઓછા ૨૨ વિદ્યાર્થીના મોત થયા હતા, જ્યારે અનેક ઘાયલ થયા હતા. આ કોચિંગ સેન્ટર તક્ષશિલા કોમ્પ્લેક્સના ત્રીજા અને ચોથા માળે આવેલું હતું. તેમાં મોટાભાગના કિશોરો હતા. તમામ વિદ્યાર્થીઓના મોત ગૂંગળામણને કારણે અને કોમ્પ્લેક્સમાંથી આગથી બચવા કૂદ્યા હોવાના કારણે થયા હતા. આગ લાગી ત્યારે બાળકો પોતાને બચાવવા માટે બારીમાંથી કૂદતા પણ દેખાયા હતા, જે ખૂબ જ ભયાનક દ્રશ્યો હતા. આ આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હતી.

## તક્ષશિલામાં ભોગ બનનાર પરિવારે કરી માંગ

# અમને તો ન્યાય નથી મળ્યો, રાજકોટમાં પરિવારને ન્યાય મળે

### રાજકોટમાં ગેમઝોનમાં થયેલા આગકાંડે સુરતનો તક્ષશિલા અગ્નિકાંડની યાદો તાજી કરાવી દીધી છે

સુરત, તા.૨૭

રાજકોટમાં ગેમઝોનમાં થયેલા આગકાંડના સમગ્ર ગુજરાતમાં પડઘા પડ્યા છે. આ ઘટનામાં અત્યાર સુધીમાં ૩૩ લોકોના મોત થયા છે. જેને લઈને આજે સુરતની તક્ષશીલા અગ્નિકાંડના પીડિત પરિવારો એકઠા થયા હતા. પરિવારને આજે ૫ વર્ષે પણ ન્યાય ન મળ્યો હોવાની વાત સામે આવી છે. રાજકોટમાં ગેમઝોનની દુર્ઘટના અંગે તક્ષશીલા અગ્નિકાંડના પીડિત પરિવારો એકઠા થઈને આગકાંડમાં ભોગ બનેલા પરિવારો માટે દુખ વ્યક્ત કર્યું હતું. આ પરિવારોએ રાજકોટ કાંડમાં ભોગ બનેલા વ્યક્તિઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. આ સાથે જ તેમણે જણાવ્યું કે, તક્ષશિલામાં ૫ વર્ષે બાદ પણ અમને ન્યાય મળ્યો નથી, પરંતુ રાજકોટમાં બનેલી ઘટનામાં ન્યાય મળે તેવી આશા રાખીએ છીએ. રાજકોટમાં ગેમઝોનમાં થયેલા આગકાંડે સુરતનો તક્ષશિલા અગ્નિકાંડની યાદો તાજી કરાવી દીધી છે. રાજકોટ જેવી જ ઘટના સુરતમાં ૫ વર્ષ પહેલા ઘટી હતી. ટ્યુશન ક્લાસિસમાં લાગેલી આગ અનેક માસુમોને ભરખી ગઈ હતી. જેમાં પોતાના વ્હાલસોયાને ગુમાવનાર પરિવારજનો આજે પણ એ આઘાતમાંથી બહાર આવી શક્યા નથી. ઢ્રીજ૧૮ ગુજરાતી સાથેની વાતચીતમાં પરિવારજનોએ પોતાની આપવીતી વર્ણવી હતી. ભોગ બનનાર પરિવારજનોનું કહેવું છે કે, આજે પણ તેમને ઉંઘ નથી આવતી. દીકરીના છેલ્લા શબ્દો આજે પણ પિતાના કાનમાં ગુંજે છે. તંત્ર સામે આ પરિવારોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. જણાવી દઈએ કે, ૨૪ મે ૨૦૧૯માં રોજ સુરતના તક્ષશીલા કોમર્શિયલ એપાર્ટમેન્ટમાં આગની ઘટના બની હતી. આ એપાર્ટમેન્ટમાં આગ લાગતા ટ્યૂશન ક્લાસિસમાં અભ્યાસ કરતા ૨૨ બાળકોના મોત થયા હતા. ભોગ બનેલા આ પરિવારોએ સરકાર સામે અનેક પ્રશ્નો ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, આજે ૫ વર્ષે પણ અમને ન્યાય મળ્યો નથી.

## રાજકોટ ગેમઝોન આગકાંડ

# NDRFની ટીમ દ્વારા આ ગુમ થયેલા લોકોની શોધખોળ

### ટીમને માનવ અવશેષો સાથે અનકે વસ્તુ પણ મળી, જેમાં કોઈનું કડું, ઘડિયાળ, વીંટી સહિતની વસ્તુ હાથ લાગી

રાજકોટ, તા.૨૭

નાના મોવા રોડ પર આવેલા TRP ગેમઝોનમાં લાગેલી આગમાં અત્યાર સુધીમાં ૩૩ લોકોના મોત થયા હોવાની વાત સામે આવી છે. તેમાંથી ૨૮ લોકોના બળીને ખાખ થયેલા મૃતદેહો મળી ગયા છે, પરંતુ હજુ પણ અનેક લોકો મળ્યા નથી. આથી, ગેમઝોન ખાતે NDRFની ટીમ દ્વારા આ ગુમ થયેલા લોકોની શોધખોળ કરવામાં આવી રહી છે.

જણાવી દઈએ કે, અગ્નિકાંડના ઘટના સ્થળેથી NDRFનું સર્ચે શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં ટીમને માનવ અવશેષો સાથે અનકે વસ્તુઓ પણ મળી છે. જેમાં, કોઈનું કડું, ઘડિયાળ, વીંટી સહિતની વસ્તુઓ હાથ લાગી છે. આ સાથે જ અનેક લોકોના બળીને ખાખ થયેલા અવશેષો પણ મળી આવ્યા છે.

આ ગોજારી ઘટનામાં અત્યાર સુધીમાં ૩૨ લોકોના મોત થયા હોવાની વાત સામે આવી છે. જેમાં નાના બાળકોથી લઈને મોટી ઉંમરના લોકોનો સમાવેશ થઈ રહ્યો છે. આ ઘટના સામે આવતા સમગ્ર દેશમાં શોકનો માહોલ જોવા મળી રહ્યો છે. હજુ પણ જે લોકો મળ્યા નથી, તેની શોધખોળ કરવામાં આવી રહી છે. ઘટના સ્થળ પર NDRFની ટીમ દ્વારા આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. સ્થળ પર એક પછી એક અવશેષો મળવાથી વિચલિત દ્રશ્યો સામે આવ્યા છે.

આ દુર્ઘટનામાં રાજકોટના સી.પી રાજુ ભાર્ગવે મીડિયા સાથે વાતચીત કરીને માહિતી આપી છે. રાજુ ભાર્ગવે જણાવ્યુ હતુ કે, ઝડપથી આરોપીઓ પકડાઈ તે અંગેની કાર્યવાહી ચાલી રહી છે. આ સાથે તેમણે જણાવ્યુ છે કે, ફાયર એનઓસીની કાર્યવાહી હજી ચાલી રહી હતી તે પૂર્ણ થઈ ન હતી. આ દુખદ દુર્ઘટનામાં ઝડપથી આરોપીઓ પકડાઈ તે અંગેની કાર્યવાહી ચાલી રહી છે. આ ગુનાની તપાસ ક્રાઈમ બ્રાંચને સોંપવામાં આવી છે. એક સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશનની ટીમની પણ રચના કરવામાં આવી છે. આ ગુનાની ઝડપથી તપાસ કરીને ચાર્જસીટ કરવા માટે બનતા પુરાવા ભેગા કરીશું. આ માટે ગાંધીનગરથી એફએસએસની ટીમ આવેલી છે જે પણ પોલીસને તપાસમાં મદદ કરશે.

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

### તા. ૨૭-૦૫-૨૦૨૪ થી ૦૨-૦૬-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન નોકરીયાત વર્ગ તથા વ્યાપારી વર્ગને અણધાર્યો લાભ થાય. પારિવારીક જીવનમાં કોઈ શુભ પ્રસંગનું આયોજન થાય. મોજ-શોખના કોઈ નવા સ્થળની મુલાકાત થાય. નાણાંકીય ખેંચ હોય તો તે દૂરથાય. જમીન-મકાન અંગેના પ્રશ્નોનો યોગ્ય ઉકેલ મળે. આ સપ્તાહ દરમિયાન કાર્યબોજમાં હળવાશનો અનુભવ કરી શકશો. જુગાર-શેર-સટ્ટાથી દૂર રહેવું હિતાહવ.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આરોગ્ય બાબતે સાવચેતી રાખવી જરૂરી બને. ગૃહજીવનની સમસ્યાનો સુખદ અંત આવતો જોવા મળે. મિત્ર-વર્તુળ દ્વારા તમને યોગ્ય માર્ગદર્શન મળી રહે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોથી આ સમય દરમિયાન દૂર રહેવું હિતાવહ. તેમજ ખાસકરીને જોવા જઈએ તો નવા કોઈ નાણાંકીય સાહસો કે રોકાણ હાલપૂરતા ટાળવા. લાંબા સમયથી પ્રયત્નશીલ રહ્યા હોવ તે યોજનામાં સપ્તાહના અંતે સફળતા મળે.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આર્થિક પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ થાય. આરોગ્ય અંગે ચિંતા દૂર થાય. વડીલવર્ગનો શુભ સહકાર પ્રાપ્ત કરી શકશો. કોઈપણ વસ્તુ જેવી કે જમીન, મકાન કે વાહનની લે-વેંચ હાલપૂરતી ટાળવી. ખાસ તો હિતશત્રુઓથી સાવચેત રહેવું ખૂબ જ જરૂરી છે. નવા આનંદદાયક સમાચાર પ્રાપ્ત થાય. સાસરાપક્ષ તરફથી લાભ મેળવી શકશો. મુસાફરી, પ્રવાસ, યાત્રા કરવા માટે સમય શુભ છે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

લાંબા સમયથી ચાલી આવતી અસ્થિરતા દૂર થાય. ભાઈ-બહેન દ્વારા આકસ્મીક લાભ મેળવી શકશો. પરિવારમાં સુમેળભર્યુ વાતાવરણ સર્જાય. જો કે, નાણાંકીય બાબતોમાં તો હજુ પણ સાવચેત રહેવા જેવો સમય છે. સમાજિક ક્ષેત્રે પ્રતિષ્ઠા વધારનારી કોઈ ઘટના બને, જેનો વધુલાભ ભવિષ્યમાં મળે. નોકરીયાત વર્ગે ઉપરી અધિકારી વર્ગથી સાવચેત રહેવું. સપ્તાહના અંત ભાગે નવિન શુભ સમાચાર મળે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

રોકાયેલા નાણાં છૂટા થાય તે માટે સમય સારો કહી શકાય. પારિવારીક જીવનમાં વધુ આનંદ અને ઉલ્લાસભર્યુ વાતાવરણ રહે. આરોગ્ય અંગેની ચિંતા દૂર થાય. મનની પ્રસન્નતામાં વધારો કરનારી ઘટના બને. કોઈ નાનકડા ધાર્મિક કાર્યક્રમના આયોજનમાં ધન ખર્ચ થવા સંભવ છે. તે ઉપરાંત સામાજિક કે વ્યવહારીક કાર્યમાં પણ ધન ખર્ચ થાય. કોઈ ગુપ્ત ષડયંત્રનો ભોગ ન બની જવાય.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

કોઈના જામીનગીરીના કાર્યથી દૂર રહેવાની ખાસ તકેદારી સાથે તમારા કાર્યક્ષેત્રમાં ખૂબ જ સાનુકૂળતાસભર સમય રહે. જૂની ઓળખાણ કે જૂના સંબંધો અણધાર્યો લાભ આપી જાય. સરકારી કામકાજ સરળતાપૂર્વક પાર પડી જાય. નાણાંકીય રોકાણ હાલપૂરતું ટાળવું. કોઈપણ મહત્વનો નિર્ણય કરવાનો હોય તો ખૂબ જ વિચારીને પગલું ભરવું. પરિવારના સભ્યો સાથે વાણી ઘર્ષણ ન થાય તેની તકેદારી રાખવી.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આરોગ્ય અંગે ચિંતા હોય તો તે દૂર થાય તેમજ નોકરી-ધંધા અંગેના પ્રયત્નોમાં ધારી સફળતા મેળવી શકશો. કોઈ અગત્યની મીટીંગ કે મિલન-મુલાકાત હોય તો તેમાં સફળતા મેળવી શકશો. પ્રિયજન સાથેના સંબંધોમાં લાગણીનો વધારો થાય. મિલ્કત અંગેના પ્રશ્નોનો સુખદ ઉકેલ આવે. ખોટી જવાબદારીમાંથી મુક્ત થવા માટેના ઉજળા સંજોગો છે. તમારા આત્મવિશ્વાસમાં વધારો કરનારી મહત્વની ઘટના બને.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

ખોટો વહેમ કે અંધશ્રધ્ધાના ભોગ ન બની જવાય તે જોજો. સામાજિક ક્ષેત્રે પ્રતિષ્ઠાને હાનિ ન પહોંચે તેની તકેદારી રાખવી. સંતાનવર્ગ દ્વારા નવિન શુભ સમાચાર મળે. માનસિક આનંદમાં વધારો કરનારી એકાદ ઘટના બને. ખોટા વાદ-વિવાદથી દૂર રહી અને પોતાના કાર્યમાં વ્યસ્ત રહેવું. તમે ધારેલા કાર્યની સફળતા માટે હજુ પણ તમારે ધીરજ રાખવી પડશે તેમજ સાહસિક કાર્યો પણ આ સમય દરમિયાન ટાળવા હિતાવહ છે.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

નવિન શુભ સમાચાર આપનારું તેમજ માનસિક આનંદ-ઉલ્લાસમાં વધારો કરનારું આ સપ્તાહ નાણાંકીય સમસ્યાનો ઉકેલ લાવનારું નીવડે. પારિવારીક સભ્યોની મદદથી અગત્યના કાર્યમાં પ્રગતિ થાય. આકસ્મીક પ્રવાસ-પર્યટનના યોગ છે તથા અગત્યના મિલન-મુલાકાત હોય તો તે સફળ બને. કાર્યક્ષેત્રમાં કોઈ સમસ્યા ઊભી ન થાય તેની તકેદારી રાખજો. માંગલિક કાર્યમાં સફળતા મળે. કોઈને કોઈ કાર્યમાં વ્યસ્ત રહેવાને કારણે થાક અને સુસ્તીનો અનુભવ થાય.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

માનસિક ટેન્શનમાંથી હળવાશનો અનુભવ કરનારું આ સપ્તાહ પરોપકારના કાર્યોથી દૂર રહેવાનું સૂચવે છે અન્યથા ખોટી સમસ્યામાં ફસાવવાનો વખત આવે. વિદેશ સંબંધિત કાર્યોમાં ધારી સફળતા મળે. જીવનસાથી સંબંધિત કોઈ પ્રશ્ન હોય તો તેનો ઉકેલ આવે. નવી લાભની તક હાથમાં આવે. વડીલવર્ગ સાથે મતભેદ ન સર્જાય તેની કાળજી રાખવી. એકંદરે આ સપ્તાહ દરમિયાન તમને મિશ્રફળ મળતું હોય તેવો અનુભવ કરશો. વિદ્યાર્થી વર્ગે સાવચેત રહેવું.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

લાંબા સમયથી ચાલી આવતા ટેન્શનમાંથી મુક્ત થઈ અને ખૂબ જ હળવાશ અનુભવી શકશો. વ્યાપાર-ધંધામાં એકંદરે રાહત આપનારો આ સમય પારિવારીક જીવનમાં કોઈ મહત્વની ઘટના પાર પાડનારો બને. નાણાંકીય વ્યવહારો ખૂબ જ સરળતાપૂર્વક પાર પાડી શકશો. બાકી રહેલા કાર્યોને પૂર્ણ કરી શકશો. શત્રુઓ સાથેના સંબંધો મિત્રતામાં પરિણમવાના સંજોગો છે. સંતાન સંબંધી કોઈ પ્રશ્ન હશે તો તેનો સુખદ ઉકેલ આવે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

લાંબાગાળાના આયોજનો સફળ થાય. માનસિક આનંદ-ઉત્સાહમાં વધારો કરનારી કોઈ મહત્વની ઘટના બને. જીવનસાથીનો શુભ સહકાર સાંપડે. આર્થિક સમસ્યાનું આકસ્મિક નિરાકરણ થાય. આરોગ્ય અંગેની ચિંતા હોય તો તે દૂર થાય. કોઈ એવી ઘટના બને જેથી ઈશ્વર પ્રત્યેની તમારી શ્રધ્ધામાં વધારો થાય. મિત્ર-વર્તુળની મદદથી કોઈ અગત્યનું કાર્ય પાર પાડી શકશો. જમીન-મકાન-વાહનને લગતા કાર્યમાં સફળતા મળે.

# રાજ્યના ૨૦૭ જળાશય-ડેમમાં ઉનાળા મધ્યે પાણીના તળ ૫૦ ટકાથી પણ નીચે

**રાજ્યના પાંચ જળાશયો ખાલીખમ : કેટલાક વિસ્તારોમાં પાણીની કટોકટી સર્જાઈ શક છે**



ગાંધીનગર, તા.૨૭

ઉનાળામાં મે માસ પૂરો થવા આવી રહ્યો છે અને કાળઝાળ ગરમી ઓછી થવાનું નામ નથી લઈ રહી ત્યારે બીજી તરફ પાણીની જરૂરિયાત વચ્ચે ગુજરાતના જળાશયોમાં પાણીનો જથ્થો ૫૦ ટકાથી પણ નીચે ગયો છે. આ વખતે પણ દર વર્ષની જેમ પાણીની તંગી સામે ઝઝૂમવાની સ્થિતિ સર્જાઈ શકે છે, કેમકે હાલમાં રિપોર્ટ પ્રમાણે, રાજ્યના જળાશળોના જળસ્તરોમાં ઉનાળાની સિઝનમાં જ ઘટાડો જોવા મળી રહ્યો છે. દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૩૯.૬૦ ટકા જળ સંગ્રહ છે તો સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૧૭.૩૩ ટકા જળ સંગ્રહ, કચ્છના ૨૦ જળાશયોમાં ૨૯.૯૮ ટકા જળ સંગ્રહ,સરદાર સરોવર ડેમમાં ૫૫.૧૭ ટકા છે જ્યારે ૮૬ ડેમમાં ૧૦ ટકા કરતા ઓછું પાણી બાકી રહ્યું છે. આગામી દિવસોમાં ખાસ કરીને ઉનાળામાં ચિંતાજનક સ્થિતિ સર્જાઈ શકે છે. અત્યારે રાજ્યના પાંચ જળાશયો ખાલીખમ છે. ઉનાળો શરૂ થતાની સાથે જ રાજ્યમાં સિંચાઈનાં પાણીને લઈ ખેડૂતોની ચિંતા વધી છે. ઉત્તર ગુજરાતનાં ૧૫ જળાશયોમાં ૩૪.૧૩ ટકા પાણી ઉપલબ્ધ છે. ત્યારે પીવાનાં પાણીની સ્થિતિ પહોંચી વળવા માટે તેમજ સિંચાઈ માટે પાણીની અછત સર્જાવાની શક્યતા છે. ખેડા જિલ્લામાં ૧૪ ટકા, સુરતમાં ૧૫ ટકા, અમરેલીમાં ૧૮, બોટાદમાં ૨૩ ટકા જ્યારે જામનગરમાં ૧૮ ટકા પાણી છે. આ તમામ વિસ્તારમાં સિંચાઈ માટે પાણીની તંગી સર્જાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. બીજી તરફ બનાસકાંઠામાં સૌથી વધારે ૩ લાખ હેક્ટરમાં વાવેતર છે. જેમાં ૧.૬૯ લાખ હેક્ટરમાં બાજરી છે. અન્ય એક પણ જિલ્લામાં એક લાખ હેક્ટરથી વધારે વિસ્તારમાં વાવેતર નથી. આણંદ જિલ્લામાં ૭૩ હજાર હેક્ટર, જૂનાગઢમાં ૫૫ હજાર હેક્ટર વાવેતર છે. ડાંગ જિલ્લામાં ૨૦૦૦ હેક્ટર, નર્મદા જિલ્લામાં ૩૮૦૦ હેક્ટર, દ્વારકામાં ૪૬૦૦ હેક્ટર, વલસાડમાં ૫૭૦૦ હેક્ટર વિસ્તારમાં ઉનાળું વાવેતર છે. ગાઈડલાઈન મુજબ પીવાનું પાણી પૂરૂં પાડવા પ્રાથમિકતા અપાઈ રહી છે. દક્ષિણ ગુજરાતમાં ઉકાઈ ડેમમાં શિયાળુ પાક માટે પાણી અપાયું હતું. ૫૦ હજાર હેક્ટર જેટલી જમીનમાં ઉનાળુ પાક માટે પણ પાણી આપ્યું છે. હવે ડેમની સ્થિતિ જોતા પીવાના પાણીની સમસ્યાને પહોંચવાની કામગીરી કરાશે.

# રાજ્યમાં અનેક સ્થળોએ આગામી ત્રણ દિવસ હીટવેવની આગાહી

અમદાવાદ, તા.૨૭

રાજ્યમાં આકરો ઉનાળો પોતાનો તીવ્ર મિજાજ બતાવી રહ્યો છે. આકાશમાંથી અગન વર્ષા થતી હોય તેવી તીવ્ર ગરમી વચ્ચે હજી પણ આગામી ત્રણ દિવસ રાજ્યમાં મોટાભાગના જિલ્લાઓમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે. જ્યારે મહત્તમ તાપમાન ૧થી ૨ ડિગ્રીના ઘટાડા વચ્ચે ગરમીનો પ્રકોપ જારી રહ્યો હતો. ૪૫.૫ ડિગ્રી તાપમાન સાથે ગાંધીનગર અને અમદાવાદના લોકોએ તીવ્ર ગરમીનો અનુભવ કર્યો હતો. હજુ પણ આગામી ત્રણ દિવસ દરમ્યાન સૌરાષ્ટ્રના ભાવનગર, કચ્છ, બોટાદ, સુરેન્દ્રનગર, દીવમાં હીટવેવની અસર રહેશે. જ્યારે મધ્ય ગુજરાતમાં છોટાઉદેપુર અને વડોદરા શહેરમાં હીટવેવની અસર રહેશે. ઉપરાંત અમદાવાદ અને ગાંધીનગરમાં રેડ એલર્ટ રહેશે. બનાસકાંઠા, પાટણ, મહેસાણા, અરવલ્લી, મોડાસા, સાબરકાંઠા, આણંદ, ખેડા, મહીસાગર, પંચમહાલ, છોટાઉદેપુર, વડોદરા, જામનગર, બોટાદ, જૂનાગઢ, સુરેન્દ્રનગર, કચ્છમાં ઓરેન્જ એલર્ટ રહેશે. સૂત્રોના જણાવ્યા અનુસાર ત્રણ દિવસ બાદ તાપમાનમાં ત્રણ ડિગ્રી જેટલો ઘટાડો થવાની શકયતા છે. જેને પગલે ગરમીમાં સામાન્ય રાહત મળી શકે છે. હાલમાં ઉત્તર દિશા તરફથી આવતા પવનો ફૂંકાઈ રહ્યા છે. જેને પગલે ગરમીમાં તીવ્ર વધારો જોવા મળી રહ્યો છે. જ્યારે ગરમીને પગલે હીટ સ્ટ્રોકથી બચવાના ઉપાયો હાથ ધરવા તેમજ બપોરના સમયે અગત્યના કામ વગર બહાર ન નીકળવા તંત્ર દ્વારા લોકોને ખાસ અપીલ કરવામાં આવીછે તો વધારે પ્રમાણમાં પાણી, છાશ, લીંબુ સરબત વગેરે પીવાની પણ સલાહ આપવામાં આવી છે.

# રાજ્યભરમાં નકલી ખાતર-બિયારણ મુદ્દે સઘન તપાસ ઝૂંબેશ : ૨૩૪ને નોટિસ ઈશ્યુ

ગાંધીનગર, તા.૨૭

રાજ્યના ખેડૂતોને ગુણવત્તાયુક્ત ખાતર, બિયારણ અને દવાઓ મળી રહે તે માટે રાજ્ય સરકારના ખેતીવાડી ખાતા દ્વારા રાજ્યવ્યાપી દ્વિ-દિવસીય ખાસસઘન ચકાસણી ઝૂંબેશ શરૂ કરવામાં આવી છે. આ હેતુસર સમગ્ર રાજ્યમાં ક્ષેત્રીય કક્ષાએથી ૩૯ ટીમો દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી રહી હતી. રાજ્ય સરકારે આ ઝુંબેશને વધુ વેગવંતી બનાવવા તા.૨૩/૫/૨૦૨૪થી સ્ટેટ લેવલની ૧૯ સ્કવોડ દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં સઘન ચકાસણી હાથ ધરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ધરતીપુત્રોને બિયારણ, ખાતર અને દવા ગુણવત્તા યુક્ત મળે તે સુનિશ્ચિત કરવા રાજ્યના ખેતીવાડી વિભાગને આપેલા દિશા-નિર્દેશો અનુસાર આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં વિવિધ ઈનપુટના ૩૨ ઉત્પાદકો તેમજ બિયારણના ૪૧૭, ખાતરના ૨૬૮ અને દવાના ૩૭૮ વિક્રેતાઓની આ ઝૂંબેશ અન્વયે ખેતીવાડી વિભાગની ટીમ દ્વારા તપાસણી મુલાકાત લીધી છે. આ મુલાકાત દરમ્યાન બિયારણના ૨૧૦, ખાતરના ૫૧ અને દવાના ૨૯ એમ કુલ ૨૯૦ નમૂના લેવામાં આવ્યા છે જેને પૃથક્કરણ માટે રાજ્યની જુદી-જુદી માન્ય લેબમાં એનાલિસિસ માટે મોકલવામાં આવશે. આ જે ૨૯૦ નમૂના એકત્ર કરવામાં આવ્યા છે તેમાં કપાસના ૧૦૮ નમૂના લેવાય છે તેમાં ૪૩ નમૂના શંકાસ્પદ જીનેટીકલી મોડીફાઈડ અને અનઅધિકૃત કપાસ તરીકે લેવામાં આવ્યા છે. એટલું જ નહીં, સાબરકાંઠા જિલ્લામાં લેવાયેલા કપાસના આઠ નમૂના પૈકીના પાંચ નમૂના શંકાસ્પદ જીનેટીકલી મોડીફાઈડ અનઅધિકૃત કપાસ તરીકે લેવાય છે. ખાસ કિસ્સામાં પાંચ દિવસમાં તેનું એનાલિસિસ કરીને પરિણામ જાહેર કરાશે. આ સઘન ચકાસણી ઝૂંબેશ દરમ્યાન તા.૨૩/૫/૨૦૨૪ના પ્રથમ દિવસે એક જ દિવસમાં અંદાજે ૧.૬૮ કરોડ રૂપિયાનો જથ્થો અટકાવવામાં આવ્યો છે જેમાં બિયારણનો ૫૨,૬૧૯ કિલોગ્રામ, ખાતરનો ૮૨ મેટ્રિક ટન અને દવાઓનો ૬૦૦ કિલોગ્રામ/લિટર જથ્થાનો સમાવેશ થાય છે. આ રાજ્ય વ્યાપી સઘન ચકાસણી ઝૂંબેશ દરમ્યાન ૧૯ ટીમને જોવા મળેલી અલગ-અલગ ખામીઓ ધ્યાનમાં લેતા ૨૩૪ જેટલી નોટિસ પણ આપવામાં આવી છે.

# પાકિસ્તાનમાં હજારો લોકો હીટવેવને લીધે હોસ્પિટલમાં દાખલ થઈ રહ્યા છે

ઈસ્લામાબાદ, તા.૨૭

આ વર્ષે ગરમીની ભયાનક લહેર વચ્ચે તાપમાન ૫૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે અને સમગ્ર પાકિસ્તાનની હોસ્પિટલોમાં હજારો હીટસ્ટ્રોક પીડિતોની સારવાર કરવામાં આવી રહી છે. સરકારના ક્લાયમેટ ચેન્જના વડા રોમિના આલમે જણાવ્યું હતું કે, દક્ષિણ એશિયાના આ દેશમાં ચોથા દિવસે પણ કાળઝાળ ગરમી પડી રહી છે અને તે વધુ એક સપ્તાહ સુધી રહેવાની શક્યતા છે. દેશના મુખ્ય મેટ્રોલોજિસ્ટ સરદાર સરફરાઝે જણાવ્યું હતું કે હજુ પણ તાપમાન ૫૧ ડિગ્રી સુધી જઈ શકે છે. સિંધના દક્ષિણ પ્રાંતમાં એમ્બ્યુલન્સ દ્વારા અનેક લોકોને હોસ્પિટલો અને તમામ મોટા શહેરોમાં અસ્થાયી ગરમીની રાહત શિબિરોમાં લઈ જવામાં આવ્યા હતા. સ્થાનિક અધિકારી શાહ જમાને જણાવ્યું હતું કે, અમે હજારો લોકોની સારવાર કરી છે અને વધુ લોકો આવી રહ્યા છે. દાદુ શહેરની એક હોસ્પિટલમાં ડોક્ટર તાહિર ફારૂક અને તેમની ટીમ સારવાર કરી રહી છે અને અહી તાપમાન ૫૦ સુધી પહોંચ્યું હતું. પાકિસ્તાન સરકારે ગયા અઠવાડિયે શાળાઓને અસ્થાયી રૂપે બંધ કરવાનો આદેશ આપ્યો હતો, પરીક્ષાઓ મુલતવી રાખી હતી અને હોસ્પિટલોમાં કટોકટી જાહેર કરી હતી કારણ કે, આ ઉનાળાની પ્રથમ ગરમીનું ભયાનક મોજું શરૂ થયું હતું. સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે, ઉનાળાના આ સમયે તાપમાન તેના સામાન્ય સ્તર કરતાં આઠ ડિગ્રી સેલ્સિયસ સુધી વધી રહ્યું છે અને તેનું કારણ હવામાન પરિવર્તન છે. આબોહવા-પ્રેરિત આફતોમાં દર વર્ષે પાકિસ્તાનમાં સેંકડો લોકોના મૃત્યુ થાય છે જ્યારે વૈશ્વિક કાર્બન ઉત્સર્જનમાં ઓછું યોગદાન આપતા દેશમાં હજારો લોકો તેમના રહેઠાણ અને આજીવિકા ગુમાવે છે.

# શિક્ષણ બોર્ડની પૂરક પરીક્ષામાં રાજ્યના ૨.૨૬ લાખ વિદ્યાર્થીઓ હાજર રહેશે

અમદાવાદ, તા.૨૭

શિક્ષણ બોર્ડ દ્વારા ૨૪ જૂનથી લેવામાં આવનારી ધોરણ-૧૦ની પૂરક પરીક્ષા માટે ૧.૩૫ લાખ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષા માટે ૫૬ હજાર વિદ્યાર્થીઓ નોંધાયા છે. આ વખતે ધોરણ-૧૦માં ૩ વિષયમાં નાપાસ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૨ વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની પણ પૂરક પરીક્ષા લેવામાં આવનાર હોવાથી વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે. આ ઉપરાંત ધોરણ૧૨ સાયન્સમાં પણ ૩૪ હજાર જેટલા વિદ્યાર્થી નોંધાયા હોવાથી કુલ ૨.૨૬ લાખ જેટલા વિદ્યાર્થી પૂરક પરીક્ષા આપશે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચમાં લેવામાં આવેલી ધોરણ-૧૦ની પરીક્ષાના પરિણામમાં ૩ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ આ વખતે પૂરક પરીક્ષા આપી શકે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. ધોરણ૧૦માં એક અથવા બે અથવા ત્રણ વિષયમાં નાપાસ કે ગેરહાજર રહેલા વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા આપી શકે તેમ હોવાથી તેમના માટે ૧૫ મેથી પૂરક પરીક્ષા માટેના ફોર્મ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૨૩ મે સુધી વિદ્યાર્થીઓના ફોર્મ બોર્ડ દ્વારા સ્વીકારવામાં આવ્યા હતા. આ સમયગાળા દરમ્યાન સમગ્ર રાજ્યમાંથી ધોરણ-૧૦ના ૧૩૫૮૩૭ વિદ્યાર્થીઓએ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે ફોર્મ ભર્યા હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં અત્યાર સુધી એક જ વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા લેવાતી હતી. તેના બદલે આ વખતથી સામાન્ય પ્રવાહમાં બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પણ પુરક પરીક્ષા લેવામાં આવનાર છે. જેથી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ માટે પણ ૧૫ મેથી પૂરક પરીક્ષા માટે ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જેમાં ૨૩ મે સુધી ઓનલાઈન ફોર્મ સ્વીકારવામાં આવ્યા બાદ રાજ્યના ૫૬૦૬૧ વિદ્યાર્થીઓએ પુરક પરીક્ષા માટે ફોર્મ ભર્યા હતા. ધોરણ-૧૨ સાયન્સમાં પણ ૩૪ હજાર જેટલા ફોર્મ ભરાયા હતા. આમ, ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૧૨ સાયન્સના મળી કુલ ૨.૨૬ લાખ જેટલા વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા આપવા માટે ઉપસ્થિત રહેશે.

# ઉત્તરાખંડ ચારધામ યાત્રાના લગભગ એક પખવાડિયામાં ૫૦થી વધુ તીર્થયાત્રીઓનાં મોત

દેહરાદૂન, તા.૨૭

લગભગ બે અઠવાડિયા પહેલા ૧૦ મેએ ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા શરૂ થયા પછીથી અત્યાર સુધી ૫૦થી વધુ તીર્થયાત્રીઓનાં મોત થયા છે. એક પ્રેસ કોન્ફરન્સમાં ગઢવાલ કમિશનર વિનય શંકર પાંડેએ જણાવ્યું કે, અત્યાર સુધી બાવન ચારધામ તીર્થયાત્રીઓનાં મોત થયા છે. જેમાંથી વધુ પડતા મૃત્યુ હાર્ટ એટેકથી થયા છે તેમાંથી વધુ પડતા ૬૦ વર્ષથી વધુ ઉંમરના હતા. ગંગોત્રીમાં ત્રણ, યમુનોત્રીમાં ૧૨, બદ્રીનાથમાં ૧૪ અને કેદારનાથમાં ૨૩ શ્રદ્ધાળુઓનાં મોત થયા છે. ૫૦ વર્ષથી વધુ ઉંમરના શ્રદ્ધાળુઓ માટે મેડિકલ સ્ક્રીનિંગ જરૂરી કરી દેવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું કે, હિમાલયી મંદિરોના રસ્તામાં સ્ક્રીનિંગ કરવામાં આવી રહી છે અને તીર્થયાત્રીઓને સલાહ આપવામાં આવી રહી છે કે, જો તે મેડિકલ તરીકે સ્વસ્થ નથી જણાતા તો યાત્રા ના કરે. જો કે, જો તેમ છતાં તે યાત્રા જારી રાખવા પર અડી રહે છે તો તેમને એક ફોર્મ ભર્યા પછી આગળ જવાની પરવાનગી આપવામાં આવે છે. તેમણે જણાવ્યું કે, ચારધામ યાત્રા વ્યવસ્થાઓને વધુ સારી બનાવવા માટે સતત પ્રયાસ કરવામાં આવી રહી છે. અત્યાર સુધી ૯ લાખ ૬૭ હજાર ૩૦૨ શ્રદ્ધાળુ ચારધામ કરી ચૂક્યા છે. પાંડેએ જણાવ્યું કે, ચારેય ધામો ઉપર યાત્રા સુચારૂં રીતે ચાલી રહી છે.

# પુરૂષોની સરખામણીમાં સ્ત્રીઓ માટે વજન ઉતારવું અઘરૂં છે


**તાજેતરના રિસર્ચ મુજબ બંન્નેનાં મગજની રચના જુદી હોવાથી પુરૂષો કરતાં સ્ત્રીઓને વજન ઉતારવામાં વધુ તકલીફ પડે છે. પુરૂષો અને સ્ત્રીઓનું મેટાબોલિઝમ જુદું હોય છે. શારીરિક રચના અને ઓબેસિટી થવા પાછળનાં કારણો પણ ભિન્ન હોય છે. એટલે જ ડાયટ અને એક્સરસાઈઝના માધ્યમથી વેઈટલોસ કરવા ઈચ્છતી સ્ત્રીઓને પુરૂષો જેટલું ઝડપી રિઝલ્ટ મળતું નથી. અને સમયની સાથે-સાથે મહેનત પણ વધુ લાગે છે**

એક એવી માન્યતા છે કે સ્ત્રીઓ પોતાના દેખાવ પ્રત્યે પુરૂષો કરતાં વધુ સભાન હોય છે. એ માટે જાડા ન થઈ જવાના પ્રયત્નોમાં સ્ત્રીઓ પુરૂષો કરતાં આગળ હોય છે. લગ્ન વખતના અને લગ્નનાં પચીસ વર્ષ પછીના જો સ્ત્રી-પુરુષના ફોટો સરખાવીએ તો સમજી શકાય છે કે સ્ત્રીઓ પચીસ વર્ષમાં ખૂબ બદલાઈ ગઈ હોય છે. ખાસ તો જાડી થઈ જવાને લીધે કેટલીક તો ઓળખાતી પણ નથી હોતી, પરંતુ પુરુષો પચીસ વર્ષ પછી પણ મોટા ભાગે એવા જ દેખાતા હોય છે. બહુ-બહુ તો તેમના માથે ટાલ આવી હોય અથવા પેટનો ઘેરાવો વધી ગયો હોય. આ ફક્ત અવલોકન નથી. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના આંકડાઓ મુજબ દુનિયામાં ઓબેસિટીનું પ્રમાણ સ્ત્રીઓમાં વધુ છે. દુનિયાના કેટલાક ભાગોમાં સ્ત્રીઓમાં ઓબેસિટીનું પ્રમાણ પુરૂષો કરતાં લગભગ બમણું જોવા મળે છે. સ્ત્રીઓમાં ઓબીસ એટલે કે સ્થૂળ બનવા પાછળનાં અમુક ખાસ કારણો છે અને એથી પણ વિશેષ એ છે કે સ્ત્રીઓનું વજન ઉતારવું પુરૂષો જેટલું સરળ નથી હોતું.

તાજેતરમાં જર્નલ મોલેક્યુલર મેટાબોલિઝમમાં છપાયેલા એક રિસર્ચમાં વૈજ્ઞાનિકોએ એ શોધી કાઢ્યું કે સ્ત્રીઓમાં વજન ઓછું કરવું પુરૂષોની સરખામણીએ અઘરૂ છે. આ સ્ટડીમાં તેમણે ઉંદરો ઉપર પ્રયોગ દ્વારા સાબિત કર્યું કે મગજનો એક ભાગ છે જે આપણા ખોરાકમાંથી મળતી કેલરીનો ઉપયોગ કઈ રીતે કરવો એ સાથે સંકળાયેલો છે અને આ ભાગ સ્ત્રી અને પુરૂષમાં જુદી રીતે બનેલો હોય છે. મગજના કોષો એક મહત્વપૂર્ણ હોર્મોન બનાવે છે જેનું નામ છે પ્રો-ઓપીઓમિલાનોકોર્ટિન પેપ્ટાઈડ્સ. આ હોર્મોન આપણી ભૂખ પર, ફિઝિકલ એક્ટિવિટી, વાપરવામાં આવતી એનર્જી અને શરીરના વજન ઉપર નિયંત્રણ રાખવાનું કામ કરે છે. પરંતુ સ્ત્રીઓના શરીરમાં આ હોર્મોન એક્ટિવલી કામ કરતું જણાતું નથી. ખાસ કરીને એનર્જી વાપરવામાં અને ફિઝિકલ એક્ટિવિટીમાં એનું જેવું નિયંત્રણ હોવું જોઈએ એ છે નહીં. એકસરખા પ્રયત્ન નર અને માદા ઉંદર ઉપર કરવાથી તેમને જોવા મળ્યું કે નર ઉંદરનું વજન ઊતરી ગયું, પણ માદા ઉંદરનું વજન ઉતારવું સહેલું નહોતું. આમ આ સ્ટડીએ નોંધ્યું કે શારીરિક ફેરફારોને કારણે સ્ત્રીઓ માટે પુરૂષોની સરખામણીમાં એ ઘણું જ અઘરૂ છે.

### ઓબેસિટી પાછળનાં અલગ કારણો

હકીકત એ છે જ કે સ્ત્રી અને પુરૂષનાં શરીર ભિન્ન છે. બંન્ને શરીર પર બાહ્ય અને આંતરિક પરિબળોની અસર જુદી-જુદી રહે છે. સ્ત્રી અને પુરૂષના ઓબીસ થવાનાં કારણો પણ જુદાં-જુદાં હોય છે. સ્ત્રીઓ અને પુરૂષો બંન્નેની જો લાઈફ-સ્ટાઈલ ખોટી હોય તો બંન્ને પર ઓબેસિટીનો ખતરો રહે જ છે. પરંતુ જો માની લઈએ કે એક સ્ત્રીની લાઈફ-સ્ટાઈલ એકદમ પર્ફેક્ટ છે, તેની ડાયટ બરાબર છે, તે નિયમિત એક્સરસાઈઝ કરે છે, તે ઊંઘ પણ વ્યવસ્થિત લે છે તો પણ જો કોઈ કારણોસર તેના શરીરમાં હોર્મોન્સને લગતા કોઈ પણ પ્રોબ્લેમ આવ્યા તો ચોક્કસ તેના વજનમાં ફરક દેખાય છે. એ વાત ઉપર પ્રકાશ પાડતાં ફિઝિયોશ્યોર, જુહુનાં ફિઝિયોથેરપિસ્ટ ડો. વિભૂતિ કાણકિયા કહે છે, 'પોલિસિસ્ટિક ઓવરી સિન્ડ્રોમ, થાઈરોઈડ જેવા હોર્મોનલ પ્રોબ્લેમ્સ આજકાલ ઘણા કોમન થઈ ગયા છે. આ સિવાય પ્રેગ્નન્સી, બ્રેસ્ટ-ફીડિંગ જેવી અવસ્થાઓમાં સ્ત્રીના શરીરમાં ઘણી ઊથલપાથલ થાય છે જેને કારણે તે ઓબીસ થઈ શકે છે. માસિક ચક્રમાં જો કોઈ પણ તકલીફ આવે, અનિયમિતતા આવે તો પણ તેના શરીર ઉપર એ દેખાવા લાગે છે. આમ સ્ત્રીઓનું ઓબેસિટીથી બચવું સંપૂર્ણપણે તેના પોતાના હાથમાં નથી. જ્યારે પુરૂષોની વાત કરીએ તો કોઈ પણ પુરૂષ ઓબીસ ત્યારે જ બને છે જ્યારે તેની લાઈફ-સ્ટાઈલ ખોટી હોય. ડ્રિન્કિંગ, બેઠાડુ અને સ્ટ્રેસફુલ જીવન અને સ્ત્રીઓ કરતાં વધુ લાગતી ભૂખ તેમની ઓબેસિટી પાછળ જવાબદાર હોઈ શકે છે. ઘણા લોકો વંશાનુગત




જાડા હોય છે, પણ એવા ઘણા ઓછા છે.'

### મેટાબોલિઝમનો તફાવત

મેટાબોલિઝમ એટલે ચયાપચયની પ્રક્રિયા. પુરૂષોમાં આ પ્રક્રિયા ઘણી પ્રબળ હોય છે, જ્યારે સ્ત્રીઓમાં એ પુરૂષોની સરખામણીએ ઓછી પ્રબળ હોય છે. આ વિશે વાત કરતાં ડો. વિભૂતિ કાણકિયા કહે છે, 'યોગ્ય લાઈફ-સ્ટાઈલ દ્વારા એક્સરસાઈઝ વડે મેટાબોલિઝમને સ્ટ્રોન્ગ બનાવી શકાય છે, પરંતુ કુદરતી જે ફરક છે એ તો રહેવાનો જ છે. વ્યક્તિનું મેટાબોલિઝમ જેટલું સ્ટ્રોન્ગ હોય એટલું જ વજન ઉતારવું તેના માટે સરળ બની જાય છે. વ્યક્તિ યુવાન હોય ત્યારે તેનું મેટાબોલિઝમ સ્ટ્રોન્ગ હોય છે અને જેમ-જેમ ઉંમર વધે એમ મેટાબોલિઝમ નબળું બનતું જાય છે. એટલે જ મોટી ઉંમરે વજન ઉતારવું અઘરૂ બને છે. સરખામણી કરીએ તો પુરૂષોના મેટાબોલિઝમ કરતાં સ્ત્રીઓનું નબળું હોવાથી સ્ત્રીને વજન ઉતારવામાં તકલીફ પડે છે.'

### મહેનત વધુ

સ્ત્રી અને પુરૂષોની ઓબેસિટીમાં બીજો પણ એક ફરક છે. ખાસ કરીને જો આપણે આદર્શ વજન કરતાં ૧૦-૨૦ કિલો વધુ વજનની વાત કરતા હોઈએ તો સ્ત્રીઓમાં આ વજન આખા શરીર ઉપર ફેલાયેલું હોય છે. આ વાતને ઉદાહરણ સાથે સમજાવતાં ડો. વિભૂતિ કાણકિયા કહે છે, 'જેમ કે સ્ત્રી જાડી થાય તો તેનાં હાથ, હિપ્સ, સાથળ, કમર, પેટ બધે જ ચરબી જમા થવાનું શરૂ થાય છે.

પુરૂષોમાં ચરબી મોટા ભાગે પેટ પર જ જમા થતી હોય છે. આમ ઉદાહરણ તરીકે સાડાપાંચ ફુટનાં સ્ત્રી-પુરુષ બંન્ને ૭૮ કિલોનાં હોય તો સ્ત્રી જ્યારે પાતળી થવાની કોશિશ કરે છે ત્યારે તેણે ઘણા જુદા-જુદા ભાગોની સ્પેશ્યલ કસરતો કરવી પડે છે, જ્યારે પુરૂષોને મોટા ભાગની ચરબી પેટ પર જ હોય છે એટલે એ એક ભાગ પર જ તેણે ધ્યાન આપવાનું હોય છે. આમ સ્ત્રીઓની મહેનત વધી જાય છે.'

### સર્જરીમાં નિયમ ઊંધો

શારીરિક રીતે વજન ઓછું કરવાનું સ્ત્રીઓ માટે અઘરૂ છે એ વાત તો સાચી, પરંતુ અમુક પ્રોબ્લેમ્સ પુરૂષોને પણ થાય છે જેમ કે વજન ઓછું કરવા માટે ખોરાક ઉપર નિયંત્રણ જરૂરી છે. પુરૂષોની ભૂખ સ્ત્રીઓની સરખામણીમાં ઘણી વધુ રહે છે. એટલે એના ઉપર નિયંત્રણ કરવું તેમના માટે પણ અઘરૂ છે. વળી ઓબેસિટીની ઘાતક અસર સ્ત્રીઓની સરખામણીમાં પુરૂષો ઉપર વધુ રહે છે. એક્સરસાઈઝ અને ડાયટ દ્વારા સ્ત્રીઓનું વજન ઉતારવું પુરૂષો કરતાં ભલે કપરૂ હોય, પરંતુ જો આદર્શ વજન કરતાં ૩૫-૪૦ કિલો વધુ હોય અને બેરિયાટ્રિક સર્જરી કરાવવી પડે તો સ્ત્રીઓ માટે વધુ સહેલું છે એમ જણાવતાં આસ્થા હેલ્થકેર, મુલુંડ અને જસલોક હોસ્પિટલના બેરિયાટ્રિક સર્જન ડો. મનીષ મોટવાણી કહે છે, 'સ્ત્રીઓમાં જે ઓબીસ હોય છે તેમની સર્જરીમાં ખાસ કોમ્પ્લીકેશન્સ નથી હોતાં. પુરૂષોમાં ઘણાં કોમ્પ્લીકેશન હોય છે. સર્જરી કરીએ ત્યારે સ્ત્રીઓમાં પુરૂષો કરતાં વધુ સારૂ રિઝલ્ટ મળતું હોય છે. એટલે કે ૩૦૦ કિલોની સ્ત્રી હોય તો એક પુરૂષ કરતાં સર્જરી દ્વારા તેને ૭૦-૮૦ કિલોની સ્ત્રી બનાવવી વધુ સરળ છે.'

### ઘરમાં ત્રીજા બાળકની કિલકારી ગુંજી

# અમરેલીમાં ભાજપના બે કાઉન્સિલરોનું પદ છીનવાયું

## દામનગર નપાના ભાજપના બંને કાઉન્સિલરોના પરિવારના ઘરે ત્રીજા સંતાનના આગમનથી તેમની વિરૂધ્ધ કાર્યવાહી કરાઈ

અમરેલી, તા.૨૭

અમરેલીની દામનગર નગર પાલિકાના ભાજપના બે નગર સેવકોને ગેરલાયક ઠેરવવામાં આવ્યા છે. દામનગર પાલિકાના વોર્ડ નંબર બે અને વોર્ડ નંબર ત્રણના એક-એક સદસ્ય સંતાનોની ખોટી માહિતી આપવા માટે ગેરલાયક ઠેરવાયા છે. કાન્સિલર ખીમાભાઈ દાનાભાઈ કસોટીયા અને મેઘનાબેન અરવિંદભાઈ બોખાને ગેરલાયક ઠેરવવામાં આવ્યા છે. બંને સદસ્યોને ત્યાં ત્રીજા બાળકનો જન્મ થતા તેમના વિરુદ્ધ ફરિયાદ કરવામાં આવી છે. આ બંને કાઉન્સિલર ભાજપના છે. અમરેલી જિલ્લા કલેક્ટર દ્વારા તેમને ગેરલાયક ઠેરવવાનો હુકમ કરવામાં આવ્યો છે.

ભાજપના નેતા ખીમા કસોટિયા અને મેઘના બોખા અમરેલીના દામનગર નગરપાલિકાના કાઉન્સિલર છે. બંનેને તાત્કાલિક અસરથી કલેક્ટર દ્વારા અયોગ્ય જાહેર કરાયા છે. બંને કાઉન્સિલરના ઘરમાં ગત વર્ષે જ ત્રીજા સંતાનનું આગમન થયું હતું. નિયમો અનુસાર, ગુજરાતના નગરપાલિકાના કાયદા અનુસાર, ત્રણ બાળકો ધરાવતા કાઉન્સિલર પાલિકાની ચૂંટણી લડી શક્તા નથી. આ જ કારણે બંનેના પરિવારના ઘરે ત્રીજા સંતાનના આગમનથી તેમની વિરુદ્ધ કાર્યવાહી કરવામા આવી છે.

ગેરલાયક ઠર્યા બાદ ખીમા કસોટીયાએ કહ્યું હતું કે 'મને બે બાળકના નિયમ અને કાયદાની ખબર નહોતી. જો કાઉન્સિલર બન્યા પછી ત્રીજું બાળક જન્મે તો ગેરલાયકાતની કોઈ કાર્યવાહી થવી જોઈએ નહીં. તો કાઉન્સિલર મેઘના બોખાના પતિ અરવિંદ બોખાએ કહ્યું હતું કે, તેઓ કલેક્ટરનો આદેશ સ્વીકારે છે.' આ ઉપરાંત કલેક્ટરના આદેશ સામે સવાલ ઉઠાવતા તેમણે જણાવ્યું હતું કે, 'પાલિકાના સભ્ય તરીકે ફરજ બજાવતા ત્રીજું બાળક જન્મે તો કાઉન્સિલરને અસર ન થવી જોઈએ. જો એવો કોઈ નિયમ છે જે કોઈને ત્રીજા બાળકના માતાપિતા બનવા માટે અયોગ્ય ઠેરવે છે, તો અમે તેની વિરુદ્ધ કોર્ટમાં જઈશું નહીં.'

લોકસભાની ચૂંટણી ચાલી રહી છે, તેમાં ભાજપના બે નગરસેવકોને અયોગ્ય કરાયા છે. પરંતુ તેનાથી નગરપાલિકામાં ભાજપને કોઈ નુકસાન નહિ થાય, કારણ કે ભાજપ પાસે હાલ પણ પૂરતી સંખ્યામાં કાઉન્સિલર છે.

### કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ઈતિહાસ રચ્યો

# અનસૂયા સેનગુપ્તા શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ જીતનાર પ્રથમ ભારતીય બની

## એવોર્ડ ફિલ્મ 'ધ શેમલેસ' માટે મળ્યો છે : ફિલ્મમાં તેનીએક્ટિંગની ખૂબ જ પસંદ કરવામાં આવી હતી



નવી દિલ્હી, તા.૨૭

દર વર્ષની જેમ આ વર્ષે પણ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં સુંદર પોશાક પહેરેલા સ્ટાર્સનો મેળાવડો જોવા મળ્યો હતો. આ વખતે ઐશ્વર્યા રાય બચ્ચન ફરી એકવાર તેના લુક્સના કારણે ચર્ચામાં રહી હતી, જ્યારે પ્રીતિ ઝિન્ટા પણ લાઈમલાઈટમાં છવાઈ ગઈ. ત્યારે આ બધાની વચ્ચે હવે અભિનેત્રી અનસૂયા સેનગુપ્તા પણ ચર્ચામાં આવી છે. કોલકાતાની રહેવાસી અનસૂયા સેનગુપ્તાએ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ઈતિહાસ રચ્યો છે. અનસૂયા સેનગુપ્તાએ શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ જીતનાર પ્રથમ ભારતીય બની ગઈ છે.

કાન્સ ૨૦૨૪ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ અત્યારે ચર્ચામાં છે. આ ઈવેન્ટમાં ભાગ લેવા માટે દુનિયાભરમાંથી મનોરંજન જગતના દિગ્ગજો આવ્યા હતા. ૧૪મી મેથી શરૂ થયેલી આ ઈવેન્ટનો આજે એટલે કે ૨૫મી મેના રોજ છેલ્લો દિવસ છે. આ વર્ષના ફિલ્મ ફેસ્ટિવલમાં કોલકાતાની અનસૂયા સેનગુપ્તા સહિત ભારતમાંથી ઘણા લોકોએ ભાગ લીધો હતો.

કોલકાતાની રહેવાસી અનસૂયા સેનગુપ્તાએ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ, ૨૦૨૪માં ઈતિહાસ રચ્યો છે. શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ જીતનારી તે પ્રથમ ભારતીય બની છે. તેને આ એવોર્ડ ફિલ્મ 'ધ શેમલેસ' માટે મળ્યો છે. આ મૂવીમાં, અનસૂયા એક વેશ્યાની ભૂમિકા ભજવે છે જે એક પોલીસકર્મીને ચાકુ મારીને દિલ્હીના વેશ્યાલયમાંથી ભાગી જાય છે. અનસૂયા સેનગુપ્તાને કાન્સ ફિલ્મ ફેસ્ટિવલના અન સર્ટન રિગાર્ડ સેગમેન્ટમાં શ્રેષ્ઠ અભિનેત્રી તરીકે પસંદ કરવામાં આવી હતી. એવોર્ડ જીત્યા પછી, અનસૂયા સેનગુપ્તાએ કહ્યું કે, "બધા માટે સમાનતાની લડાઈ લડવા માટે તમારે સમલૈંગિક હોવું જરૂરી નથી. આપણે ફક્ત ખૂબ જ સંસ્કારી માણસો બનવાની જરૂર છે." આ સાથે, તેણે આ જીત માટે ઈન્સ્ટાગ્રામ પર તેના ચાહકોનો આભાર પણ માન્યો હતો.

મૂળ કોલકાતાની અનસૂયા સેનગુપ્તાએ નેટફ્લિક્સ શો 'મસાબા મસાબા'નો સેટ ડિઝાઈન કર્યો હતો. તેણીએ પ્રોડક્શન ડિઝાઈનર અને હવે અભિનેત્રી તરીકે પોતાની ઓળખ બનાવી છે. અભિનેત્રી અને પ્રોડક્શન ડિઝાઈનર અનસૂયા સેનગુપ્તાને આ એવોર્ડ ફિલ્મ 'ધ શેમલેસ માટે મળ્યો છે. આ ફિલ્મમાં તેની એક્ટિંગની કલાને ખૂબ જ પસંદ કરવામાં આવી હતી.

### આરોપો પ્રતિવાદીઓ સામે તિરસ્કારનો કેસ બનાવતા નથી

# સુપ્રીમ કોર્ટે મણિપુર હિંસા કેસમાં તિરસ્કારની અરજી ફગાવી દીધી

## સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે તે ભાવનાઓના આધારે કામ કરી શકે નહીં અને તેણે કાયદા મુજબ કામ કરવું પડશે



નવી દિલ્હી, તા.૨૭

મણિપુર હિંસા કેસ મામલે જસ્ટિસ બેલા એમ ત્રિવેદી અને જસ્ટિસ પંકજ મિથલની વેકેશન બેન્ચે નિષ્કર્ષ આપ્યો કે આરોપો પ્રતિવાદીઓ સામે તિરસ્કારનો કેસ બનાવતા નથી, જેમાં મણિપુરના મુખ્ય સચિવ પણ સામેલ છે. અરજદારોને કાયદા હેઠળ ઉપલબ્ધ અન્ય કાનૂની ઉપાયો શોધવાની સલાહ આપવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે તે ભાવનાઓના આધારે કામ કરી શકે નહીં અને તેણે કાયદા મુજબ કામ કરવું પડશે. કોર્ટે મણિપુર હિંસાથી વિસ્થાપિત થયેલા લોકોની સંપત્તિના રક્ષણ અંગેના સર્વોચ્ચ અદાલતના આદેશનું કથિત પાલન ન કરવા બદલ તિરસ્કારની કાર્યવાહીની માંગ કરતી અરજીને ધ્યાનમાં લેવાનો ઈનકાર કર્યો હતો. ન્યાયમૂર્તિ બેલા એમ ત્રિવેદી અને પંકજ મિત્તલની ખંડપીઠે જણાવ્યું હતું કે તે દલીલથી સંતુષ્ટ નથી કે મણિપુરના મુખ્ય સચિવ સહિત પ્રતિવાદીઓ સામે તિરસ્કારનો કેસ કરવામાં આવ્યો છે અને અરજદારો કાયદા હેઠળ ઉપલબ્ધ ઉપાયોનો આશરો લઈ શકે છે.

સુનાવણી દરમિયાન, જસ્ટિસ બેલા એમ ત્રિવેદી અને જસ્ટિસ પંકજ મિથલની વેકેશન બેન્ચે તારણ કાઢ્યું હતું કે આરોપો પ્રતિવાદીઓ સામે તિરસ્કારનો કેસ બનાવતા નથી, જેમાં મણિપુરના મુખ્ય સચિવ પણ સામેલ છે. અરજદારોને કાયદા હેઠળ ઉપલબ્ધ અન્ય કાનૂની ઉપાયો શોધવાની સલાહ આપવામાં આવી હતી. મણિપુરનું પ્રતિનિધિત્વ કરતા એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ બેન્ચ સમક્ષ દલીલ કરી હતી કે રાજ્ય સરકાર અને કેન્દ્રીય અધિકારીઓ જાહેર ચિંતાઓને દૂર કરવા અને વ્યવસ્થા જાળવવા માટે સક્રિય રીતે જમીન પર રોકાયેલા છે. આ પગલાંને ખેદજનક ગણાવતાં ભાટીએ કહ્યું કે કેટલાક પક્ષો પરિસ્થિતિને તંગ રાખવાનો પ્રયાસ કરી રહ્યા છે, જે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે.

બેન્ચે કથિત તિરસ્કારની વિગતો વિશે પૂછપરછ કરી. આ સાથે, ખાસ કરીને મુખ્ય સચિવ અને અન્ય અધિકારીઓની સંડોવણી પર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા, જેમને સંબંધિત મિલકતોના સીધા અતિક્રમણકર્તા તરીકે ગણવામાં આવતા ન હતા. અરજદારોના વકીલ દ્વારા તેમની મિલકતોની સુરક્ષા અને સ્થાનિક કાયદાના અમલીકરણની બિનઅસરકારકતા વિશે દલીલો હોવા છતાં, કોર્ટે કહ્યું કે તે ઉચ્ચ કક્ષાના અધિકારીઓ સામે તિરસ્કારની નોટિસ જારી કરવાનું યોગ્ય નથી.

ભાટીએ ગયા વર્ષે ૨૫ સપ્ટેમ્બરના કોર્ટના આદેશને ટાંક્યો હતો, જેમાં રાજ્ય અને કેન્દ્ર સરકારોને વિસ્થાપિત વ્યક્તિઓની મિલકતોનું રક્ષણ કરવા અને અતિક્રમણને રોકવા માટેના નિર્દેશોનો જવાબ આપવા માટે એક અઠવાડિયાનો સમય આપવામાં આવ્યો હતો. તેમણે તેના નાગરિકો અને તેમની મિલકતોના રક્ષણ માટે રાજ્યની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી અને અપડેટેડ સિચ્યુએશન રિપોર્ટ સબમિટ કરવાની ઓફર કરી. ચર્ચાએ મણિપુરમાં વર્તમાન અસ્વસ્થ શાંતિ પર પણ સ્પર્શ કર્યો, જેમાં ભાટીએ કહ્યું કે રાજ્ય અને કેન્દ્ર બંને સરકારો વિરોધાભાસી હિતોને સંતુલિત કરવા અને શાંતિ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરી રહી છે.

### પરિવારે વિદેશ મંત્રી પાસે મદદની કરી માંગ

# થાઈલેન્ડમાં નોકરીના બહાને ૨૦ ભારતીયોને મ્યાનમારમાં બનાવ્યા બંધક

## થાઈલેન્ડમાં નોકરી મેળવવાની આશાએ ગયેલા ૨૦ ભારતીયો મ્યાનમારમાં ગુલામ જેવું જીવન જીવવા મજબૂર

મ્યાનમાર, તા. ૨૭

થાઈલેન્ડમાં નોકરી મેળવવાની આશાએ ગયેલા ૨૦ ભારતીય નાગરિકો હવે મ્યાનમારમાં ગુલામ જેવું જીવન જીવવા મજબૂર બન્યા છે અને હવે તેઓ ભારત પાછા આવવા માંગે છે. તેઓ ત્યાંથી છુટવા માટે વિદેશ મંત્રાલય પાસેથી મદદ માંગી રહ્યા છે. તેમના પરિવારના કેટલાક સભ્યોએ મીડિયાને આ વાતની પુષ્ટિ કરી અને કહ્યું કે તેઓએ કૈરાનાના ભાજપના સાંસદ પ્રદીપ ચૌધરીને આ મુદ્દે જાણ કરી છે અને વિદેશ મંત્રીને પત્ર પણ લખ્યો છે.

એક કામદારે કથિત રીતે બે વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યા છે. જેમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે મ્યાનમારમાં તેમની હાલત કેટલી ખરાબ થઈ ગઈ છે. વીડિયોમાં, એક માણસ કહી રહ્યો છે કે, "એક વ્યક્તિનું મૃત્યુ થયું છે અને એક છોકરીને માથામાં ગંભીર ઈજાઓ થઈ છે, વધુમાં તે કહી રહ્યો છે કે, 'અમને દુબઈના એજન્ટોએ લાલચ આપી હતી અને હવે તેઓને મ્યાનમાર બંધક બનાવીને રાખી રહ્યા છે. અહીં તેમનું રોજ ખરાબ રીતે શોષણ કરવામાં આવી રહ્યું છે.' માહિતી અનુસાર, ૨૦ ભારતીયોમાંથી એક કુલદીપે ૮૩ સેકન્ડના વીડિયોમાં કહ્યું, "અમારા પરિવારજનોએ વિદેશ મંત્રાલયનો સંપર્ક કર્યો છે, પરંતુ અમારા વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યા હોવા છતાં હજુ સુધી કોઈ મદદ મળી નથી. અહીં એક વ્યક્તિનું મૃત્યુ થઈ ગયું છે, અને તેમની સાથે એક છોકરી પણ છે જેને માર મારવાને કારણે માથામાં ઈજા થઈ છે. વધુમાં કુલદીપ કહી રહ્યો છે કે આ લોકો અમને અલગ કરી શકે છે, કાં તો અમને મારી પણ શકે છે અથવા અમારે કંઈક કડક પગલાં ભરવા પડશે.'અમને દિવસમાં ૧૮ કલાક કામ કરાવે છે અને માત્ર બે વાટકી ચોખા જમવામાં આપે છે. જો અમે કામ કરવાની ના પાડીએ તો અમને મારવામાં આવે છે અને સજા તરીકે અમને ૧૦ કિલોમીટર દોડવે પણ છે. અમે અમને બચાવવા માટે વિદેશ મંત્રાલયને ભારપૂર્વક વિનંતી કરીએ છીએ.'

કુલદીપના ભાઈ રાહુલે જણાવ્યું કે, "કુલદીપે ગુપ્ત રીતે આ વીડિયો એક છુપાયેલા ફોનથી રેકોર્ડ કર્યો હતો. તે ૨૨ એપ્રિલે સહારનપુરથી નીકળ્યો હતો અને પછી દિલ્હીથી બેંગકોક ગયો હતો. ત્યાંથી તેને બોર્ડરથી થોડે દૂર મે સોટ એરપોર્ટ પર લઈ જવામાં આવ્યો હતો. તેઓને આંખે પાટા બાંધીને મ્યાનમારના જંગલમાં લઈ જવામાં આવ્યા છે અને ત્યારથી તેઓ ત્યાં ગુલામ જેવું જીવન જીવી રહ્યા છે.રાહુલે વધુમાં જણાવ્યું હતું કે, "મારા ભાઈને અન્ય લોકો સાથે જે વાહનોમાં લઈ જવામાં આવ્યો હતો તે વાહનને લગભગ ૫-૬ કલાક સુધી સતત ફેરવ્યા હતા, જેનાથી વાહનમાં બેઠેલા મારા ભાઈ તેમજ તેના સાથીઓને એવું લાગે કે તેમને બંધક બનાવ્યા તેની જગ્યા એરપોર્ટથી લગભગ સો કિલોમીટર દૂર છે. પરંતુ એવું નથી, આ માયાવાડી વિસ્તાર એરપોર્ટથી માત્ર ૫ કિમી દૂર આવેલો છે અને આ વિસ્તાર મ્યાનમારમાં જ છે. હવે તેમને બંધક બનાવનાર મ્યાનમારની કંપનીનું કહેવું છે કે તેઓએ ભારતીયોને ૭,૫૦૦ ડોલરમાં ખરીદ્યા છે."

### ૨.૪૪ કરોડની વસૂલાત નોટિસ પર સ્ટે...

# ઉત્તરાખંડ હાઈકોર્ટથી હલ્દવાની રમખાણોના આરોપીઓને મોટી રાહત

નવી દિલ્હી, તા.૨૭

ઉત્તરાખંડ હાઈકોર્ટે હલ્દવાનીના બાનભૂલપુરા રમખાણોના આરોપી અબ્દુલ મલિકને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મોકલવામાં આવેલી રૂ. ૨.૪૪ કરોડની રિકવરી નોટિસ પર સુનાવણી કરી. આ કેસની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે રિકવરી નોટિસ પર સ્ટે મૂકી દીધો છે. વાસ્તવમાં, ૮ ફેબ્રુઆરીએ, બનભૂલપુરા વિસ્તારમાં અતિક્રમણ હટાવવા ગયેલી વહીવટીતંત્ર અને પોલીસ ટીમ પર પથ્થરમારો, આગચંપી અને ગોળીબાર થયો હતો. હિંસા દરમિયાન અનેક વાહનોની સાથે પોલીસ સ્ટેશનને ઘેરી લેવામાં આવ્યું હતું અને આગ ચાંપી દેવામાં આવી હતી. હિંસામાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. જેમાં ૧૦૦થી વધુ પોલીસકમીઓ ઘાયલ થયા હતા. સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ હતી કે આ વિસ્તારમાં કર્ફ્યુ લાદવો પડ્યો હતો. આ સમયગાળા દરમિયાન નગરપાલિકા અને સરકારી મિલકતોને ભારે નુકસાન થયું હતું. તેની આકારણી કર્યા પછી, મહાનગરપાલિકાએ મુખ્ય આરોપી અબ્દુલ મલિકને નુકસાનની ભરપાઈ કરવા માટે રિકવરી નોટિસ ફટકારી હતી. પોલીસે આ કેસમાં અબ્દુલ મલિક, તેની પત્ની સફિયા મલિક અને તેમના પુત્રની ધરપકડ કરી હતી.આ હિંસામાં ૧૦૦થી વધુ પોલીસકમીઓ ઘાયલ થયા બાદ સીએમ ધામીએ આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાની સૂચના આપી હતી. ૮ ફેબ્રુઆરીએ સાંજે ૪.૩૦ વાગ્યે શરૂ થયેલી આ હિંસા આખા વિસ્તારમાં ફેલાઈ ગઈ હતી. ગુસ્સે ભરાયેલા લોકોએ પોલીસ સ્ટેશનની બહાર ઉભેલા પોલીસ અને મીડિયા કર્મચારીઓના ડઝનબંધ વાહનોને આગ ચાંપી દીધી હતી.પ્રાથમિક તપાસ બાદ સામે આવ્યું છે કે કાર્યવાહી કરવા પહોંચેલી પોલીસ પ્રશાસનની ટીમે અડધી તૈયારી કરી હતી, જેના કારણે દરેકને પરિણામ ભોગવવા પડ્યા હતા. તાજેતરમાં વહીવટીતંત્ર દ્વારા ગંભીરતાથી લેવામાં ન આવતા કાર્યવાહીને લઈને આ વિસ્તારમાં તંગદિલી ફેલાઈ હતી. ચાર દિવસ પહેલા તંગદિલી ફેલાઈ ગયા બાદ પણ આ વિસ્તારમાં અતિક્રમણ હટાવવા માટે વ્યાપક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી ન હતી. જ્યારે ભીડ હિંસક બની હતી, ત્યારે સ્થળ પર હાજર મોટાભાગના કર્મચારીઓએ મોટરસાઈકલ ચલાવતી વખતે પહેરેલા હેલ્મેટ પહેર્યા હતા. કેટલાકે માત્ર ટોપીઓ પહેરી હતી. આ સમય દરમિયાન ટીમ પાસે ન તો પૂરતી હેલ્મેટ હતી કે ન તો વિન્ડ શિલ્ડ.

### આ ઘટનામાં પ્રવાસીઓને કોઈ ઈજા થઈ નથી

# ગૂગલ મેપે આપ્યો દગો, મોંઘી એસયુવી જઈને પડી નદીમાં

તિરુવનંતપૂરમ, તા.૨૭

ગુગલ મેપ અજાણ્યા અને નિર્જન રસ્તાઓ પર ખૂબ મદદરૂપ સાબિત થાય છે. જો કે, હૈદરાબાદના પ્રવાસીઓના કેટલાક જૂથને તેના દ્વારા સૂચવેલા માર્ગને અનુસરવાનું મોંઘુ પડ્યું. તેમની એસયુવી નદીમાં પડી હતી. આ ઘટના કેરળના કોટ્ટાયમ જિલ્લાના કુરુપંથરા વિસ્તારમાં શનિવારે સવારે બની હતી. આ કારમાં ત્રણ પુરુષ અને એક મહિલા બેઠા હતા અને તેઓ અલપ્પુઝા જઈ રહ્યા હતા. જોકે, આ ઘટનામાં પ્રવાસીઓને કોઈ ઈજા થઈ નથી. પોલીસ કર્મચારીઓ અને સ્થાનિક લોકોએ તેમને સમયસર બચાવ્યા હતા. પરંતુ, કાર નદીમાં સંપૂર્ણ રીતે ડૂબી ગઈ હતી. કાર નદીમાં પડી હોવાની માહિતી મળતાની સાથે જ નજીકમાં પેટ્રોલિંગ પર તૈનાત પોલીસ અને સ્થાનિક લોકો પ્રવાસીઓને બચાવવા દોડી આવ્યા હતા.

આ વર્ષની શરૂઆતમાં તમિલનાડુના ગુડાલુરમાં ગૂગલ મેપ્સની ભૂલને કારણે એક કાર સીડી પર ફસાઈ ગઈ હતી. આ ઘટના ત્યારે બની જ્યારે મિત્રોનું એક જૂથ કર્ણાટક પરત ફરી રહ્યું હતું. તેને ગૂગલ મેપ્સ દ્વારા ક્વાર્ટરમાં સીડી તરફ જવાનો રસ્તો બતાવવામાં આવ્યો હતો. જોકે, બહાર નીકળવાનો કોઈ રસ્તો નહોતો. આવી જ ઘટના ગયા વર્ષે પણ બની હતી.

ગૂગલ મેપ્સ દ્વારા સૂચવવામાં આવેલા રૂટને અનુસરતી વખતે નદીમાં પડી જતાં બે ડોકટરોએ જીવ ગુમાવ્યો હતો. આ ઘટના બાદ કેરળ પોલીસે ચોમાસા દરમિયાન નકશાના ઉપયોગ અંગે સાવધાની રાખવા માટે માર્ગદર્શિકા જારી કરી હતી.

### સેટેલાઈઝ ઈમેજમાં થયો ખુલાસો

# ચીનમાં ઈસ્લામ ધર્મની છેલ્લી મોટી મસ્જિદ તોડી પડાઈ

## ચીનની છેલ્લી મોટી મસ્જિદના ગુંબજ કે જેણે ઈસ્લામિક શૈલીના વિશેષતાઓને જાળવી રાખી હતી તેને તોડી પડાયું

બેઈજિંગ, તા.૨૭

ભારતના પાડોશી દેશ ચીનમાં હવે ઈસ્લામ ધર્મની મસ્જિદો પર ત્યાંની સરકાર એક્શન લઈ રહી છે. તાજેતરમાં જ ચીનની છેલ્લી મોટી મસ્જિદના ગુંબજ કે જેણે ઈસ્લામિક શૈલીના વિશેષતાઓને જાળવી રાખી હતી તેને તોડી પડાયુ છે. આ મસ્જિદના મિનારાઓમાં ધરમૂળથી ફેરફાર કરવામાં આવ્યા છે. ચીનમાં ઈસ્લામ પ્રથાને રોકવા માટે આ કાર્યવાહી કરવામાં આવી છે. શાદિયનની ગ્રાન્ડ મસ્જિદ ચીનની સૌથી મોટી અને ભવ્ય મસ્જિદોમાંની એક છે. તે દક્ષિણ પશ્ચિમ યુનાન પ્રાંત પર સ્થિત છે. ગયા વર્ષ સુધી ૨૧,૦૦૦-ચોરસ-મીટર સંકુલમાં એક મોટી ઈમારતનો સમાવેશ થતો હતો, જેની ટોચ પર અર્ધચંદ્રાકાર ચંદ્ર સાથે ટાઈલવાળા લીલા ગુંબજ હતા. બંને બાજુ ચાર નાના ગુંબજ અને ઊંચા મિનારા હતા. ૨૦૨૨ના સેટેલાઈટ ફોટોમાં જોવા મળ્યું હતું કે મસ્જિદનો પ્રવેશ દ્વાર કાળી ટાઈલ્સથી બનેલો હતો.

આ વર્ષે ફોટોગ્રાફસ, સેટેલાઈટ ઈમેજ અને સાક્ષીઓ દર્શાવે છે કે ચીને ગુંબજ હટાવી દીધો છે. તેની જગ્યાએ હાન ચાઈનીઝ સ્ટાઈલ પેગોડાની છત બનાવવામાં આવી છે. મિનારાઓને ટૂંકાવીને પેગોડા ટાવર્સમાં રૂપાંતરિત કરવામાં આવ્યા છે. મસ્જિદની બહારથી, છત પર અર્ધચંદ્રાકાર અને તારાઓની ટાઈલ્સની કેડી દેખાય છે. યુનાનની અન્ય ઐતિહાસિક મસ્જિદ નજિયાયિંગમાં પણ ફેરફારો કરવામાં આવ્યા છે. તે શાદિયનથી ૧૦૦ માઈલથી પણ ઓછું છે. ચીની કૉમ્યુનિસ્ટ પાર્ટીની સેન્ટ્રલ કમિટીએ ૨૦૧૮માં એક દસ્તાવેજ પ્રકાશિત કર્યો હતો. આમાં મસ્જિદોના નિયંત્રણ અને એકીકરણ વિશે જણાવવામાં આવ્યું હતું. જેમાં સરકારને બને તેટલી વધુ મસ્જિદો તોડીને ઓછી બાંધવા તાકીદ કરવામાં આવી હતી. આવી રચનાઓની કુલ સંખ્યા ઘટાડવાનો પણ પ્રયાસ કરો. આ સિવાય દસ્તાવેજમાં એવું પણ કહેવામાં આવ્યું હતું કે મસ્જિદોના નિર્માણ, લેઆઉટ અને ફાઈનાન્સિંગ પર નજર રાખવામાં આવે.

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજકોટ ગેમઝોન દુર્ઘટનાની જાત માહિતી મેળવી

(પ્રતિનિધી દ્વારા)

રાજકોટ તા.૨૭

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ રાજકોટમાં ગેમ ઝોનમાં લાગેલી આગને કારણે સર્જાયેલી કમનસીબ દુર્ઘટનાની જાત માહિતી મેળવવા ગઈકાલે વહેલી સવારે રાજકોટ પહોંચ્યા હતા.

મુખ્યમંત્રીએ ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવી, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન, મુખ્ય સચિવ રાજકુમાર, પોલીસ મહાનિદેશક વિકાસ સહાય, મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ એમ.કે. દાસ સહિત રાજ્ય સરકારના વરીષ્ઠ અધિકારીઓ, શહેર તથા જિલ્લા વહીવટી તંત્રના વરિષ્ઠ અધિકારીઓ સાથે દુર્ઘટના સ્થળનું જાત નિરીક્ષણ કર્યું હતું. સમગ્ર મુલાકાત દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે રહેલા ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ પણ શનિવારની મોડી રાતે ઘટના સ્થળે પહોંચીને જે વિગતો મેળવી હતી, તેનાથી મુખ્યમંત્રીને વાકેફ કર્યા હતા.

મુખ્યમંત્રીએ રાજકોટમાં એઈમ્સ તથા અન્ય હોસ્પિટલ, જ્યાં ઈજાગ્રસ્તોને સારવાર અપાઈ રહી છે, તેની મુલાકાત લીધી હતી.

ઈજાગ્રસ્તો અને તેમના પરિવારજનો સાથે વાતચીત કરીને મુખ્યમંત્રીએ તેમને અપાઈ રહેલી સારવારની વિગતો મેળવી હતી અને ખબર-અંતર પૂછ્યા હતા. મુખ્યમંત્રીએ આ દુર્ઘટનામાં જાન ગુમાવનારા નિર્દોષ વ્યક્તિઓના પરિવારોને મળીને હૃદયપૂર્વક સાંત્વના પાઠવી હતી અને શોકસંતપ્ત પરિવારોના દુઃખમાં સહભાગી થયા હતા. રાજ્ય સરકાર આ કપરી વેળાએ આપદગ્રસ્તોની પડખે ઊભી છે, એવો વિશ્વાસ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આપ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ દુર્ઘટના સંદર્ભમાં સ્થાનિક તંત્ર દ્વારા લેવાયેલા બચાવ, રાહતના પગલાં, ઈજાગ્રસ્તોની સારવારનો ત્વરિત પ્રબંધ, વગેરે અંગે રાજકોટના હીરાસર એરપોર્ટ ખાતે ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજીને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. મુખ્યમંત્રીએ આ સમગ્ર દુર્ઘટનાની તલસ્પર્શી તપાસ કરીને દુર્ઘટનામાં જવાબદારો સામે કડક શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવા પણ સ્પષ્ટ સૂચનાઓ આ બેઠકમાં આપી હતી.

આ સમીક્ષા બેઠકમાં જણાવવામાં આવ્યું કે આગની ઘટનાની ખબર મળતાં જ રાજકોટ મહાપાલિકાની ફાયર ટીમો અને પોલીસ તંત્રએ સ્થળ પર પહોંચી બચાવ-રાહતની કામગીરી ત્વરાએ હાથ ધરી હતી. ઘાયલ લોકોને હોસ્પિટલમાં ખસેડવા તથા આ આગમાંથી લોકોને બચાવવાને અગ્રતા આપીને કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ આગની ઘટનામાં મોટાપાયે બર્ન્સના કેસોને ધ્યાનમાં રાખીને તાત્કાલિક સારવાર માટે રાજકોટમાં પી.ડી.યુ. ખાતે ૧૦૦ બેડની ક્ષમતાવાળો બર્ન્સ વોર્ડ ઊભો કરવામાં આવ્યો હતો.

એટલું જ નહીં, ઈજાગ્રસ્તોની સારવારમાં કોઈ કચાશ ન રહે તે માટે પી.ડી.યુ. રાજકોટ ખાતે અન્ય તબીબો તેમ જ પેરા મેડિકલને ફરજ પર તૈનાત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત બર્ન્સ ઈન્જરી સારવારના એકસપર્ટ સર્જન અને ટ્રેઈન્ડ નર્સિસને જામનગર, અમદાવાદ, મોરબી, જુનાગઢ, ભાવનગરથી તાત્કાલિક રાજકોટ બોલાવી લેવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તોને ત્વરિત સઘન સારવાર વ્યવસ્થા મળી રહે તે માટે ટ્રાન્સપોર્ટેશન ઝડપી બનાવવા ૨૦ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ પણ ઉપલબ્ધ કરવામાં આવી હતી.

મુખ્યમંત્રીના દિશાનિર્દેશ અનુસાર રાજ્ય સરકારે એર એમ્બ્યુલન્સની સેવાઓ પણ આ દુર્ઘટનામાં લીધી છે અને તમામ મૃત દેહોની ઓળખ માટે તેમના ડી.એન.એ. સેમ્પલ અને પરિવારજનોના રેફરલ સેમ્પલ એર એમ્બ્યુલન્સ દ્વારા ગાંધીનગર એફ.એસ.એલ.માં પહોંચાડવામાં આવ્યા છે, તેનું પરીક્ષણ યુદ્ધના ધોરણે ચાલુ છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ સમગ્ર ઘટનાના કારણોની તપાસ માટે રચેલી એસ.આઈ.ટી.ના વડા અધિક પોલીસ મહાનિદેશક શ્રી સુભાષ ત્રિવેદી અને સભ્યો પણ શનિવારે મોડી રાત્રે જ રાજકોટ પહોંચ્યા હતા તથા ઘટનાના કારણોની તપાસ કરી તેનો પ્રાથમિક અહેવાલ ત્રણ દિવસમાં રાજ્ય સરકારને સોંપશે. રાજકોટ શહેર પોલીસ તંત્રએ અગમચેતીનાં પગલાં રૂપે શહેરના તમામ ગેમઝોન બંધ કરવાનો આદેશ કર્યો છે, તેમ જ ફાયર સેફ્ટી સહિતના સલામતી પગલાંઓની ચકાસણી કરવામાં આવી રહી છે, તેમ પણ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીને જણાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પણ મહાનગરપાલિકાઓ, સમગ્ર રાજ્યમાં ચાલતા ગેમઝોનની તપાસ અને સુરક્ષા-સલામતિના પગલાંઓ ચકાસવા માટે આદેશો આપવામાં આવ્યા છે. તદઅનુસાર, આવી ચકાસણી માટે પોલીસ, રેવન્યુ, ફાયર સેફ્ટી, મહાનગર પાલિકા-નગરપાલિકાના ઈજનેરની ટીમ બનાવવામાં આવી છે.

આ ટીમોએ પણ કામગીરી શરૂ કરી છે અને પોતાના વિસ્તારોમાં તાત્કાલિક ચકાસણી કરીને ફાયર એન.ઓ.સી. કે અન્ય કોઈ પણ સંબંધિત પરવાનગી વિના ચાલતા ગેમઝોન સામે તાત્કાલિક શિક્ષાત્મક કાર્યવાહી કરીને ઝોન બંધ કરવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે આ સમગ્ર મુલાકાતમાં રાજકોટ શહેરના ધારાસભ્યો, પદાધિકારીઓ તથા શહેર અને જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ જોડાયા હતા.

# અદાણી પોર્ટસ મુંદ્રા ખાતે સૌથી મોટું જહાજ MSC Anna લાંગરવામાં આવ્યું

(પ્રતિનિધી દ્વારા)

મુંદ્રા તા.૨૭

ભારતની સૌથી મોટી પોર્ટ અને લોજિસ્ટિકસ કંપની અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડના **(APSEZ)** ફ્લેગશિપ મુન્દ્રા પોર્ટે અત્યાર સુધીનું સૌથી મોટું કન્ટેનર જહાજ લાંગરીને વધુ એક રેકોર્ડ બનાવ્યો છે. **MSC Anna** નામનું જહાજ, ૨૬ મેના રોજ મુંદ્રા પોર્ટ ખાતે ડોક કરવામાં આવ્યું હતું. આ ઘટના મુંદ્રા પોર્ટ જ નહીં, પરંતુ દેશના દરિયાઈ ઉદ્યોગ માટે પણ સીમાચિહ્નરૂપ છે.



**MSC Anna** ની એકંદર લંબાઈ ૩૯૯.૯૮ મીટર (લગભગ ચાર ફૂટબોલ મેદાનની લંબાઈ) છે. તે ૧૯,૨૦૦ **TEUs** (કન્ટેનર) (વીસ-ફૂટ સમકક્ષ)ની મહાકાય ક્ષમતા ધરાવે છે. એક ભારતીય બંદર પર અત્યાર સુધીમાં લાંગરવામાં આવેલ સૌથી તે મોટું કન્ટેનર જહાજ છે. તેનો ડ્રાફ્ટ ૧૬.૩ મીટર છે, જેને ફક્ત મુન્દ્રામાં જ સમાવી શકાય છે કારણ કે ભારતમાં અન્ય કોઈ બંદર ડીપ-ડ્રાફ્ટ જહાજને બર્થ કરવા સક્ષમ નથી. તેના મુંદરા પોર્ટ પર રોકાણ દરમિયાન અંદાજે ૧૨,૫૦૦ **TEUs** કન્ટેનરો એક્સચેન્જ કરશે, જે મુંદ્રા પોર્ટના મોટા પાયે કાર્ગોનું કાર્યક્ષમ સંચાલન કરવાની ક્ષમતા દર્શાવે છે.

જુલાઈ ૨૦૨૩માં મુન્દ્રા પોર્ટે વિશ્વના સૌથી લાંબા કન્ટેનર જહાજોમાંનું એક **MV MSC** હેમ્બર્ગને બર્થ કરીને રેકોર્ડ બનાવ્યો હતો. જેની એકંદર લંબાઈ ૩૯૯ મીટર અને ક્ષમતા ૧૬,૬૫૨ **TEUs** છે. તેનાથી વિશ્વના સૌથી મોટા જહાજોને હેન્ડલ કરવાની બંદરની ક્ષમતા દેખાય છે, અને આજે **MSC Anna** ના આગમન માટેનો માર્ગ મોકળો બન્યો.

મુન્દ્રા પોર્ટે અત્યાર સુધી અનેક વિક્રમજનક સિદ્ધિઓ હાંસલ કરી છે. ઓકટોબર ૨૦૨૩માં, એક મહિનામાં ૧૬ **MMT** કાર્ગો હેન્ડલ કરનાર તે ભારતનું સર્વ પ્રથમ પોર્ટ બન્યું. કન્ટેનર ટર્મિનલ **CT-3** એક વર્ષમાં ૩ મિલિયન **TEUs**નું સંચાલન કરનાર ભારતમાં પ્રથમ છે. ટર્મિનલે નવેમ્બરમાં ૩,૦૦,૦૦૦થી વધુ **TEU** નો માસિક હેન્ડલિંગ રેકોર્ડ પણ હાંસલ કર્યો હતો, જે ભારતમાં કોઈપણ ટર્મિનલ દ્વારા અત્યાર સુધીનો સૌથી વધુ છે.

મુન્દ્રા પોર્ટ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય વેપાર બંને માટે મહત્ત્વપૂર્ણ હબ તરીકે વિકાસ પામ્યું છે. ૩૫,૦૦૦ એકરમાં ફેલાયેલું તે ભારતનું સૌથી મોટું વ્યાપારી બંદર છે. તે ડીપ ડ્રાફ્ટ અને તમામ હવામાન ક્ષમતાઓથી સુસજ્જ છે. જે કાર્ગોનું સરળતા પૂર્વક પરિવહન કરે છે અને જહાજો માટે ટર્નઅરાઉન્ડ સમયમાં નોંધપાત્ર ઘટાડો કરે છે, જે તેને મુખ્ય વૈશ્વિક શિપિંગ લાઈન્સ માટે આકર્ષક પોર્ટ બનાવે છે. મુન્દ્રા ખાતે **MSC Anna** નું આગમન ન માત્ર મેગા જહાજોને હેન્ડલ કરવાની બંદરની ક્ષમતા પરંતુ ભારતની દરિયાઈ વેપાર ક્ષમતાઓને વધારવામાં તેની મુખ્ય ભૂમિકાને દર્શાવે છે. **APSEZ** સુવિધાઓનું સતત વિસ્તરણ અને અપગ્રેડ કરવા પ્રયત્નશીલ છે. પોર્ટ વૈશ્વિક શિપિંગ અને લોજિસ્ટિકસ લેન્ડસ્કેપમાં વધુને વધુ નોંધપાત્ર ભૂમિકા ભજવવા તૈયાર છે.

# હવે તો શરમ કરો, રોજબરોજ બનતા અકસ્માતના બનાવોથી બોધ પાઠ લ્યો : ટિમ ગબ્બર કાળઝાળ

## ભારત સરકાર તથા તમામ રાજયની સરકાર દ્વારા કાયદો બનાવી સ્પે. કોર્ટમાં રોજબરોજ કેસ ચલાવવા રજુઆત

(વિનુ પુરોહિત દ્વારા)

વિસાવદર તા.૨૭

ટિમ ગબ્બર ગુજરાતના સુરતના એડવોકેટ કે.એચ. ગજેરા તથા વિસાવદરના એડવોકેટ નયનભાઈ જોશી દ્વારા વડાપ્રધાન, કાયદામંત્રી, રાજયપાલ, તમામ રાજયના મુખ્યમંત્રીઓ તમામ સાસંદ સભ્યોને લેખિત માં જાણ કરી જણાવેલ છે કે,તાજેતરમાં રાજકોટમાં ટીઆરપીમાં જે બાળકોના આગ અકસ્માતમાં બળી જવાથી મૃત્યુનો આઘાત જનક બનાવ બનેલ છે તે અગાઉ મોરબીના ઝૂલતા પુલનો બનાવ બનેલ છે તેમાં ૧૩૨ લોકોના મૃત્યુ સૂરતની તક્ષસીલામાં ૨૨ બાળકોના મૃત્યુ અને વડોદરાના હરણી તળાવની ઘટનાની ૩૩ લોકોના મોત,કાંકરિયામાં ચકડોળ તૂટવાથી મૃત્યુ તથા બનાસકાંઠા માં બાળકોની હોસ્પિટલમાં આગના બનાવોનીશાહી હજુ સુકાઈ નથી ત્યાં રાજકોટના આ બનાવમાં ૨૯ જેટલા કુમળીવયના બાળકોની ચિચિયારીઓ થી સમગ્ર દેશની પ્રજા દુઃખી છે અને આવા બનાવોનું પુનરાવર્તન ન બને તે માટે જરૂરી પગલાં ભરી ગુનેગારોની સામે કાયદાકીય પગલાં ભરી ટેક્સી, ટ્રક, એસ.ટી. બસ કે ખાનગી વાહનમાં બેસાડવાની મર્યાદાઓ જ્યાં જ્યા કાયદાથી નક્કી થયેલ હોય ત્યાં તેની કડક અમલવારી કરાવવા અને જ્યાં આવી મર્યાદા નક્કી થયેલ ન હોય ત્યાં કાયદો પસાર કરી મર્યાદા નક્કી કરવામાં આવે તે જરૂરી છે અને જ્યા કાયદાથી નક્કી કરેલ મર્યાદાથી વધુ વજન કે લોકોને બેસાડવામાં આવે ત્યાં અથવા કોઈ શિક્ષક પ્રવાસમાં લઈ ગયેલ બાળકોને આવી કાનૂની જોગવાઈઓ કે મર્યાદા જાણ્યા વિના કોઈ પણ બાળક કે વિદ્યાર્થીઓને બસ,હોડી કે ઉડન ખટોલામાં બેસાડે અને અકસ્માત થાય તો આવા અકસ્માત કરનાર કે બેદરકારી રાખનાર ડાઈવર,વાહન માલિક કે એજન્સીના કોન્ટ્રાકટર હોય કે સરકારી વાહન હોય તે તમામને આવું ચેકીંગ કરનાર મામલતદાર, નાયબ કલેકટર, કલેકટર, પોલીસ, આર.ટી.ઓ. ઈન્સપેકટર, ચીફઓફિસર, મ્યુનિસિપલ કમિશનરને અકસ્માત થાય ત્યારે કસુરવાન ગણી દસ લાખનો દંડ તથા દસ વર્ષની સજા તાત્કાલિક કરવામાં આવે તેવો કાયદો પસાર કરવામાં આવે અને આવા દોષિત લોકો સામે સ્પેશિયલ ફાસ્ટટ્રેક કોર્ટની રચના કરી આવા ગુનેગારો સામે તાત્કાલિક અને ડે ટુ ડે ટ્રાયલ ચલાવી કડકમાં કડક સજા થાય તેવા સજડ પુરાવા કોર્ટમાં રજૂ કરી કસૂરવાર સામે કડક હાથે કાર્યવાહી કરવામાં આવે તેવી અમારી ટિમ ગબ્બરની માંગ સાથે રજુઆત છે આ ઉપરાંત જ્યાં



જ્યાં જેકેટ પહેરાવવાની જરૂરિયાત હોય ત્યાં ત્યાં જેકેટ પહેરાવવામાં આવે તેમજ ઉડન ખટોલામાં એર જેકેટ પહેરાવવામાં આવે તે માટે પણ કાયદો બનાવવા અમારી માંગ છે.અમારી આ રજુઆત લાગુ પડતા વીભાગોમાં તથા કચેરીઓમાં કરી કરાવી કરેલ કાર્યવાહીનો લેખિત જવાબ નાગરિક અધિકાર પત્ર અન્વયે ટિમ ગબ્બરના સરનામે મોકલવા અરજ કરેલ હોવાનું ટિમ ગબ્બર ગુજરાતના વિસાવદરના એડવોકેટ નયનભાઈ જોશીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# ઉના પંથકમાં અકસ્માતના વધુ બે બનાવો નોંધાયા



(નવીન જોષી દ્વારા)

ઉના તા.૨૭

ઊના પંથક અકસ્માત ઝોન બની ગયો હોય તેમ વધુ બે અકસ્માતો થયા છે. જેમાં પ્રથમ ઊના ભાવનગર નેશનલ હાઈવે રોડ ના બાય પાસ રોડ ઉપર તપોવન ના પાટિયા પાસે ઊના તાલુકાના વ્યાજપુર ગામ ના યશ કનુભાઈ સોસા, સાગર હરેશ ભાઈ ચોહાણ રે.વ્યાજપુર વાળ પોતાના ઘરે ઊના થી મોટર સાયકલ નંબર **DD 02F 7095** ઉપર જતા હતા ત્યારે કોઈ અજાણ્યા વાહન ચાલકે તેમને હડફેટે લેતા મોટર સાયકલ રોડ ઉપર પડી ગયેલ હતા મોટર સાયકલ નું આગળનું વ્હીલ નીકળી ગયેલ હતું મોટર સાયકલ નો બુકડો બોલી ગયો હતો બન્ને ને ગંભીર ઈજાઓ થતા પ્રથમ ઊના હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા જેમાં એક ને માથામાં ગંભીર ઈજા અને હાથ ની બે આંગળીઓ તૂટી ગઈ હતી તેમને રાજકોટ વધુ સારવાર માટે ખસેડાયા છે. પોલીસમાં તેના પરિવારે ફરિયાદ નોંધાવી હતી પોલીસે અજાણ્યા વાહન ચાલકે ને શોધવાં તપાસ શરૂ કરી છે. જયારે બીજા બનાવ મા ઊના ભવનગર રોડ ઉપર એક મોટર કાર ચાલકે એક ઓટો રિક્ષા અને મોટર સાયકલ ચાલક ને હડફેટે લઈ અકસ્માત કરતા તેમને સારવાર માટે ઊના ખસેડેલ છે.

# રાજકોટ ગેમ ઝોન દુર્ઘટનાના હતભાગીઓને ખંભાળિયાવાસીઓની શ્રદ્ધાંજલી

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૭

રાજકોટ ખાતે બે દિવસ પૂર્વે ટી.આર.પી. ગેમ ઝોનમાં ભીષણ આગની દુર્ઘટના સર્જાતા અનેક લોકોના અકાળે અવસાન થતાં સદગતના આત્માને શાંતિ મળે અને તેઓના પરીવારને આ દુઃખદ વેદના સહન કરવાની ભગવાન શક્તિ આપે તે માટે ખંભાળિયામાં વંદે માતરમ ગ્રુપ દ્વારા અત્રે શ્રી રામ મંદિર ખાતે મોટી સંખ્યામાં નગરજનોએ રામધૂનમાં જોડાઈને દીપ પ્રગટાવી, બે મીનીટનું મૌન પાડીને શ્રદ્ધાંજલિ અર્પી હતી.



જેમાં નગરપાલિકાના પ્રમુખ રચનાબેન મોટાણી, કારોબારી ચેરમેન રેખાબેન ખેતિયા, જીગ્નેશભાઈ પરમાર, ઈન્દ્રજીતસિંહ પરમાર, અશોકભાઈ કાનાણી, વનરાજસિંહ વાઢેર, હસુભાઈ ધોળકિયા, રાણાભાઈ ગઢવી, પ્રવિણસિંહ કંચવા, મોહિતભાઈ મોટાણી, ઘનશ્યામસિંહ જાડેજા, બહાદુરસિંહ સિંધા, મહેન્દ્રસિંહ ગોહિલ, માનભા જાડેજા, રાજુભાઈ ચાવડા, ભીમશીભાઈ આંબલીયા, નિકુંજ વ્યાસ, મનુભાઈ પાબારી, મીત સવજાણી, પ્રભુદાસભાઈ સવજાણી, વિગેરે સાથે શ્રી રામધૂન મંડળના સદસ્યો અને સામાજીક, ધાર્મિક સંસ્થાના આગેવાનોએ ઉપસ્થીત રહી, શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

# ખંભાળિયા પંથકમાં આતંક મચાવતી તસ્કર ગેંગના નવ શખ્સો સામે ગુજસીટોક હેઠળ કાર્યવાહી



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૭

ખંભાળિયા તાલુકાનું સલાયા ગામ કે જે દાયકાઓ પૂર્વે દાણચોરી જેવી અસામાજિક પ્રવૃત્તિઓના કારણે કુખ્યાત બની રહ્યું હતું. આ સાથે છેલ્લા કેટલાક સમયથી અહીં ડ્રગ્સ, મારામારી ઘરફોડ ચોરી, પોલીસ સાથે ઘર્ષણ, જુગાર જેવા ગુનાઓ સામે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયએ ગંભીરતાપૂર્વક કામગીરી કરી, અને કડક વલણ અખત્યાર કર્યા બાદ જુદા જુદા ગુનાઓ સાથે સંડોવાયેલા નવ શખ્સો સામે ગુજસીટોકના આકરા કાયદા હેઠળ કાર્યવાહી કરી હતી.

રાજ્યમાં સામાજિક તત્વો દ્વારા થતા ઓર્ગેનાઈઝડ ક્રાઈમને અટકાવવા માટે સરકાર દ્વારા ગુજસીટોક (ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ) નો કાયદો છેલ્લા આશરે નવ વર્ષથી અમલમાં મુકવામાં આવ્યો છે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લામાં આ પ્રકારના ગુનાઓ સામે એલસીબી પોલીસ દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. ગત તા. ૧૮ માર્ચ ૨૦૨૪ના રોજ ખંભાળિયા તાલુકાના સલાયા વિસ્તારમાંથી ઝડપાયેલા જથ્થા સંદર્ભે એન.ડી.પી.એસ.નો ગુનો નોંધાયો હતો. આ ગુના સંદર્ભે હાથ ધરવામાં આવેલી ખાનગી પોલીસ તપાસ અંતર્ગત સલાયા વિસ્તારમાં લૂંટ, ખૂનની કોશિશ, મારામારી, રાયોટીંગ, ઘરફોડ ચોરી, પોલીસ સાથે ઘર્ષણ, મારામારી, દારૂ, જુગાર જેવા ગંભીર પ્રકારના આશરે ૫૧ જેટલા ગુનાઓ ધરાવી અને અવિરત પણે છેલ્લા આશરે દસ વર્ષથી આ પ્રકારની અસામાજિક, ગુનાહિત પ્રવૃત્તિ આચરતી એક ઓર્ગેનાઈઝ સિન્ડિકેટ કાર્યરત હોવાનું પોલીસના ધ્યાને આવ્યું હતું. તેના મુખ્ય સૂત્રધાર તરીકે એજાજ રજાક સંઘાર અને રિઝવાન રજાક સંઘારના વડપણ હેઠળ સલાયા વિસ્તારમાં રહેતા વેપારીઓ તેમજ નગરજનોમાં આરોપીઓ દ્વારા ખૌફ ઉભો કરીને ગુનાહિત પ્રવૃત્તિઓ આચરીને આર્થિક અનુચિત લાભ મેળવતા હોવાનું ખુલવા પામ્યું હતું. આમ, ઓર્ગેનાઈઝ્ડ સીન્ડિકેટના આ શખ્સો સામે ગુજરાત કંટ્રોલ ઓફ ટેરોરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ એકટ (ગુજસીટોક) હેઠળ કાર્યવાહી કરી હતી. જેમાં પોલીસે આ ગુનામાં સલાયાના સંઘાર બંધુઓ રિઝવાન રજાક અને એજાજ રજાકના મુખ્ય સૂત્રધાર તરીકે રહી ચૂકેલા અન્ય મળતીયા આરોપીઓ અકરમ રજાક સંઘાર, અકબર રજાક સંઘાર, અસગર રજાક સંઘાર, શબ્બીરહુસેન ઉર્ફે ભૂરો ગુલામહુસેન સુંભણીયા, અબ્દુલ કરીમ ઉર્ફે કરીમ સલીમ કરીમ ભગાડ, જાવીદ આદમ જસરાયા અને જીલ ઉર્ફે જીલીયો કેતનભાઈ વાઘેલા નામના નવ શખ્સો સામે ગુજસીટોકના કાયદા હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. આ વચ્ચે ઉલ્લેખનીય છે કે રાજયમાં પ્રથમ વખત એન.ડી.પી.એસ. એક્ટના ગુના ઉપરથી ગુજસીટોક એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

આ સીન્ડીકેટના આરોપીઓને ઝડપી લેવા માટે સ્થાનિક ગુના શોધક શાખા ઉપરાંત એસ.ઓ.જી. વિભાગની પાંચ અલગ અલગ ટીમ દ્વારા વિવિધ દિશાઓમાં સંયુક્ત કામગીરી બાદ સલાયાના આરોપીઓ અકબર રજાક સંઘાર, અસગર રજાક, શબ્બીરહુસેન ઉર્ફે ભૂરો ગુલામહુસેન, અબ્દુલ કરીમ ઉર્ફે કરીમ સલીમ, જાવીદ આદમને લાંબી જહેમત બાદ ઝડપી લેવામાં સફળતા મળી હતી. જેમાં દરિયાના રસ્તે નાસી છૂટવાનો પ્રયત્ન કરનાર આરોપીનો પણ સમાવેશ થાય છે. આરોપીઓ દ્વારા પોતાનું કાયમી વર્ચસ્વ ટકાવી રાખવા નિર્દોષ લોકો સાથે ઝઘડો કરી, માર મારી ઈજાઓ પહોંચાડવાની તેમજ દુકાનેથી વસ્તુઓ લઈ અને પૈસા નહીં આપવા તથા નાર્કોટિકસને લગતા ગુનાઓ જેવી પ્રવૃત્તિઓ આચરી દાદાગીરી કરવામાં આવતી હોવાનું પણ પોલીસમાં ખુલવા પામ્યું છે. આ માટે આરોપીઓ તેઓ પાસે હથિયાર રાખી અને પોલીસ કાર્યવાહીમાં વિક્ષેપ કરવા ઉપરાંત પોલીસ સાથે ઘર્ષણ કરી અને પોલીસ ઉપર હુમલો કરી, મરચાની ભૂકીનો ઉપયોગ કરી લૂંટ ચલાવવા તેમજ ચોરી છુપીથી ગાંજા જેવા માદક પદાર્થોનું ગેરકાયદેસર વેચાણ કરવા જેવી અનેક અસામાજિક પ્રવૃત્તિઓ આચરવામાં આવતી હોવાથી આ ચોર ગેંગનો સ્થાનિક વિસ્તારમાં ખૂબ મોટા પ્રમાણમાં ખૂબ મોટા પ્રમાણમાં ખૌફ પ્રસરી રહ્યો હતો.

## જાહેર નોટીસ

મામલતદાર, જુનાગઢ ગ્રામ્યની કોર્ટમાં, તાલુકા સેવા સદન, સરદારબાગ, જુનાગઢ

નં. જન્મ-મરણ/નોંધણી કેસ નં.૧૯/૨૦૨૪

શ્રી રસીલાબેન મગનભાઈ હિરપરા,
રહે.સુખપુર, તા.જિ. જુનાગઢ

**વિષયઃ**- જન્મ-મરણ નોંધણી અધિકારીની કલમ-૧૩ (૩) મુજબની જન્મની નોંધ અંગેનો હુકમ કરવા બાબત.

આથી લાગતા વળગતા તમામને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર રસીલાબેન મગનભાઈ હિરપરા, રહે.શિવમ પાર્ક, દેશાઈ બ્લોક, અમરનગર રોડ, જેતપુર, તા.જેતપુર, જિ. રાજકોટ વાળાએ તેમના પિતા મગનભાઈ દેવજીભાઈ હિરપરાના અવસાન નોંધ (મરણ તા.૧૫/૦૫/૧૯૮૫) ગ્રામ પંચાયત કચેરી, સુખપુર, તા. જુનાગઢ ગ્રામ્ય જી. જુનાગઢમાં થયેલ ન હોય જન્મ-મરણ નોંધણી અધિકારી, ગ્રામ પંચાયત કચેરી, સુખપુર તા.જુનાગઢ ગ્રામ્ય કચેરીનાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરી આપવા અંગે અત્રેની કોર્ટમાં અરજદાર તરફથી અરજી કરવામાં આવેલ છે. આ અરજી અંગે કોઈપણ વ્યક્તિને વર-વાંધો કે તકરાર હોય તો તેણે જાતે અથવા તેના મુખત્યાર કે વકીલ મારફતે તા.૦૬/૦૬/૨૦૨૪ ના રોજ બપોરના ૧૬-૦૦ કલાકે અત્રેની કોર્ટમાં હાજર રહેશો. જેમાં કસુર થયેથી કોઈ વ્યક્તિને કોઈપણ પ્રકારનો વાંધો નથી તેવું માની આગળની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે.

આજરોજ તારીખઃ ૨૩, માહે-મે, ૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

સ્થળઃ- જુનાગઢ
તારીખઃ ૨૩/૦૫/૨૦૨૪

કચેરીનો સિકકો

(સહી-અવાચ્ય)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
અને
મામલતદાર, જુનાગઢ ગ્રામ્ય

# જૂનાગઢમાં ફાયર એનઓસી વિનાની સેંકડો બિલ્ડીંગો : જવાબદાર કોણ ?

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૨૭

જૂનાગઢ શહેરમાં આવેલા કેટલાક વેપારી સંકુલો, કેટલીક હોસ્પિટલો, ફરવા લાયક સ્થળો, જાહેર સ્થળો, હોટલો, ટયુશન કલાસીસ, શૈક્ષણીક સંસ્થાઓ સહિતના કેટલાક સ્થળો સલામતીના સાધનો વિના ધમધમી રહ્યા હોય તેનું સઘન ચેકિંગ કરી અને જવાબદારો સામે પગલા ભરવાની માંગણી ઉઠવા પામી છે. જૂનાગઢ શહેર જીલ્લાનું મુખ્ય મથક ઉપરાંત ઐતિહાસીક, સાંસ્કૃતિક, ધાર્મિક અને પ્રવાસનની દ્રષ્ટીએ અત્યંત મહત્વનું શહેર હોય આ શહેરમાં આવેલા જાહેર સ્થળો, ફરવા લાયક સ્થળો તેમજ મનોરંજનના અનેક સ્થળો આવેલા છે અને જૂનાગઢ શહેર ઉપરાંત દુર-દુરથી પ્રવાસી જનતા મોટી સંખ્યામાં આ પ્રવાસન સ્થળોની મુલાકાતે આવે છે અને પરિવારજનો સાથે ફરવાનો અને એક અન્યય સ્થળ નિહાળવાનો લ્હાવો મેળવે છે. પરંતુ હવે જૂનાગઢ શહેરના લોકો તેમજ પ્રવાસી જનતાને ગાફેલ રહેવું પરવડે તેમ નથી. મનોરંજનના સ્થળો તેમજ ફરવા લાયક સ્થળોએ જતા પહેલા ત્યાં સલામતીની કેવી વ્યવસ્થા છે અને સંભવિત કોઈ દુર્ઘટના બને તો તેની સામે તત્કાલ મદદ મળી શકે તેમ છે કે નહી તે વિચારવાનો સમય આવી ગયો છે. જૂનાગઢ શહેરમાં સેંકડો બિલ્ડીંગો એવી છે કે જયાં ફાયર એનઓસી જ ન હોવાની વ્યાપક ફરીયાદો છે અને આ અંગે તપાસ કરી અને તેમનાં સામે કડક પગલાની પણ માંગ ઉઠી છે.

રાજકોટ ખાતે ગેમઝોનમાં બનેલી દર્દનાક ઘટનાએ ૩૩ જીંદગીને હોમી દીધી છે અને આ બનાવના કારણો, તારણો, ઉચ્ચતરીય તપાસ અને સહાય જાહેર કરવામાં આવી રહી છે અને હાલ તો દોષારોપણ અને તપાસનો ભારે ધમધમાટ ચાલી રહ્યો છે. સમગ્ર ગુજરાતનું ધ્યાન આ ઘટના ઉપર જ કેન્દ્રીત થયેલું છે. આવા બનાવો શા માટે બને છે તેવા સવાલોના જવાબ માત્ર એટલો જ છે કે આવા બનાવોનું મુખ્ય કારણ ઘોરબેદરકારી તેમજ પૈસાના લાલચું વ્યસાયકારોએ આડેધડ પોતાના ધંધાઓ ખોલી નાખી અને અનેક લોકોની જીંદગીનો મોતનો પરવાનો ખોલી નાખ્યો હોય તેવું લાગે છે. ગુજરાતનું અગ્રણી કક્ષાનું કહી શકાય તેવું રાજકોટ શહેર કે જયાં ઉચ્ચ કક્ષાના નેતાઓના પણ વસવાટ છે તેમજ રાજકોટની પ્રજા પણ ખુબ જ જાગૃત હોય તેમ કહેવાય છે પરંતુ રાજકોટના કાલાવડ રોડ ઉપર આવેલ ટીઆરપી ગેમ ઝોન છેલ્લા ચાર વર્ષથી ધમધમી રહ્યું હતું અને તેમ છતાં તેની કાયદેસરતાને પડકારવામાં આવી ન હતી. એટલું જ નહી અગ્નિકાંડનો આ બનાવ બન્યો છે અને ત્યાર પછી જે વિગત બહાર આવી છે તેમાં થર્મોકોલથી આખું સ્ટ્રકચર બનાવવામાં આવેલ હતું તેમજ પેટ્રોલ અને ડિઝલનો જથ્થો પણ ત્યાં રહ્યો હતો તેવી સ્ફોટક વિગત બહાર આવી છે. ત્યારે એમ કહી શકાય કે આગને અને પેટ્રોલને બાજુમાં રાખ્યા હોય ત્યારે આવી અતિ દર્દનાક ઘટના બને છે. રાજકોટની આ ઘટના બાદ ગુજરાતના વિવિધ શહેરોમાં તંત્ર સફાળુ જાગી ગયું છે અને ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે અને તેમાં પણ ચોંકાવનારી વિગત આવી રહી છે. ત્યારે જાહેર સ્થળો, ફરવા લાયક સ્થળો, રમત-ગમત માટેના ગેમઝોન, બહુમાળી બિલ્ડીંગો, મોલ વિગેરેમાં કાયદાનું કોઈ પાલન થતું નથી, મંજુરી પણ લીધી ન હોય, એનઓસી પણ ન હોય, ફાયર સેફટીના સાધનોનો અભાવ હોય તેમ છતાં કોકની મીઠી નજર હેઠળ આવા ધામો ધમધમી રહ્યા છે. જૂનાગઢ શહેરની વાત કરીએ તો મનપાએ ચેકિંગ ઝુંબેશ હાથ ધરી અને જૂનાગઢ શહેરમાં આવેલ ચાર જેટલા ગેમઝોનને ક્ષતીઓના કારણે સીલ કરી દીધા છે અને કાર્યવાહી કરી છે અને આજે પણ અનેક વિસ્તારોમાં ચેકિંગની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

બીજી તરફ જૂનાગઢવાસીઓ માટે આ બાબત જ લાલબતી સમાન છે કે છેલ્લા કેટલાક સમયથી જૂનાગઢના વિવિધ વિસ્તારોમાં ગેમઝોન ચાલી રહ્યા હતા એ ગેમઝોનની મુલાકાતે જૂનાગઢ શહેરના લોકો કે તેમના બાળકો ગયા જ હશે અને છેલ્લા કેટલાય સમયથી પોપાબાઈના રાજની માફક બધુ ચાલતું હશે પરંતુ કોઈએ આજ દિવસ સુધી તપાસની કામગીરી હાથ ધરી ન હતી અને ઘોરબેદરકારી તંત્રની જોવા મળી રહી છે.

આ ઉપરાંત પણ જૂનાગઢ શહેરમાં વિવિધ વિસ્તારોમાં આવેલી મુખ્ય બજારો કે જયાં સતત ટ્રાફિક રહેતો હોય છે ઉપરાંત આ બજારો અત્યંત સાંકળી છે જેથી કોઈ બનાવ વખતે મદદ કઈ રીતે પહોંચી શકે તે મુશ્કેલજનક પ્રશ્ન છે. આ ઉપરાંત જૂનાગઢ શહેરમાં એવી અનેક ઈમારતો આવેલી છે કે જયાં ફાયર સેફટી કે એનઓસી ન હોવાની ચર્ચા અને ફરિયાદો છે. તેમજ કેટલી હોટલોમાં પણ સુરક્ષાના સાધનોનો અભાવ હોવાની સાથે રાજકોટમાં પણ જે સ્ટ્રકચર સામે આવ્યું છે તેવું સ્ટ્રકચર અહીં પણ જોવા મળે છે ત્યારે આ તમામ બાબતો ગંભીર વિચારણા માંગી લે છે અને સંબંધિત તંત્રએ તપાસ કરવાની જરૂર છે. દરમ્યાન આવા કોઈ સ્થળે જતા પહેલા જૂનાગઢવાસીઓએ સલામતીની વ્યવસ્થા અંગે પણ હવે જાગૃત થવાનો સમય આવી ગયો છે. સલામતીના સાધનોના અભાવ વાળા કોઈ સ્થળોએ ન જવું એ જ શહેરીજનોને માટે હિતાવહ છે તેવું જાણકારોનું કહેવું છે.

## રાજકોટ ખાતે સર્જાયેલ અગ્નિકાંડનાં બનાવ અંગે કડક તપાસનો આદેશ

### તંત્ર દ્વારા તટસ્થ કામગીરી કરી જવાબદારો સામે પગલા ભરવા માંગ

જૂનાગઢ તા. ૨૭


રાજકોટમાં ટીઆરપી ગેમઝોન ખાતે સર્જાયેલા અગ્નિકાંડમાં ૩૩ જીંદગીઓ હોમાઈ ગઈ છે. આ દુર્ઘટના અંગે કડક તપાસનાં આદેશો જારી કરવામાં આવ્યા છે. અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાનાં આદેશો છુટયા છે. આ ઉપરાંત અન્ય શહેરોમાં બનેલી દુર્ઘટનાઓ અંગે જે તે વખતે કડક તપાસનાં આદેશો જારી કરેલ છે. તપાસની કામગીરી થોડો સમય ચાલતી હોય છે અને સમય જતાં લોકો પણ ભુલી જતા હોય છે. અને કડક તપાસનાં આદેશો હોવા છતાં પણ તંત્ર દ્વારા કોઈ અસરકારક કામગીરી કરવામાં ન આવતી હોવાની વ્યાપક ફરીયાદો ઉઠવા પામી છે. અને આ સત્ય પણ છે જ ! ત્યારે રાજકોટ ખાતે સર્જાયેલા આ અગ્નિકાંડનાં બનાવમાં કોઈપણ જાતની શેહશરમ રાખ્યા વિના તંત્ર તટસ્થ કામગીરી નિભાવે તેવી માંગ છે.

# જૂનાગઢના ચાર ગેમઝોનને સીલ કરતું મનપા તંત્ર

**કમિશ્નર ડો. ઓમ પ્રકાશની સુચના અંતર્ગત ગઈકાલે રવિવારે મનપાની ટીમોએ શહેરી વિસ્તારમાં ચાલતા ગેમઝોનનું કર્યુ સઘન ચેકિંગ : ક્ષતીઓ બહાર આવતા કડક કાર્યવાહી**







(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૭

જૂનાગઢ મહાનગરપાલિકા તંત્ર દ્વારા ગઈકાલે રવિવારના દિવસે જૂનાગઢ શહેરી વિસ્તારમાં ચાલતા ગેમઝોન ઉપર તવાઈ ઉતારી હતી અને તપાસણી અને સઘન ચેકિંગ હાથ ધરી અને ક્ષતીગ્રસ્ત ગેમઝોન સામે નોટિસો ફાળવવામાં આવી છે તેમજ ચાર ગેમ ઝોનને સીલ કરી નાખવામાં આવ્યા છે. રાજકોટ ખાતે ગેમીંગ ઝોનમાં બનેલા અગ્નિકાંડના બનાવમાં બાળકો સહિત ૩૩ જેટલા લોકો જીવતા ભુંજાઈ ગયાની ઘટનાને પગલે હાહાકાર મચી જવા પામ્યો છે અને સમગ્ર ગુજરાતને હચમચાવી નાખ્યું છે. આ ઘટનાની કાલીમા ભુંસાઈ નથી ત્યાં જ દિલ્હીના વિવેક વિહારમાં આવેલી એક ચાઈલ્ડ હોસ્પિટલમાં પણ ભીંસણ આગ લાગી અને આ આગમાં નવ નવજાત શીશુના મૃત્યુંના બનાવો બન્યા છે. સમગ્ર ગુજરાત આવી દર્દનાક ઘટનાને કારણે દુઃખના સાગરમાં ડુબી ગયેલ છે. દરમ્યાન રાજકોટ ગેમીંગ ઝોનની બનેલી દુર્ઘટનાને ધ્યાને લઈ તાત્કાલીક અસરથી અન્ય શહેરોમાં પણ જાહેર સ્થળો, ફરવા લાયક સ્થળો કે ગેમીંગ ઝોન વિગેરે સ્થળો ઉપર સઘન ચેકિંગ હાથ ધરવામાં આવેલ છે. આ દરમ્યાન જૂનાગઢ મહાનગરપાલિકાના કમિશ્નર ડો. ઓમ પ્રકાશની સુચના અંતર્ગત જૂનાગઢ શહેરી વિસ્તારમાં ચાલતા ગેમ ઝોનમાં સઘન ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી અને ચાર ગેમ ઝોન સીલ કરી નાખવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. આ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર, રાજકોટ ખાતે ગેમીંગ ઝોનમાં થયેલ અકસ્માતને ધ્યાને લઈ ગઈકાલે રવિવાર તા.૨૬-૫-૨૦૨૪ના રોજ મનપાના કમિશ્નર ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષ સ્થાને જૂદા જૂદા વિભાગો સાથે બેઠક યોજઈ હતી. જૂનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ ગેમઝોન (૧) સુરજ ફન વર્લ્ડ એમ્યુઝમેન્ટ પાર્ક, કોલેજ રોડ, જૂનાગઢ, (૨) સુરજ સીનેપ્લેક્ષ, કોલેજ રોડ, જૂનાગઢ, (૩) હોટલ ફર્ન, ગીરનાર દરવાજા, જૂનાગઢ, (૪) ગેમર્સ પોઈન્ટ, ઉપરકોટ, જૂનાગઢની ચકાસણી મહાનગરપાલિકા, પોલીસ વિભાગ, પી.જી.વી.સી.એલ., મામલતદાર કચેરીના અધિકારીઓ દ્વારા કરવામાં આવેલ ચકાસણી દરમ્યાન ધ્યાને આવેલ બાબતો અન્વયે સુરજ ફન વર્લ્ડ એમ્યુઝમેન્ટ પાર્ક, કોલેજ રોડ, જૂનાગઢમાં ટોરા ટોરા, હોન્ડા રાઈડ ડીસ્મેન્ટલ કરી દુર કરવામાં આવેલ છે. બાકીની ૧૩(તેર) રાઈડ એમ્યુઝમેન્ટ પાર્કના મેનેજમેન્ટ દ્વારા ચાર્ટડ એન્જીનીયર મારફત રી-ઈન્સ્પેકશન કરાવી રીર્પોટ રજૂ કર્યા બાદ ચાલુ કરવામાં આવશે તેમ જણાવેલ છે. તેમજ ફાયર સેફટી અંગે આપવામાં આવેલ એન.ઓ.સી.ની મુદત પૂર્ણ થયેલ છે. શોપ એન્ડ એસ્ટાબ્લીસ્મેન્ટ એકટ તથા વ્યવસાય વેરા અન્વયે રજીસ્ટ્રેશન થયેલ નથી. બિલ્ડીંગ યુઝ સર્ટીફીકેટ તથા સ્ટ્રકચર સ્ટેબીલીટી સર્ટીફીકેટ રજૂ કરેલ નથી. જે ધ્યાને લઈ આ જગ્યાને સીલ કરવામાં આવેલ છે. વધુમાં સુરજ સીનેપ્લેક્ષ, કોલેજ રોડ, જૂનાગઢમાં આવેલ રોયલ ગેમ ઝોન ફાયર એન.ઓ.સી. ધરાવતા ન હોય, શોપ એન્ડ એસ્ટાબ્લીસ્મેન્ટ એકટ અન્વયે સૂરજ સીનેપ્લેક્ષનું રજીસ્ટ્રેશન થયેલ ન હોય તેમાં આવેલ રોયલ ગેમ ઝોનનું શોપ એન્ડ એસ્ટાબ્લીસ્મેન્ટ એકટ તથા વ્યવસાયવેરા હેઠળ રજીસ્ટ્રેશન થયેલ ન હોય તેમજ કલેકટર કચેરી પાસેથી ગેમઝોન ચલાવવા બાબતેનો પરવાનો સંચાલક ધ્વારા મેળવવામાં આવેલ ન હોવાથી આ જગ્યાને મહાનગરપાલિકા જૂનાગઢ તથા મામલતદાર દ્વારા સીલ કરવામાં આવેલ છે. હોટલ ફર્ન, ગીરનાર દરવાજા, જૂનાગઢ પાસે શોપ એન્ડ એસ્ટાબ્લીસ્મેન્ટ એકટ અન્વયે રજીસ્ટ્રેશન ન હોય જે ધ્યાને લઈ કાયદાની જોગવાઈ અનુસાર નોટીસ આપવામાં આવેલ છે. કલેકટર કચેરી પાસેથી ગેમઝોન ચલાવવા બાબતનો પરવાનો સંચાલક દ્વારા મેળવવામાં આવેલ ન હોવાથી સબંધીત જગ્યા મામલતદાર દ્વારા સીલ કરવામાં આવેલ છે. ગેમર્સ પોઈન્ટ, ઉપરકોટ, જૂનાગઢમાં ગેમ ઝોનનું ફાયર એન.ઓ.સી. મેળવેલ ન હોય શોપ એન્ડ એસ્ટાબ્લીસ્મેન્ટ એકટ તથા વ્યવસાયવેરા અન્વયે ગેમ ઝોનનું રજીસ્ટ્રેશન થયેલ ન હોય, તેમજ કલેકટર કચેરી પાસેથી ગેમઝોન ચલાવવા બાબતનો પરવાનો સંચાલક દ્વારા મેળવવામાં આવેલ ન હોવાથી સબંધીત જગ્યા મહાનગરપાલિકા, જૂનાગઢ તથા મામલતદાર કચેરી દ્વારા સીલ કરવામાં આવેલ છે. વધુમાં લોકોની વધુ અવર-જવર વાળા સ્થળો (૧) ડી-માર્ટ, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ, (૨) રિલાયન્સ ટ્રેન્ડસ મોલ, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ, (૩) રિલાયન્સ ડીઃડીટલ, ઝાંઝરડા રોડ, જૂનાગઢ, (૪) રિલાયન્સ સુપર માર્કેટ, મોતીબાગ રોડ, જૂનાગઢ, (૫) ક્રોમા મોલ, ટીંબાવાડી શેડ, જૂનાગઢ, (૬) વી-માર્ટ મોલ, તળાવ દરવાજા, જૂનાગઢ, (૭) જયશ્રી સીનેમા, તળાવ દરવાજા, જૂનાગઢ, (૮) રોપ વે, ભવનાથ, જૂનાગઢ, (૯) સકકરબાગ, રાજકોટ રોડ, જૂનાગઢ, (૧૦) મ્યુઝીયમ, સરદારબાગ, જૂનાગઢ તથા શહેરમાં આવેલ હોસ્પીટલો, કોલેજો, શાળા વિગેરેની ચકાસણીની કાર્યવાહી કરવામાં આવનાર છે.


## રાજકોટ અગ્નિકાંડનાં હતભાગી મૃતકોને આજે સાંજે જૂનાગઢમાં શ્રધ્ધાંજલી આપવામાં આવશે

જૂનાગઢ તા. ૨૭

રાજકોટનાં ભયાનક અગ્નિકાંડમાં મોતને ભેટેલા ૩૨થી વધુ હતભાગી મૃતકોનાં આત્માની શાંતિ માટે આજે જૂનાગઢ શહેરમાં નાગરીકો દ્વારા કાળવા ચોક ખાતે શ્રધ્ધાંજલી અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવશે. કાળવા ચોક સ્થિત ગીરધર કોલ્ડ્રીંકસ પાસે સાંજનાં ૭.૩૦ કલાકે શ્રધ્ધાંજલી કાર્યક્રમ યોજાશે. જેમાં નાગરીકોએ ઉપસ્થિત રહેવા વિનંતી કરવામાં આવી છે.

# ભવનાથમાં ચાલતી રાઈડ તાત્કાલીક બંધ કરાવી





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૭

રાજકોટની આગની દુર્ઘટના બાદ તકેદારીના પગલારૂપે જૂનાગઢ શહેરમાં પણ મનપા તંત્ર દ્વારા સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. એટલું જ નહી જયાં મનોરંજનના સાધનો હોય ત્યાં પણ ચેકિંગ હાથ ધરી તાત્કાલીક અસરથી આવા ઝોન બંધ કરાવવામાં આવેલ છે. ભવનાથ ક્ષેત્રમાં જીલ્લા પંચાયત ગેસ્ટહાઉસ સામે આવેલ મેદાનમાં રમત-ગમતના સાધનો સાથે ચાલતી રાઈડના સ્થળે તપાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી અને તાત્કાલીક અસરથી રાઈડ બંધ કરી દેવામાં આવી હતી તેમ તંત્ર દ્વારા જાણવા મળે છે.

# રૂા.3 કરોડના ખર્ચે નવનિર્મીત પામેલા જૂનાગઢ મનપા સંચાલિત સ્વિમીંગ પુલ ખાતે પોલીસ બંદોબસ્ત ગોઠવવાની માંગણી



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૭

જૂનાગઢ મનપા સંચાલિત સ્વિમીંગ પુલ રૂા.૩ કરોડના ખર્ચે નવનિર્માણ પામ્યો છે અને આ સ્વિમીંગ પુલનું કાયદેસર રીતે ઉદઘાટન પણ થયું નથી. દરમ્યાન આ સ્વિમીંગ પુલના રિનોવેશન બાદ આજીવન સભ્યો માટે સ્વિમીંગ પુલ ખોલી નાખવામાં આવ્યો છે અને માસિક તથા વાર્ષિક સભ્યો માટે મનપાએ ફોર્મ લેવાની કામગીરી શરૂ કરી હતી. આ દરમ્યાન આ સ્વિમીંગ પુલની છેલ્લા કેટલાક દિવસોથી દુર્દશા થઈ રહેલી હોવાના બનાવો બનવા પામેલ છે. મહિલાના બેચના સમયે મોટી સંખ્યામાં પુરૂષ યુવાનો સ્વિમીંગ પુલમાં ધુબાકા મારી રહ્યા છે અને તેને રોકવા માટે કોઈ સિકયુરીટી પણ નથી ત્યારે ૩ કરોડના ખર્ચે નિર્વાણ પામેલા આ સ્વિમીંગ પુલના જાળવણી માટેની માંગણી કરવામાં આવી છે તેમજ પોલીસ બંદોબસ્તની માંગણી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. આ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર, જૂનાગઢ મહાનગરપાલિકા સંચાલિત સ્વિમીંગ પુલમાં આવારા તત્વોની રંજાડ અને ઘુંસપેઠ વધી ગઈ હોવાની વ્યાપક ફરિયાદ ઉઠી છે. દરમ્યાન આ બાબતે એ ડિવીઝન પોલીસને અરજી કરી જાણ કરાઈ છે. સાથે મહિલા પોલીસ બંદોબસ્તની માંગણી કરવામાં આવી છે. જૂનાગઢ શહેરના ટાઉન હોલ પાસે મહાનગરપાલિકા સંચાલિત સ્વિમીંગ પુલ આવેલો છે. થોડા સમય પહેલા જ શરૂ થયેલા સ્વિમીંગ પુલમાં અનેક લોકો સ્નાનની મજા માણવા તેમજ સ્વિમીંગ શિખવા માટે આવે છે. દરમ્યાન આ સ્વિમીંગ પુલ ઉપર આવારા તત્વોનો ત્રાસ પણ વધી રહ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. આ અંગે મહાનગરપાલિકાના વોટર વર્કસ શાખાના કાર્યપાલક ઈજનેર અલ્પેશ ચાવડાએ જણાવ્યું હતું કે, બપોરના ૧ થી ૪ દરમ્યાન સ્વિમીંગ પુલ બંધ રખાય છે. ત્યારે આ સમયે જ આવારા તત્વોનું ટોળું ઝાળી ટપીને અંદર ઘુંસી ગયું હતું. ટોળાએ ઝાળી કાઢી નાંખી હતી. આ રીતે ટોળું ઘુંસી ગયાની જાણ થતા તુરત જ ૧૦૦ નંબર ડાયલ કરી પીસીઆર વાન બોલાવાઈ હતી. પોલીસે આવીને બધાને બહાર કાઢ્યા હતા. બાદમાં આ મામલે એ ડિવીઝનમાં લેખીત અરજી આપી આવારા તત્વો સામે કાર્યવાહી કરવાની માંગ કરાઈ છે. સાથે મહિલા પોલીસ બંદોબસ્તની પણ માંગણી કરાઈ છે. આ ઉપરાંત અહિં સીસીટીવી કેમેરા પણ લાગેલા છે. માટે જરૂર પડ્યે પોલીસને સીસીટીવી ફૂટેજ પણ તપાસ માટે અપાશે.

# ભેસાણ તાલુકાના કરીયા ગામે સિંહે વૃધ્ધ ઉપર હુમલો કરતા ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર અપાઈ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૭

ભેસાણ તાલુકાના કરીયા ગામે એક ખેતરમાં શનીવારે સાંજે પાંચ વાગ્યાના અરસામાં મારણ ઉપર બેઠેલા એક સિંહની બીજા લોકો રાડો પાડીને પજવણી કરતા હતા. રાડો સાંભળીને બાજુના ખેતરમાં કામ કરતા એક વૃધ્ધ ત્યાં જોવા જતા સિંહે તેના ઉપર હુમલો કરી તેમનો પગ પકડીને બચકા ભરી લેતા તેને સારવાર માટે જૂનાગઢ સિવીલમાં ખસેડવામાં આવ્યા હતા. ભેસાણ તાલુકાના કરીયા ગામે સીમમાં વાડી ધરાવતા ધીરૂભાઈ વાળા (ઉ.વ.૬૫) નામના વૃધ્ધ શનિવારની સાંજે પાંચ વાગ્યાના અરસામાં પોતાની જ વાડીમાં પક્ષીઓ અને પ્રાણીઓને પાણી પીવા માટે બનાવેલા કુંડામાં પાણી ભરી રહ્યા હતા એ વખતે ત્યાં નજીકમાં જ સિંહે એક પશુનું મારણ કર્યુ હતું. આથી બીજા લોકોએ હાકોટા અને રાડો પાડી સિંહની પજવણી શરૂ કરી હતી. આથી સિંહ ભડકયો હતો અને દોડીને પગમાં બચકા ભરી લીધા હતા. આથી તેમને સારવાર માટે ૧૦૮માં જૂનાગઢ સિવીલમાં ખસેડાયા હતા જયાં તેમના પુત્રએ સમગ્ર ઘટના વર્ણવી હતી. બનાવ અંગે વન વિભાગે જવાબદારો સામે કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
Kelvinator
બીના ઈલેકટ્રોનિકસ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.